MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૧૬-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 રાજ્યમાં કોરોના સંકટઃ વધુ ૫૬ કેસ પોઝિટિવ, કુલ સંખ્યા ૬૯૫

3 કોરોના મહામારીના ઇલાજ માટે દુનિયાભરમાં ૭૦ વેક્સિનો બનાવવાનું કામ ચાલુ

7 મુખ્યમંત્રી રૂપાણી સંપૂર્ણ સ્વસ્થઃ એક અઠવાડિયા સુધી કોઇ મળી નહિ શકે

12 નર્મદા જિલ્લામાં કોરોનાના ૨ કેસ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયુંઃ માસ્ક પહેરવું ફરજીયાતઃએક

લૉકડાઉનમાં કેન્દ્ર સરકારે શરતો સાથે ગાઇડલાઇન બહાર પાડી

લૉકડાઉન પાર્ટ-૨ : જાહેરસ્થળો અને કામની જગ્યાએ માસ્ક ફરજિયાત

ખેડૂતો સહિત આવશ્યક સેવાઓને અપાઇ છૂટછાટ,બેન્ક-એટીએમ સેવા કાર્યરત રહેશેઃ રાજ્યોની સીમાઓ પર પ્રતિબંધ યથાવત્,એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અને એક રાજ્યથી બીજા રાજ્યમાં જવા પર પ્રતિબંધ, હેલ્થ સર્વિસ ચાલુ રહેશે, સ્કૂલ, કૉલેજો, કોચિંગ ક્લાસ, જીમ, શોપિંગ મોલ, થીયેટર, હોટલો બંધ જ રહેશે

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઇકાલ ૧૪મીએ ૨૧ દિવસના લોકડાઉનમાં વધારો કરવાની જાહેરાતની સાથે લોકડાઉનમાં અપાનારી કેટલીક છૂટછાટ માટેની ગાઇડલાઇનનો ઉલ્લેખ કર્યો હતો. જે મુજબ કેન્દ્ર સરકાર દ્વારા આજે બુધવારે લોકડાઉનની ગાઇડલાઇન જાહેર કરવામાં આવી હતી. જેમાં જાહેર જગ્યાઓ અને કામ કરવાની જગ્યાએ માસ્ક પહેરવો જરૂરી હોવાનું જાહેર કરીને કોરોનાને રોકવા જાહેર સ્થળોએ થૂંકનારને સજા અને દંડની કડક જોગવાઇની બાબતનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારે બુધવારે લોકડાઉનની નવી ગાઇડલાઇન જાહેર કરી દીધી છે. તેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, જાહેરા જગ્યાઓ અને કામ કરતાં હોવ તે જગ્યાઓ પર માસ્ક પહેરવો ફરજિયાત છે. જો કોઈ નાગરિક જાહેર જગ્યાએ થૂંકતા ઝડપાશે તો તેમના માટે સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવાર ૧૪ એપ્રિલના રોજ દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન વધુ ૧૯ દિવસ લંબાવીને હવે ૪૦ દિવસનું કરી નાંખ્યું છે. તેમણે કહ્યું હતું કે, આ વખતે લોકડાઉનમાં બહાર નીકળવાના નિયમો ખૂબ કડક છે. જો કે જ્યાં કોરોના નહીં ફેલાયો હોય ત્યાં ૨૦ એપ્રિલ પછી અમુક શરતોએ છૂટછાટ આપવામાં આવશે. જો કે, જરૂરી સેવા માટે લોકોને બહાર જવાની મંજૂરી હશે. ઉપરાંત ખેતીના કામો માટે છૂટછાટ મળશે. દરમ્યાનમાં, દેશમાં આગામી એક અઠવાડીયા માટેની તૈયારીઓને લઈ ઉંડાણ પૂર્વક મંથન થશે. દેશમાં હાલ કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૧૦ હજાર પણ વધી ગઈ છે. વિતેલા બે દિવસમાં પ્રતિ દિવસ ૧ હજારના આંકડાઓ આવી રહ્યા છે. દુનિયાના અનેક દેશોમાં ૧૦ હજારની સંખ્યા પહોંચતા સ્થિતી ખતરનાક બને છે. ત્યારે આવા સમયે સરકારે ચોક્કસપણે કડક આદેશો અને નિયમો લેવા પડે છે. જેનો પ્રસ્તાવ સ્વાસ્થ્ય વિભાગ અને ગૃહવિભાગે કરી લીધો છે. વડાપ્રધાને એવું પણ કહ્યું છે કે, જે જગ્યાઓ હોટસ્પોટમાં ફેરવાય તેવી શંકા છે ત્યાં કડક નજર રાખવામાં આવશે. તેથી આગામી એક સપ્તાહ સુધી કડક વલણ અપનાવવામાં આવશે. ૨૦ એપ્રલ સુધી દરેક શહેર, જિલ્લા અને રાજ્ય પર કડક નજર રાખવામાં આવશે.

હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ ઝોન વિશે ગાઈડલાઈન આ મુજબ છે

- ★ કોરોના વાઈરસના ઈન્ફેક્શનને વધારતા વિસ્તારોને ભારત સરકારના સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી નક્કી કરેલી ગાઈડલાઈન પ્રમાણે હોટસ્પોટ જાહેર કરવામાં આવ્યા છે.
- ★ રાજ્ય, કેન્દ્ર શાસિત પ્રદેશ અને જિલ્લા પ્રશાસને તેમની ગાઈડલાઈન પ્રમાણે હોટસ્પોટ અંતર્ગત આવતા વિસ્તાકોને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવા.
- ★ કન્ટેન્ટમેન્ટ ઝોનની અંદર કોઈ પણ પ્રકારની ગતિવિધિન ન થઈ શકે.
- ★ કન્ટેન્ટમેન્ટ ઝોનની મર્યાદામાં આવતા વિસ્તારોને કડક રીતે નિયંત્રણમાં લેવા જોઈએ.
- ★ મેડિકલ અને કાયદો-વ્યવસ્થા જેવી જરૂરી સેવાઓને છોડીને કન્ટેન્ટમેન્ટ ઝોનની અંદર અને બહાર લોકોને મૂવમેન્ટ નહીં કરવા દેવામાં આવે....

આ સુવિધાઓ ૩ મે સુધી રહેશે બંધ

- ★ દરેક પ્રકારની ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ રદ
- ★ દરેક પેસેન્જર ટ્રેન બંધ
- ★ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ઉપયોગમાં લેવાતી બસો બંધ
- ★ મેટ્રો રેલ સેવાઓ બંધ
- ★ મેડિકલ કારણોને બાદ કરતાં કોઈ પણ વ્યક્તિ એક જિલ્લામાંથી બીજા જિલ્લા કે રાજ્યમાં મૂવમેન્ટ નહીં કરી શકે
- ★ દરેક પ્રકારના એજ્યુકેશન, ટ્રેનિંગ અને કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ બંધ
- ★ મંજૂરી મળ્યા સિવાયના દરેક પ્રકારના કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ ગતિવિધિઓ બંધ
- ★ મંજૂરી મળ્યા સિવાયની હોસ્પિટાલિટી સેવાઓ બંધ રહેશે
- ★ ઓટો રિક્શા, સાઈકલ રિક્શા, ટેક્સી અને કેબ સેવા બંધ રહેશે
- ★ દરેક સિનેમા હોલ, શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્સ, જિમ, સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, સ્વીમિંગ પુલ, પાર્ક, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ અને તેના જેવી દરેક તમામ જગ્યાઓ બંધ રહેશે.
- ★ દરેક પ્રકારના સામાજિક, રાજકીય, સ્પોર્ટ્સ, મનોરંજન, એકેડેમિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સમારોહ અને મેળાને મંજૂરી નહીં મળે.
- ★ સામાન્ય જનતા માટે દરેક ધાર્મિક સ્થાન અને ઈબાદત સ્થળ બંધ રહેશે. ધાર્મિક કાર્યક્રમો સંપૂર્ણ રીતે બંધ રાખવામાં આવશે.

ગાઈડલાઈનમાં બેંક-એટીએમ અંગેની સુચના

- RBI અને RBI રેગ્યુલેટેડ ફાઈનાન્સિયલ માર્કેટ્સ સિવાય NPCL, CCIL પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સ અને સ્ટેન્ડઅલોન પ્રાઈમરી ડીલર્સ પોતાના કામ પહેલાની જેમ જ કરતાં રહેશે.
- બેંક બ્રાંચ, ATM, પોસ્ટલ સર્વિસ પણ પહેલાંની જેમ જ ચાલું રહેશે. બેંકિંગ ઓપરેશન્સ માટે IT વેન્ડર્સ પણ પોતાનું કામ કરશે.
- તો DBT(ડાયરેક્ટ બેનિફિટ ટ્રાંસફર)નું કામ પુરુ થવા પર સામાન્ય વર્કિંગ અવરના હિસાબથી જ કામ થશે,
- લોકલ એડમિનિસ્ટ્રેશન બેંકનાં બ્રાંચમાં પર્યાપ્ત સુરક્ષાકર્મીઓ આપવામાં આવશે. તેના સિવાય બેંકની બ્રાંચોમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પુરતું ધ્યાન રાખવામાં આવશે.
- તો સેબી, કેપિટલ અને ડેટ માર્કેટનું કામ પણ પહેલાની જેમ ચાલુ રહેશે.
- IRDA અને ઈન્સ્યોરન્સ કંપનીઓનું કામ પણ પહેલાની જેમ ચાલું રહેશે.
- આ નિયમો તે જ વિસ્તારમાં લાગુ થશે જ્યાં કોરોના સંક્રમણવાળું અને હૉટસ્પોટ જાહેર કરવામાં આવ્યુ ન હોય. જો ૨૦ એપ્રિલ બાદ કોઈ વિસ્તારને હોટસ્પોટ જાહેર કરાશે તો તે વિસ્તારમાં બેંકિંગ કાર્ય પ્રભાવિત થઈ શકે છે. તેના સિવાય ગૃહમંત્રાલયે ૨૦ એપ્રિલે શરતોની સાથે કૃષિ, મત્સ્ય સાથે જોડાયેલાં કારોબાર ખોલવાની પરવાનગી આપી છે.

ગાઈડલાઈનમાં આ પણ છે અગત્યનું

- લોકડાઉનમાં કામ કરનારનો વીમો ફરજિયાત
- ક્વોરેન્ટાઈનમાં નિયમોનુ ઉલ્લંઘન કરનાર વ્યક્તિ પર આઈપીસીની કલમ ૧૮૮ હેઠળ કાર્યવાહી
- કોઈ ઈમરજન્સીમાં ઘરેથી નિકળવુ પડે તો ફોર વ્હીલરમાં ડ્રાઈવર અને અન્ય એક વ્યક્તિ બેસી શકશે.
- ટુ વ્હીલર પર એક જ વ્યક્તિ બેસી શકશે.
- ખેતી માટેના ઉપકરણો અને તેના સમારકામ માટેની દુકાનો ખુલ્લી રહેશે. બિયારણ અને જંતુનાશક દવાઓનુ વેચાણ થઈ શકશે. કાપણી માટેની મશીનો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં મોકલી શકાશે.
- ગ્રામીણ વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગોને છુટ અપાઈ છે. મનરેગા હેઠળ મજૂરો કામ કરી શકશે પણ સોશ્યલ ડિસ્ટન્સિંગ જરુરી છે.
- ઓઈલ અને ગેસ સેક્ટરના ઓપરેશન ચાલુ રહેશે.
- હોસ્પિટલ, નર્સિંગ હોમ, ડિસ્પેન્સરી, દવાની દુકાનો, મેડિકલ લેબ ખુલ્લા રહેશે. બેંક એટીએમ કાર્યરત રહેશે. એલપીજી અને પેટ્રોલ ડિઝલ સપ્લાય ચાલુ રહેશે.
- જીવન જરુરી વસ્તુઓનુ ટ્રાન્સપોર્ટેશન ચાલુ રહેશે. એક ટ્રકમાં બે ડ્રાઈવર અને એક હેલ્પર બેસી શકશે. હાઈવે પર ઢાબા ખુલ્લા રાખી શકાશે. ટ્રકના સમારકામ માટેની દુકાનો ખુલ્લી રહેશે.
- અનાજ કરિયાણા, ફળ, શાકભાજી, માછલી, પોલ્ટ્રી , મિલ્ક બૂથ વગેરે દુકાનો ખુલ્લી રાખી શકાશે.
- સરકારી ઓફિસો બંધ રહેશે. સિવાય કે ડિફેન્સ, પોલીસ, ટ્રેઝરી, હોમ ગાર્ડ, સિવિલ ડિફેન્સ, ફાયર બ્રિગેડ, વીજળી, પાણી સપ્લાય સેવાઓ
- આઈટી કંપનીઓ ૫૦ ટકા વર્કફોર્સ સાથે જોખમ વગરના વિસ્તારમાં કામ કરી શકશે. ઈ કોમર્સ કંપનીઓ પરવાનગી લઈને વેપાર કરી શકશે.
- સિક્યોરિટી સર્વિસને પણ કાર્યરત રાખી શકાશે.

આ વાયરસથી ૧૩૦ લોકો સ્વસ્થ થયા

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૧,૪૦૦ને પાર: ૩૭૭થી વધુના મોત

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧૧ હજારને પાર કરી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અંદાજે ૭૦૦ નવા કેસો સામે આવ્યાં છે. સ્વાસ્થ્ય વિભાગના રિપોર્ટ પ્રમાણે, હાલ દેશમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસોનો આંકડો ૧૧૪૩૯ થઈ ગયો છે. દેશમાં અત્યાર સુધી આ જીવલેણ વાઈરસે ૩૭૭ લોકોનો જીવ લીધો છે, જ્યારે આ બીમારીથી ૧૩૦૬ લોકો સ્વસ્થ થઈ ચૂક્યાં છે.

કોરોના વાઈરસથી સૌથી વધુ અસરગ્રસ્ત મહારાષ્ટ્ર છે. અહીં અત્યાર સુધીમાં ૨૬૮૭ કેસો સામે આવી ચૂક્યાં છે, જ્યારે ૧૭૮ લોકો મોતને ભેટ્યા છે. બીજા નંબર પર દિલ્હી છે. જ્યાં ૧૫૬૧ પોઝિટિવ કેસો સામે આવ્યા છે અને ૩૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં માત્ર ૫૧ નવા કેસો સામે આવ્યા છે.

ત્રીજા નંબર પર તમિલનાડુ છે. જ્યાં ૧૨૦૪ કેસો સામે આવી ચૂક્યા છે અને ૧૨ લોકો મોતને ભેટ્યા છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં અત્યાર સુધી ૪૮૩ કેસ (૯ના મોત), આંદામાન-નિકોબારમાં ૧૧ કેસ, અરૂણાચલ પ્રદેશમાં ૧, અસમમાં ૩૨ (૧નું મોત), બિહારમાં ૬૬ કેસ (૧નું મોત) ચંદીગઢમાં ૨૧ પોઝિટિવ કેસો નોંધાઈ ચૂક્યાં છે.

આ ઉપરાંત છત્તીસગઢમાં ૩૩, ગોવામાં ૭, ગુજરાતમાં ૬૫૦ (૨૮ના મોત),

અનુ. પાના નં. ૬ પર

વિશ્વની મહાસત્તા ગણાતા યુએસમાં કોરોના બેકાબૂ

અમેરિકામાં એક જ દિવસમાં કોરોનાએ ૨૪૦૦નો ભોગ લીધો



વિવાદ માટે આ યોગ્ય સમય નથીઃ યુએન

યુનાઈટેડ નેશન્સના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટરેસે કહ્યું કે, આ પ્રકારના વિવાદો માટે આ યોગ્ય સમય નથી. જ્યારે ડબલ્યૂએચઓ મહામારીનો સામનો કરવામાં ખૂબ મહેનત કરી રહ્યુ છે. આ સમય એકતાનો છે. વૈશ્વિક સમુદાયે આ મહામારી સામે એક થઈ લડવું પડશે જેનાથી નુકસાન ઓછું કરી શકાય. જોકે, ડબલ્યૂએચઓ તરફથી ટ્રમ્પના આ નિર્ણય પર કોઈ સતાવાર પ્રતિક્રિયા આવી નથી.

કોરોના વાયરસથી અત્યાર સુધી ૨૬૦૦૦થી વધુના મોત,સંક્રમિતોનો આંકડો ૬ લાખને પાર : ડબલ્યુએચઓને મળી ચીનની તરફદારી કરવાની સજાઃ અમેરિકાએ ફંડ અટકાવ્યુ

વૉશિંગ્ટન

ચીનને ચેતવણી અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું ફન્ડિંગ રોકવાના અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયની વચ્ચે દેશમાં ફરી એકવાર કોરોના સંક્રમણના જવા કેસ ઝડપથી નોંધાઈ રહ્યા છે. મંગળવાર અમેરિકા માટે ઘણો ખરાબ દિવસ પુરવાર થયો અને દેશભરમાં કોરોના સંક્રમણના લગભગ ૨૭૦૦૦ નવા કેસ સામે આવ્યા. માત્ર એટલું જ નહીં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણની ઝપટમાં આવેલા ૨૪૦૩ લોકોનાં મોત થયા છે.

તેની સાથે જ અમેરિકામાં કોરોનાથી થનારા મોતની સંખ્યા હવે ૨૬૦૪૭ થઈ ગઈ છે.

અમેરિકામાં ભયંકર રૂપ ધારણ કરી ચૂકેલો કોરોના વાઈરસથી પ્રભાવિત થનારા લોકોની સંખ્યા ૬૦૦૦૦૦ની પાર પહોંચી ચૂકી છે. જૉન હોપકિન્સ યુનિવર્સિટી દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે, દેશમાં અત્યાર સુધી કુલ ૬.૦૩ લાખ લોકો કોરોનાનો શિકાર બન્યા છે.

જણાવી દઈએ કે દેશમાં ૨૬ હજાર ૪૭ લોકોમાં ન્યુયોર્ક સિટીમાં સૌથી વધુ મોત થયા છે. ન્યૂયોર્કમાં અત્યાર સુધીમાં ૧૦ હજાર ૮૩૪ લોકોનાં મોત નીપજ્યાં છે. શહેરમાં પણ ચેપના સૌથી વધુ ૨ લાખ ૩ હજાર ૧૨૩ કેસ છે.

અમેરિકા કોરોના વાયરસથી પરેશાન છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ડબલ્યુએચઓનું ફન્ડિંગ રોકવાની જાહેરાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે ડબલ્યુએચઓ પર કોરોના બીમારીને છૂપાવી રાખવાનો આરોપ લગાવ્યો છે. ચીનથી શરૂ થયેલા કોરોના વાયરસે આખા અમેરિકામાં હાહાકાર મચાવ્યો છે. આ બીમારીને કારણે અમેરિકામાં ૨૫,૦૦૦થી વધારે મોત થયા છે. જ્યારે બીજી તરફ કોરોના બીમારીને ફેલાતી રોકવા માટે વિશ્વ આરોગ્ય સંગઠનની ભૂમિકાને લઈને અમેરિકા ગુસ્સામાં છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ડબલ્યુએચઓ પર ચીનની તરફેણ કરવાનો આરોપ લગાવી ચુક્યા છે. સાથે જ તેમણે ફન્ડિંગ રોકવાની પણ ધમકી આપી હતી.

અનુ. પાના નં. ૬ પર

કુલ મૃત્યુઆંક ૩૦,અમદાવાદમાં સૌથી વધુ ૪૦૪ કેસ પોઝિટિવ નોંધાયા

રાજ્યમાં કોરોના સંકટઃ વધુ ૫૬ કેસ પોઝિટિવ,કુલ સંખ્યા ૬૯૫

ગાંધીનગર

ગુજરાતમાં આજે ગઈકાલ રાતથી આજ સવાર સુધી વધુ ૫૬ કેસ નવા નોંધાયા છે. જેમાંથી સૌથી વધારે ૪૨ કેસ અમદાવાદ જિલ્લામાં સામે આવ્યા છે. આ ઉપરાંત સુરતમાંથી ૬, વડોદરામાંથી ૩, બોટાદમાંથી ૧, પંચમહાલમાંથી ૩, ખેડામાંથી ૧ કેસ સામે આવ્યો છે. અત્યાર સુધીનો કુલ આંક ૬૯૫એ પહોંચ્યો છે. ૩૦ લોકોના મોત થયા છે. અમદાવાદના કોટ વિસ્તારમાં જ સૌથી વધુ કેસો નોંધાયા હોવાની માહિતી મળી છે. જેને લઈને અમદાવાદમાં અત્યાર સુધી કુલ ૪૦૪ કેસ નોંધાયા છે. વડાપ્રધાનએ ૩જી મે સુધી લોકડાઉનને લંબાવ્યુ છે. જ્યારે એકલા અમદાવાદમાં જ ૪૦૪ કેસ નોંધાયા છે. અમદાવાદના કોટ વિસ્તારમાં આજથી કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સ્થિતિની વાત કરીએ તો વેન્ટીલેટર પર ૮ દર્દીઓ છે, અને ૫૯૮ દર્દીઓ સ્ટેબલ છે. આ સાથે હોસ્પિટલમાંથી ૫૯ લોકોને ડીસ્ચાર્જ કરાયા છે અને ૩૦ લોકોના મૃત્યું થયા છે. અમદાવાદમાં આજે ૪૨ નવા કેસો સામે આવ્યા છે. જેમાં ૨૪ પુરુષ અને ૧૮ મહિલાઓનો સમાવેશ થાય છે. સુરતમાં નવા ૬ કેસમાં ૫ પુરુષો અને ૧ મહિલાનો સમાવેશ થાય છે. વડોદરામાં નવા ૩ કેસોમાં ૩ પુરુષોનો છે, જ્યારે બોટાદમાં એક, પંચમહાલમાં ત્રણ અને ખેડામાં ૧ નવો કેસ સામે આવ્યો છે.



રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં લેબોરેટરીમાં ટેસ્ટ કરાયાની વાત કરીએ તો, ૨૩૫૪ ટેસ્ટ કરાયા છે, તેમાં ૨૨૬૮ લોકોના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધી કુલ ૧૭૩૩૪ લોકોના ટેસ્ટ કરાયા છે, તેમાં ૬૯૫ પોઝિટીવ અમને ૧૬૬૩૧ લોકો નેગેટીવ છે. બોટાદ શહેરમાં કોરોના પોઝિટિવનો પહેલો કેસ નોંધાયો છે. જિલ્લામાં કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. ૮૦ વર્ષના વૃદ્ધને કોરોના થયો છે. જિલ્લા કલેક્ટર દ્વારા માહિતી આપવામાં આવી છે.

આઠ દર્દીઓ વેન્ટિલેટર પર,૫૯૮ દર્દીઓની હાલત સ્થિર,૫૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા

આણંદના ખંભાતમાં કોરોનાના વધુ ૭ લોકોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે. અલિંગ વિસ્તારના એક સાથે ૭ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રે કામગીરી હાથધરી છે. આજે ત્રણ બાળકો સહિત ૭ લોકોના રિપોર્ટ પોઝિટવ આવ્યા. હાલમાં તમામ દર્દીઓની જનરલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

દાહોદમાં કોરોનાનો વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે. ગરબાડાના ભીલવા ગામના યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવતા ઘરના ૧૨ સભ્યોને ક્વોરોન્ટાઈન કરાયા છે. દર્દીના સંપર્કમાં આવેલા ૬ લોકોના પણ સેમ્પલ લેવામાં આવ્યા છે. ત્યારે હવે તંત્ર દ્વારા ૬ વિસ્તારોમાં પણ તપાસ હાથધરાઈ છે. આજે એક કેસ નોંધાતા દાહોદમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા ૩એ પહોંચી છે.

ડભોઈના મહા ડી ભાગોળના પુરૂષનો કોરોના પોઝિટિવ. ૫૨ વર્ષીય પૂરૂષનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. ડભોઈમા અત્યાર સુધી કોરોનાનો એક પણ કેસ ન હતો. વડોદરામાં કોરોના ન દર્દીની સંખ્યા વધી ને ૧૧૭ થઈ.

રાજકોટમાં વધુ ૩ પોઝીટીવ કેસ સામે આવ્યા છે. જંગલેશ્વર વિસ્તારમાંથી જ વધુ ૩ પોઝીટીવ કેસ નોંધાયા છે. રાજકોટ પોઝિટિવ કેસનો આંક ૨૧ પર પહોંચ્યો છે. ૩ પૈકી ૨ કેસ કલ્સટર ક્વોરન્ટાઈન વિસ્તારમાં સામે આવ્યા છે. જ્યારે ૧ કેસ પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતી ચેપ લાગ્યો છે. હાલ કુલ ૧૩ પોઝિટિવ દર્દી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે ૮ દર્દી રિકવર થતા સારવાર માંથી રજા આપવામાં આવી છે



રાજ્યમાં કોરોના કેસો સૌથી વધુ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. કોટ વિસ્તાર અને દાણીલીમડામાં કેસોની સંખ્યા વધુ હોવાથી આજથી કોટ વિસ્તાર અને દાણીલીમડા સહિત ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરફ્યુ લગાવવામાં આવ્યો છે. વહેલી સવારથી સ્થાનિક પોલીસ અમે ઈછલ્લ, મ્જીલ્લની ટીમોએ પેટ્રોલિંગ શરૂ કર્યું છે. મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. કોટ વિસ્તારમાં જવાના તમામ રસ્તા પર બેરીકેડ લગાવી બ્લોક કરી દેવામાં આવ્યા છે. કોટ વિસ્તારમાં અંદરના ભાગમાં પોલીસ ચુસ્ત પેટ્રોલિંગ કરી રહી છે. સવારથી કોઈ વ્યક્તિ બહાર જોવા મળી નથી.

દુકાળમાં અધિક માસઃ દિલ્હીમાં સ્કૂલોએ ફી વધારાની જાહેરાત કરી

ન્યુ દિલ્હી

કોરોનાને કારણે જાહેર કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન બાદ દેશમાં નિર્માણ પામેલી ભયજનક પરિસ્થિતિ વચ્ચે વાલીઓ સ્કૂલો દ્વારા ફી માફ કરવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે ત્યારે અનેક સ્કૂલોએ ફીવધારાની જાહેરાત કરતા વાલીઓની સમસ્યામાં વધારો થયો છે.

વાલીઓ માનવસંસાધન અને વિકાસ ખાતાને આ મામલે ઑનલાઈન ફરિયાદ કરવાનું આરંભી દીધું છે અને સ્કૂલો ફરી ન ખૂલે ત્યાં સુધી આ સત્રમાં ફીવધારો ન કરવાનો સ્કૂલોને આદેશ આપવાની માગણી કરી છે. ગુજરાત સરકારે સોમવારે જાહેરાત કરી હતી કે ખાનગી શાળાઓ એક વર્ષ સુધી ફીવધારો નહીં કરે.

૫. બંગાળે પણ સ્કૂલોને ફીવધારો કરવાથી દૂર કરવાની અપીલ કરી છે. જોકે, દિલ્હી-એનસીઆરમાં ફીવધારા અંગે કોઈ સ્પષ્ટ સૂચનો આપવામાં નથી આવ્યાં.

જનજીવન સામાન્ય ક્યારે બનશે? ક્યારે અમે ફરી કામ પર લાગીશું એ અંગે અચોક્કસતા પ્રવર્તી રહી હોવા વચ્ચે અમને સ્કૂલ તરફથી ફીવધારા અંગે જાણ કરવામાં આવી છે ત્યારે અમે કઈ રીતે આ સમસ્યાનો ઉકેલ લાવીશું એ પ્રશ્ન છે એમ જણાવતાં એક વાલીએ કહ્યું હતું કે હાલની પરિસ્થિતિમાં સ્કૂલ તરફથી જાહેર કરવામાં આવેલા ફીવધારાથી અમે ખૂબ જ ગુસ્સામાં છીએ. રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સરકારે સ્કૂલોને લૉકડાઉન દરમિયાન વાલીઓને ફી ભરવાની ફરજ ન પાડવાની જાહેરાત કરી છે.

વરસાદનું પ્રમાણ ૧૦૦ ટકા રહેશે,પાંચ ટકા વધઘટની શક્યતા

દેશમાં આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેશેઃ હવામાન વિભાગની આગાહી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના ફેલાવાને કારણે છેલ્લા એક મહિનાથી હેરાન-પરેશાન થઈ રહેલા ભારતવાસીઓ માટે રાહતના સમાચાર છે કે આ વર્ષે નૈઋત્યનું ચોમાસું નોર્મલ રહેશે એવી ભારતીય હવામાન વિભાગે આજે આગાહી કરી છે.

કેન્દ્રના અર્થ સાયન્સીસ મંત્રાલયના સચિવ માધવન રાજીવને અહીં પત્રકારોને કહ્યું હતું કે આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય રહેશે. સમગ્ર ચોમાસાની દ્રષ્ટિએ વરસાદનું પ્રમાણ ૧૦૦ ટકા રહેશે, પાંચ ટકા વધઘટની શક્યતા રહી શકે.

કેન્દ્ર સરકાર હસ્તકના ભારતીય હવામાન વિભાગના અનુમાન મુજબ આ વર્ષે દેશમાં ચોમાસું સરેરાશ અથવા સામાન્ય રહેશે અને કુલ વરસાદ ૯૬-૧૦૪ ટકા જેટલો પડશે. ચાર મહિનાની ચોમાસાની મોસમનો આરંભ જૂન મહિનાથી થશે.

ચાર મહિનાનું ચોમાસું ૧ જૂનથી શરૂ થશે અને ૩૦ સપ્ટેંબર સુધી ચાલશે. ૧ જૂને કેરળમાં ચોમાસું બેસતું હોય છે અને તે બાદમાં ધીમે ધીમે આખા દેશમાં આગળ વધતું હોય છે.

ગયા વર્ષે ચોમાસું સફળ રહ્યું હતું અને વરસાદ ખૂબ પડ્યો હતો. ૧૯૯૪ની સાલ બાદ છેલ્લા ૨૫ વર્ષમાં સૌથી વધારે વરસાદ ગયા વર્ષે પડ્યો હતો. ગયા વર્ષનું ચોમાસું નોર્મલથી વધારે રહ્યું હતું.

ભારતનું અર્થતંત્ર ૫૦ ટકાથી વધારે ખેતીવાડી પર નિર્ભર રહેતું હોવાથી ચોમાસું સારું જાય એ ખૂબ જરૂરી હોય છે.

વિશ્વમાં કુલ ૧.૨૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યો, ૨૦ લાખ લોકો સંક્રમિત

કોરોનાથી ઈટાલી, ફ્રાંસ, સ્પેનમાં ૫૫ હજારથી વધુ લોકોના મોત

૨૪ કલાકમાં વિશ્વભરમાં ૭૪ હજાર નવા કેસ નોંધાયા અને સાત હજાર લોકોના મોત થયા,બીજા વિશ્વયુદ્ધમાં લડનાર ૯૯ વર્ષના સૈનિકે કોરોનાને હરાવ્યો

વૉશિંગ્ટન

વિશ્વભરમાં કોરોનાના ૨૦ લાખ કેસ થઈ ગયા છે. અત્યારસુધીમાં ૧.૨૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે. ચાર લાખ ૭૮ હજાર ૯૩૨ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. વિશ્વના અન્ય દેશની સરખામણીમાં અમેરિકાની સ્થિતિ ખરાબ છે. અહીં ૨૪ કલાકમાં ૨૪૦૩ લોકોના મોત થયા છે. અમેરિકામાં કુલ ૬.૧૪ લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૬ હજાર ૪૩ લોકોએ જીવ ગુમાવ્યા છે.

૨૦ લાખ કુલ કેસમાંથી યુરોપમાં ૯.૩૭ લાખ કેસ નોંધાયા છે અને ૮૪ હજાર લોકોએ જીવ ગુમાવ્યા છે. ઈટાલી, ફ્રાન્સ અને સ્પેનમાં અત્યારસુધીમાં ૫૫ હજાર ૫૧ લોકોના જીવ ગયા છે.



આ ત્રણેય દેશમાં ૨ લાખ ૮ હજાર ૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. સ્પેનની વાત કરીએ તો અહીં કુલ કેસ ૧.૭૪ લાખ નોંધાયા છે. જ્યારે ૧૮ હજાર ૨૫૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઈટાલીમાં ૧.૬૨ લાખ લોકો કોરોના સંક્રમિત છે, જ્યારે ૨૧ હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે.

બીજા વિશ્વયુદ્ધમાં લડનાર ૯૯ વર્ષના સૈનિક ઈર્માડો પિવેટાએ કોરોના વાઈરસને હરાવ્યો છે, તેઓને મંગળવારે હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. પિવેટાએ બ્રાઝીલની સેનામાં સેકન્ડ લેફ્ટનેન્ટ તરીકે સેવા આપી હતી.આઠ દિવસની સારવાર પછી તેમને આર્મીની હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી.

ઈટાલીમાં છેલ્લા બે દિવસમાં વધારો થયો છે. અહીં ૨૪ કલાકમાં ૬૦૨ લોકોના જીવ ગયા છે. અહીં સોમવારે ૫૬૬ અને રવિવારે ૪૩૧ લોકોના મોત થયા હતા. દેશમાં કુલ મૃત્યુઆંક ૨૧ હજાર ૬૭ લોકોના મોત થયા છે. કુલ પોઝિટિવ કેસ ૧ લાખ ૬૨ હજાર ૪૮૮ છે.

રોયટર્સ મુજબ ફ્રાન્સના વિદેશ મંત્રીએ પેરિસ સ્થિત રાજદૂતને સમન્સ મોકલ્યું છે. તેઓએ આરોપ લગાવ્યો છે કે ચીનની વેબસાઈટ્સ પર સતત બીજા લેખો પ્રકાશિત કરાયા, જેમા કોરોના સંકટને લઈને યુરોપની ટિક્કા કરાઈ હતી.પ્રકાશિત લેખમાં કહેવામાં આવ્યું હતું કે પશ્ચિમી દેશોએ પોતાના વડિલોને નર્સિંગ હોમમાં મરવા માટે છોડી દીધા છે.

અત્યાર સુધી સાત લોકો મોતને ભેટ્યા ધારાવીમાં વધુ પાંચ લોકો કોરોના પોઝિટિવ, ઝુપડપટ્ટીમાં સંખ્યા ૬૦ને આંબી

મુંબઈ

મુંબઈના સ્લમ વિસ્તાર ધારાવીમાં બુધવારે વધુ પાંચ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ સાથે જ ઝુપડપટ્ટી વિસ્તારમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા ૬૦ને આંબી ગઈ હોવાનું બીએમસીના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

ધારાવમીમાં થયેલા કુલ પાંચ કેસ પૈકી ત્રણ પુરૂષ અને બે મહિલા છે જે મુકુંદ નગર વિસ્તારમાં રહે છે. આ તમામનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ધારાવી અત્યંત ગીચ વિસ્તાર છે અને ત્યાં કોરોના પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલા તેમજ સ્નેહીજનોનું કોન્ટેક્ટ ટ્રેસિંગ કરીને હાલ ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું હોવાનું બીએમસીના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું. ધારાવીમાં અત્યાર સુધીમાં કોરોનાની લપેટમાં આવ્યા બાદ સાત દર્દીઓએ દમ તોડ્યો છે.

ધારાવી એશિયાની સૌથી મોટી ઝુપડપટ્ટી વસાહત તરીકે ઓળખ ધરાવે છે. અગાઉ અહીં રહેતા એક તબીબનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

મૌલાના સાદનો ક્વોરન્ટાઈન સમય પૂર્ણઃ હવે પોલીસ કાર્યવાહી કરશે

ન્યુ દિલ્હી

દેશભરમાં કોરોનાવાયરસ ફેલાવતા મૌલાના સાદનો ક્વોરન્ટાઈન સમય પૂરો થઈ ગયો છે. હવે દિલ્હી પોલીસ ટૂંક સમયમાં કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. મૌલાના સાદને કારણે જ તબલીગી જમાતના લોકોએ દેશના વિવિધ રાજ્યોમાં જઈને કોરોનાનો ચેપ ફેલાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પોલીસે મૌલાના સાદને ૨ નોટિસ મોકલી હતી અને તેઓને તપાસમાં જોડાવા જણાવ્યું હતું. પરંતુ મૌલાનાએ પોતે સ્વતંત્ર હોવાના કહેતા તેઓએ આગળ આવવાની ના પાડી હતી. સાથે જ નોટિસના જવાબમાં, એમ કહેવામાં આવ્યું હતું કે મરકજ બંધ હતું જેથી વધારે જાણકારી આપી શકાય નહીં. ઉલ્લેખનીય છે કે દિલ્હી પોલીસે દરોડા પાડી તબલીગી જમાતના મરકજમાં ખૂબ જ મહત્વપૂર્ણ દસ્તાવેજો મેળવ્યા હતા અને તેમની તપાસ કરી હતી. હવે પોલીસ વહેલી તકે મૌલાના સદની ધરપકડ કરવા માંગે છે જેથી આ સમગ્ર મામલો વહેલી તકે ખુલાસો થશે.

ગત્ ફેબ્રુઆરીમાં ૨.૨૬ ટકા હતો

કોરોના કહેર વચ્ચે મોંઘવારીમાં રાહત, માર્ચમાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૧% થયો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની મહામારી દરમિયાન ચીજવસ્તુઓના જથ્થાબંધ ભાવમાં ઘટાડો નોંધાયો છે. જથ્થાબંધ ભાવાં એટલે કે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સની રીતે માર્ચ મહિનામાં ફુગાવાનો દર ઘટીને ૧ ટકા નોંધાયો છે જ્યારે ગત ફેબ્રુઆરીમાં તે ૨.૨૬ ટકા હતો. કોરોના વાયરસની મહામારીને લીધે દેશમાં ચાલુ રહેલા લોકડાઉનને પગલે પણ મોંઘવારી ઘટી છે.

સરકારી વિભાગ દ્વારા આજે જાહેર કરાયેલા આંકડા મુજબ ખાદ્ય ચીજવસ્તુઓમાં ફુગાવાનો દર માર્ચમાં ઘટીને ૪.૯૧ ટકા આવ્યો છે જે માર્ચમાં ૭.૭૯ ટકા હતો. કોરોના વાયરસની મહામારીને પગલે ૨૫ માર્ચથી જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનની અસર ચાલુ મહિના દરમિયાન અને આગામી મહિને પણ જોવા મળશે કારણ કે સરકારે લોકડાઉન હવે ૩ મે ૨૦૨૦ સુધી લંબાવી દીધું છે. શાકભાજીના ભાવમાં ફુગાવા માર્ચમં ઘટીને ૧૧.૯૦ ટકા આવ્યો છે જે ફેબ્રુઆરીમાં ૨૯.૯૭ ટકા હતા. જો કે આ સમયગાળામાં ડુંગળી મોંઘી થઈ છે. ઈંધણ અને વિજળીના ભાવવધારામાં પણ ૧.૭૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જ્યારે મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સના ભાવ માર્ચમાં ૦.૩૪ ટકાના દરે વધ્યા છે. સરકારે કહ્યું કે કોરોના વાયરસની મહામારીનો પ્રકોપ અને દેશવ્યાપી લોકડાઉનના કારણે આગામી સમયમાં માર્ચ મહિનાના મોંઘવારી દરમાં ફેરફાર કરવામાં આવી શકે છે.

નોંધનિય છે કે ખાણી-પીણીની ચીજો સસ્તી થવાથી માર્ચ મહિનામાં રિટેલ ફુગાવો ઘટીને ૫.૯૧ ટકા રહ્યો છે જે ચાર મહિનાનો સૌથી નીચો મોંઘવારી દર છે. ઉલ્લખનિય છે કે રિઝર્વ બેંક તેની ધિરાણનીતિ તૈયાર કરતી વખતે રિટેલ ફુગાવાને ધ્યાનમાં રાખે.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચ - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (સા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.accrr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
ના સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર

કોરોના મહામારીના ઈલાજ માટે દુનિયાભરમાં ૭૦ વેક્સિનો બનાવવાનું કામ ચાલુ



જિનિવા

આખા વિશ્વમાં કોરોના વાયરસનો કહેર ચાલી રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણના રોજ કેટલાય નવા કેસો વિશ્વભરમાંથી સામે આવી રહ્યા છે. તમામ દેશો કોરોના વાયરસની વેક્સિન શોધવાના કામમાં લાગ્યા છે. આના માટે કેટલાય પ્રયોગ અને શોધ કરવામાં આવી રહ્યા છે. ડબલ્યુએચઓના જણાવ્યા અનુસાર આ મહામારીના ઈલાજ માટે દુનિયાભરમાં ૭૦ વેક્સિનો બનાવવાનું કામ ચાલી રહ્યું છે કે જેમાં ત્રણ લોકો પર ટેસ્ટિંગ કરવામાં આવી ચૂક્યું છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર આ પ્રક્રિયામાં સૌથી આગળ હોંગકોંગની કેનસિગો બાયોલોજિક્સ છે કે જે કોરોના વાયરસની રસીની શોધમાં છે. તો બીજા નંબર પર બીજિંગ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બાયોટેક્નોલોજી છે. આ લિસ્ટમાં અમેરિકાની ઈનોવિઓ ફાર્માસ્યૂટિકલનો પણ સમાવેશ થાય છે કે જેમાં અત્યારે હ્યૂમન ટ્રાયલ ચાલી રહ્યું છે.

કોરોના વાયરસની રસી બનાવવામાં આ તમામ કંપનીઓ લાગી ગઈ છે. તેમનું માનવું છે કે કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે માત્ર લોકડાઉન જ પૂરતું નથી. ડ્રગ ઈન્ડસ્ટ્રી જલ્દીથી જલ્દી દવા બનાવવાનું કામ કરી રહી છે કે જેથી ૧ વર્ષની અંદર કોરોના વાયરસની દવા માર્કેટમાં ઉતારી શકાય.

મોટા અને નાના ડ્રગમેકર કોરોના વાયરસને લઈને વેક્સિન વિકસિત કરવાના પ્રયત્નોમાં જોડાઈ ગયા છે, કારણ કે કોરોના વાયરસને રોકવા માટે આ જ સૌથી પ્રભાવશાળી રીત હશે. ડબલ્યુએચઓ અનુસાર ફાઈજર ઈંક અને સનોફી જેવા ફાર્માસ્યુટિકલ દિગ્ગજો પાસે પ્રીક્લિનિકલ ચરણો માટે વેક્સિન ઉમેદવાર ઉપસ્થિત છે.

ચૂંટણી અધિકારીઓ ૧ વર્ષ સુધી પોતાના વેતનમાંથી ૩૦% સ્વૈચ્છિક કપાત કરશે

ન્યુ દિલ્હી

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વની જેમ જ દેશ પણ કોવિડ-૧૯ મહામારીના ભરડામાં ફસાયેલો છે. એ બાબત સ્પષ્ટ છે કે અન્ય સંસ્થાઓ સાથે મળીને સરકાર આ તેના ફેલાવાને અટકાવવા માટેના પ્રચંડ કાર્યમાં લાગેલી છે અને જાહેર આરોગ્ય તથા રાષ્ટ્રીય અર્થતંત્ર ઉપર તેની પડનારી અસરને ઘટાડવા અને તેનું વ્યવસ્થાપન કરવા માટે જુદા-જુદા પગલાઓ ભરી રહી છે. સરકાર અને સિવિલ સોસાયટી સંસ્થાનો દ્વારા લેવામાં આવી રહેલા વિવિધ પગલાઓ માટે બહોળા સંસાધનોની જરૂર પડે છે જેની માટે તમામ સ્રોતોમાંથી મળતું યોગદાન સહાયક બની શકે તેમ છે અને તેમાં સરકારી તિજોરી પર વેતનના ભારણને ઘટાડવાનો પણ સમાવેશ થાય છે. ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા ચૂંટણી પંચ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોરા અને ચૂંટણી અધિકારીઓ અશોક લવાસા અને સુશીલ ચંદ્રને ચૂકવવામાં આવતા બેસિક વેતનમાંથી ત્રીસ% સ્વૈચ્છિક કપાતના રૂપમાં ૧ એપ્રિલ, ૨૦૨૦ના રોજ શરુ કરીને એક વર્ષના સમયગાળા માટે યોગદાન આપવાનું નક્કી કર્યું છે.

નાગાલેન્ડમાં પીએમઓની દખલગીરીના ૫ કલાક બાદ ટેસ્ટિંગ સેન્ટરનું કામ શરૂ

મહારાષ્ટ્રમાં પ્રથમ કોરોના સ્પેશ્યલ હોસ્પિટલ પૂણેમાં તૈયાર થઈ



પૂણે

મહારાષ્ટ્રમાં પહેલી કોરોના સ્પેશ્યલ હોસ્પિટલ પૂણેમાં તૈયાર થઈ ગઈ છે. સસૂન હોસ્પિટલ પરિસરમાં આવેલી આ ૧૧ માળની ઈમારતનું નિર્માણ કાર્ય ૨૦૦૮ થી કામ ચાલી રહ્યું હતું. આ વર્ષે માર્ચ સુધી ૭૫ ટકા કામ પુરું થઈ ગયું હતું. બાકીનું એક વર્ષની અંદર થવાનું હતું. પરંતુ કોરોનાની ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને માત્ર ૧૫ દિવસમાં બાકીનું કામ પુરું કરી લીધું છે. હોસ્પિટલમાં ૭૦૦ બેડની વ્યવસ્થા છે, સોમવારે આમાં ૭૦થી વધું કોરોના દર્દીઓને શિફ્ટ પણ કરવામાં આવ્યા છે.

પીડબલ્યુડીના અધીક્ષક રાજેન્દ્ર રહાણએ જણાવ્યું કે, માર્ચમાં જયારે અમે આ ઈમારતના નિર્માણના કાર્યને વેગ આપવાનો નિર્ણય કર્યો, ત્યારે પ્લાસ્ટર, પેઈન્ટિંગ, પ્લમ્બર, લિફ્ટનું કામ બાકી હતું. સાફ સફાઈ, અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન, પાણીની પાઈપલાઈન, મેડિકલ ગેસની પાઈપલાઈન અને આ પ્રકારની અન્ય વ્યવસ્થાઓને યુદ્ધ સ્તરે પુરી કરવામાં આવી છે.લોકડાઉનના કારણે કામમાં અડચણ આવી રહી હતી તો ઘરે ઘરે જઈને લોકોને લાવવા અને ૧૫ દિવસની અંદર પેઈન્ટીંગ સાથે જ લિફ્ટ લગાવવાનું કામ પણ પુરુ કરવામાં આવ્યું હતું.

નાગાલેન્ડમાં બે દિવસ પહેલા કોરોનાનો પહેલો કેસ આવ્યો છે. ત્યારબાદ ત્યાંના ડોક્ટર પંકજ ગુમાએ દર્દીની કહાણીનો વીડિયો ટ્વીટર પર પોસ્ટ કર્યો હતો. તેમણે પીએમઓને પણ ટેગ કર્યો કે બે કલાકમાં જ તેમની પર ફોન આવ્યો હતો અને પાંચ કલાક બાદ જ દીમાપુર અને કોહિમામાં સેન્ટર બનાવવાની કવાયત શરૂ થઈ ગઈ. નાગાલેન્ડ સ્વાસ્થ્ય મંત્રી એસપી ફોમે જણાવ્યું કે, બે સેન્ટર બનાવાઈ રહી છે.

વિનય દુબે પર ભીડને ગેરમાર્ગે દોરવાનો આરોપ

બાંદ્રા સ્ટેશન પર મજૂરોની ભીડ એકઠી કરવાના આરોપ હેઠળ વિયન દુબેની ધરપકડ



મુંબઈ

મુંબઈના બાંદ્રા રેલ્વે સ્ટેશન પર પરપ્રાંતિય મજૂરોની ભારે ભીડ એકઠી કરવાના મામલામાં પોલીસે વિનય દુબે નામની વ્યક્તિની ધરપકડ કરી છે. વિનય દુબેની નવી મુંબઈ પોલીસે અટકાયત કરી હતી અને મુંબઈ પોલીસને હવાલે કર્યો હતો. લોકડાઉન વચ્ચે, વિનય દુબે પર ભીડને ગેરમાર્ગે દોરવાનો આરોપ છે.

વિનય દુબે 'ચાલો ઘર તરફ' અભિયાન ચલાવતો હતો. ફેસબુક પર શેર કરેલી પોતાની પોસ્ટમાં તેણે કહ્યું હતું કે ટીમ બાંદ્રામાં છે. આ કેસમાં પોલીસે એક હજાર લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે દુબે સામે આઈપીસીની કલમ ૧૧૭, ૧૫૩ એ, ૧૮૮, ૨૬૯, ૨૭૦, ૫૦૫ (૨) અને રોગચાળા અધિનિયમની કલમ ૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે મુંબઈના બાંદ્રા રેલ્વે સ્ટેશન પર પરપ્રાંતિય મજૂરોની ભારે ભીડ એકઠી થઈ હતી. આ બધા કામદારો ઘરે જવા સ્ટેશન પર પહોંચ્યા હતા. કામદારોને આશા હતી કે લોકડાઉન સમાપ્ત થઈ જશે. તેમને દૂર કરવા પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. જોકે, પરપ્રાંતિય મજૂરોને હવે ત્યાંથી હટાવી દેવાયા છે. લોકડાઉનને દેશભરમાં ૩ મે સુધી લંબાવી દેવામાં આવ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે આ ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

લૂડો રમતી વખતે ખાંસી આવતાં યુવકે કોરોના ફેલાવાની વાત કહી ગોળી મારી દીધી

નોઈડા

ઉત્તર પ્રદેશના નોઈડાના જારચા પોલીસ સ્ટેશનમાં મંગળવારે મોડી રાત્રે લૉકડાઉન દરમ્યાન લૂડો ગેમ રમતી વખતે એક વ્યક્તિને ખાંસી આવી હતી. જેની બાદ અન્ય યુવકે કોરોના ફેલાવાની વાત કહીને તેને ગોળી મારી દીધી હતી.

કોરોના વાયરસે સમગ્ર દુનિયામાં કહેર મચાવ્યો છે. દેશમાં લોકડાઉનને લીધે લોકો ઘરમાં રહેવા મજબૂર થયા છે. ત્યારે ગ્રેટર નોઈડામાં એક હચમચાવી દેનારી ઘટના બની છે. જેમાં મંગળવારે મોડી રાતે લોકડાઉન દરમિયાન ૪ મિત્રો લૂડો રમી રહ્યા હતા. આ દરમિયાન એક યુવકે બીજા યુવકે ગોળી મારી દીધી હતી.

ગંભીર હાલતમાં યુવકને ગ્રેટર નોઈડાના એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ અધિકારી રાજેશ કુમાર સિંહે જણાવ્યું કે દયા નગરમાં ગઈ રાતે જય, વીર ઉર્ફે ગુલ્લુ, પ્રવેશ અને પ્રશાંત ૪ મિત્રો મંદિર પાસે બેઠી લૂડો રમી રહ્યા હતા. આ દરમિયાન પ્રશાંતને ખાંસી આવી હતી. ત્યારે ગુલ્લુ અને તેના બીજા બે મિત્રોએ તેને કહ્યું કે તે ખાંસીને કોરોના ફેલાવી રહ્યો છે. આ વાતને મન પર લઈ મિત્રો વચ્ચે ઝઘડો થયો હતો. તેમણે જણાવ્યુ હતું કે ગુલ્લુએ ગુસ્સામાં આવી પ્રશાંત પર ગોળી ચલાવી દીધી હતી.

પગમાં ગોળી વાગતા ઘાયલ પ્રશાંત જમીન પર પછડાયા બાદ તળફળિયા મારી રહ્યો હતો. ગોળીના અવાજથી આસપાસના લોકો ઘટના સ્થળે ભેગા થઈ ગયા હતા. તેમજ ઘાયલ પ્રશાંતને હોસ્પિટલ દાખલ કર્યો હતો. ઘટના બાદ આરોપી યુવક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતો.

દવા જે દર્દીઓને અપાઈ તે લોકોને હૃદયની સમસ્યા થવા લાગી

બ્રાઝિલે ગેમ ચેન્જર દવા હાઈડ્રોક્સિક્લોરોક્વિન દવા પર પ્રતિબંધ મૂક્યો

બ્રાઝિલ


કોરોના વાયરસ સામેની લડતમાં વિશ્વવ્યાપી ચિંતા સાથે બ્રાઝિલમાં હાઈડ્રોક્સિક્લોરોક્વિન અને ક્લોરોક્વિનથી બ્રાઝિલમાં નિરાશા જોવા મળી છે. બ્રાઝિલના વૈજ્ઞાનિકોએ હવે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ 'ગેમચેન્જર' મેલેરિયા દવાના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે આ ચિકિત્સાના એક ચોથા ભાગને જેમને આ દવા પ્રયોગ તરીકે આપવામાં આવી હતી તે લોકોને હૃદયની સમસ્યા થવા લાગી.



અગાઉ, યુએસ પ્રમુખ ટ્રમ્પે ક્લોરોક્વિન અને તેના પ્રમાણમાં નવા સંસ્કરણ હાઈડ્રોક્સાયક્લોરોક્વિનને કોરોના વાયરસ સામેની લડતમાં ગેમ ચેન્જર ડ્રગ તરીકે વર્ણવ્યું હતું. બ્રાઝિલના રાષ્ટ્રપતિએ આ દવાને સંજીવની બુટી ગણાવીને પીએમ મોદીની તુલના હનુમાન સાથે કરી હતી. અગાઉના પરીક્ષણોમાં બહાર આવ્યું હતું કે આ દવા કોરોના વાયરસને કોષોમાં પહોંચતા અટકાવવામાં અસરકારક છે.

જો કે, આ દવા પહેલાથી જ ગંભીર આડઅસરો ધરાવે છે અને તે હૃદયના ધબકારાને અડચણ લાવે છે, જેનાથી તે માણસના અચાનક મૃત્યુ થાય છે. બ્રાઝિલના મનાઉસ શહેરમાં, કોરોનાથી ૪૪૦ ગંભીર રીતે બીમાર લોકોને ક્લોરોક્વિનના બે ડોઝ આપવામાં આવ્યા હતા, પરંતુ સંશોધનકારોએ કહ્યું કે આ દવા આપ્યા પછી માત્ર ૮૧ લોકો જ સાજા થયા. જે લોકોને ૧૦ દિવસ માટે દિવસમાં બે વખત ૬૦૦ મિલિગ્રામ ક્લોરોક્વિન આપવામાં આવે છે, તે લોકોને હૃદય કામ કરવામાં મુશ્કેલી આવે છે.

ફ્રાંસના વૈજ્ઞાનિકોનું સંશોધન ૬૦ ડિગ્રી તાપમાનમાં પણ કોરોના વાયરસ સંક્રમણ ફેલાવવા સક્ષમ



પેરિસ

આકરી ગરમીમાં કોરોના વાયરસ કેટલો સક્રિય રહી શકે છે તે બાબત પહેલેથી જ ચર્ચાનો વિષય બનેલી છે. હવે ફ્રાંસના વૈજ્ઞાનિકોના એક સંશોધનમાં એવી વાત સામે આવી છે કે, અત્યંત ઉંચા તાપમાનમાં પણ વાયરસ સક્રિય રહી શકે છે. દક્ષિણ ફ્રાસંની એક યુનિવર્સિટીના પ્રોફેસર રેમી શેરેલે પોતાની ટીમ સાથે કોરોના વાયરસનો ૬૦ ડિગ્રી ટેમ્પરેચરમાં ટેસ્ટ કર્યો હતો.

લગભગ એક કલાક બાદ પણ કોરોનાના કેટલાક પ્રકારના વાયરસ સંક્રમણ ફેલાવવા માટે સક્ષમ હતા.આમ ૬૦ ડિગ્રી ટેમ્પરેચરમાં પણ વાયરસ નિષ્ક્રિય થયો હોય તેવુ બન્યુ નહોતુ. આ સંશોધન ભારતના લોકોની અપેક્ષાઓને ઝાટકો લગાડનારુ છે.ભારતમાં એવુ મનાતુ હતુ કે ઉનાળની આકરી ગરમીમાં વાયરસની અસર ઓછી થશે.

ફ્રાંસના વૈજ્ઞાનિકોએ આ સંશોધનમાં આફ્રિકામાં જોવા મળતા વાંદરાઓની એક પ્રજાતિના કિડની સેલ્સને કોરોનાથી સંક્રમિત કર્યા હતા. માટે બર્લિનના એક દર્દીના શરીરમાંથી કોરોના વાયરસ લેવામાં આવ્યો હતો.

વાયરસ ચોખ્ખા માહોલમાં તો નિષ્ક્રિય થઈ ગયો હતો પણ ગંદકીભર્યા માહોલમાં રખાયેલો વાયરસ થોડો નબળો પડ્યો હતો આમ છતા તે કોરોના ફેલાવવા માટે સક્ષમ હોવાનુ વૈજ્ઞાનિકોના ધ્યાનમાં આવ્યુ હતુ.

મેઘાલયમાં કોરોના પોઝિટિવ દર્દીનું મોતઃ પૂર્વોત્તરમાં અત્યાર સુધી ૨ના મોત

શિલોંગ

કોરોના વાઈરસનો કહેર અટકવાનું નામ લઈ રહ્યો નથી. ન માત્ર ભારત પરંતુ દુનિયાના વધુ દેશો આ વાઈરસનો કહેર સહન કરી રહ્યા છે. હવે મેઘાલયમાં કોરોનાના એક માત્ર દર્દીનું મોત થતાં વિસ્તારમાં ભયનો માહોલ છવાયો છે. પૂર્વોતર રાજ્ય મેઘાલયના એક માત્ર કોવિડ પોઝિટિવ ૧૯ ૬૯ વર્ષીય ડૉકટરનું બુધવારે મોત થયું છે. તેનું નિધન શિલાંગની બેથની હોસ્પિટલમાં થયું છે.

મેઘાલયના સ્વાસ્થય પ્રધાન એએલ હેકે રાજ્યના એક માત્ર દર્દીના મોતની પુષ્ટિ કરતા જણાવ્યું કે, રાજ્યના એક વરિષ્ઠ ડૉકટરનું બુધવારે લગભગ સવારે ૨ કલાકે મોત થયું છે.

મેઘાલયના સ્વાસ્થય પ્રધાને કહ્યું કે, અમે પહેલા જ બેથની હોસ્પિટલને સીલ કરી છે અને હોસ્પિટલના અન્ય રોગીઓ, ડૉકટર્સ, નર્સ અને હોસ્પિટલના અન્ય સ્વાસ્થય કર્મચારીઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

લોકડાઉન ખોલો,મારો પતિ વારંવાર સેક્સની માંગણી કરે છેઃ મહિલાની આજીજી

આક્રા

કોરોના વિરુદ્ધ લડતના કારણે લાગુ થયેલા લોકડાઉનના કારણે સામાન્ય જનજીવન જાણે થંભી ગયું છે. બીજી બાજુ મહિલાઓ તો અલગ જ પ્રકારના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. જે મહિલાઓના પતિ પાસે ઘરે રહીને કઈ કામ હોતું નથી તે વારંવાર સેક્સ માટેની ડિમાન્ડ કરતા જોવા મળી રહ્યાં છે. દિવસ રાત વારંવાર સેક્સની ડિમાન્ડથી પરેશાન એક મહિલાએ સોશિયલ મીડિયામાં પોતાના ગુસ્સો ઠાલવ્યો છે. આફ્રિકી દેશ ઘાનાની આ મહિલાએ પોતાની હૈયાવરાળ કાઢતા સરકારને લોકડાઉન ઉઠાવવાની અપીલ પણ કરી નાખી છે.

ટ્વીટર સહિત અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાઈરલ થઈ રહેલા એક વીડિયોમાં મહિલા કહેતી જોવા મળે છે કે તે લોકડાઉનમાં પતિની ક્યારેય



પૂરી ન થતી સેક્સની ડિમાન્ડથી પરેશાન થઈ ગઈ છે. વીડિયોમાં તે મહિલાએ દાવો કર્યો છે કે દેશમાં એવી અનેક મહિલાઓ છે જે પોતાના પાર્ટનરની સેક્સ ડિમાન્ડથી પરેશાન થઈ ગઈ છે.

મહિલા વીડિયોમાં કહેતી જોવા મળે છે કે "તમારી ઊંઘ ઉડી નથી કે સેક્સ માટે તૈયાર....તેમને સંતોષીને ખાવાનું બનાવો. તેઓ ખાશે, ટીવી જોશે અને થોડીવારમાં ફરીથી તેમને સેક્સ જોઈએ...ફરી ફરીને સેક્સ...આપણે લોકડાઉનમાં સેક્સ માટે થોડી રહીએ છીએ. આપણે તો આપણા જીવનનો ખ્યાલ રાખવા માટે લોકડાઉનમાં છીએ ને! મારા પતિ વધુ પડતુ સેક્સ કરી રહ્યાં છે. વીડિયો બનાવીને તેણે પોતાનું દુઃખ રજુ કર્યું. તેણે વીડિયોમાં લોકડાઉન તોડવા બદલ જે કાર્યવાહી થાય છે તે અંગે આશા વ્યક્ત કરી કે તેની મજબુરીને સિક્યુરિટી ફોર્સિસ સમજશે.

રાહુલ ગાંધીએ મિડલ ઈસ્ટમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા મોદી સરકારને રજૂઆત કરી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનો કહેર માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાના દરેક દેશમાં જોવા મળી રહ્યો છે. જેને લઈને અલગ-અલગ દેશમાં કામ કરી રહેલા ભારતીયો ત્યાં લોકડાઉનના કારણે ફસાઈ ગયેલા જોવા મળ્યા છે. જેને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફસાયેલા ભારતીયોને પરત લાવવાને લઈને સરકાર સામે અવાજ ઉઠાવ્યો છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ આજરોજ મિડિલ



ઈસ્ટમાં ફસાયેલા ભારતીયોને લઈને કેન્દ્રની મોદી સરકાર સામે અવજા ઉઠાવ્યો છે. રાહુલ ગાંધીએ સરકારને તેઓને જલ્દી પરત લાવવા જણાવ્યું છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજરોજ ટ્વિટ કરી જણાવ્યું છે કે કોરોના વાયરસના સંકટના કારણે મિડિલ ઈસ્ટમાં ઘણા વેપાર ધંધા બંધ થઇ ગયા છે. જેને લઈને હજારો ભારતીય મજદૂર ત્યાં ફસાઈ ગયા છે અને સ્વદેશ આપવા પ્રયત્ન કરી રહ્યાં છે.

રાહુલ ગાંધીએ અપીલ કરી છે કે ભારત સરકારે તરત આ લોકોને દેશમાં પરત લાવવા સ્પેશિયલ વિમાનનો પ્રબંધ કરવો જોઈએ. અહીં લાવવા પર તેઓને ક્વોરન્ટાઈન કરવાની સુવિધા પણ કરવી જોઈએ.

તંત્રી લેખ

કોરોના : જહાનની ચિંતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સવારે દસ વાગે રાષ્ટ્રને સંબોધન કર્યુ હતુ. તેમાં કોઈ નવી બાબત ન હતી. લોકોને આ વખતે કેટલીક સારી બાબતો અને મહત્વપૂર્ણ બાબતોને લઈને ઉત્સુકતા હતી. જે કરવામાં આવી ન હતી. નક્કર ખાતરી પણ મળી ન હતી. આજે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાથી કેટલીક બાબતો હવે સ્પષ્ટ થઈ ચુકી છે. મોદીએ ત્રીજી મે સુધી લોકડાઉન વધારી દેવાની જાહેરાત કરી હતી, જેને લઈને લોકો પહેલાથી જ તૈયારી કરી ચુક્યા હતા. મુખ્યપ્રધાનો સાથે બેઠક બાદ જ લોકો સુધી એવો સંદેશ પહોંચી ગયો હતો કે લોકડાઉનની અવધિ દેશમાં વધી જનાર છે. જો કે વડાપ્રધાને એક વાત ચોક્કસપણે કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે ૨૦મી એપ્રિલ બાદ જુદા જુદા ક્ષેત્રોની સમીક્ષા કરવામાં આવનાર છે. જ્યાં ખતરો ઓછો રહેશે તેને કેટલીક રાહત આપવામાં આવી શકે છે. હકીકતમાં મુખ્યપ્રધાનોની સાથે બેઠકમાં મોદીએ જાન હે તો હજાન હે ની જગ્યાએ જાન પણ અને જહાન પણની વાત કરીને કેટલીક બાબતોને રાહત મળશે તેવા સંકેત આપી દીધા હતા. આને ઉદ્યોગ અને કૃષિ સહિત જુદા જુદા ક્ષેત્રો માટે આર્થિક ગતિવિધી તરીકે જોવાં આવી હતી. જે યોગ્ય સાબિત થઈ છે. જો કે મોદીએ તેમના સંબોધનમાં આનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. હવે માર્ગદર્શિકા જારી કરવામાં આવ્યા બાદ એક બાબત નક્કી થઈ ચુકી છે કે કેટલીક પ્રવૃતિ શરતો સાથે ૨૦મી એપ્રિલથી શરૂ કરવામાં આવી રહી છે. મોદીએ આ બાબત પર ભાર મુક્યો હતો કે સમય પર લોકડાઉન કરી દેવામાં આવ્યા બાદ કોવિડ-૧૯ના ફેલાવાનુ પ્રમાણ અન્ય દેશોની તુલનામાં ભારતમાં ઓછુ રહ્યુ છે. જો કે કોરોનાના ફેલાવાની ગતિ હાલમાં ભારતમાં પણ સતત વધી છે. સંખ્યા અને તેની ગતિ કઈ રીતે રોકાશે તે અંગે કોઈ વ્યક્તિ વાત કરવાની સ્થિતીમાં નથી. દુનિયા પણ સ્વીકાર કરી ચુકી છે કે નજીકના ભવિષ્યમાં તે રોકાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આવી સ્થિતીમાં મોટા ભાગના દેશો તમામ પ્રકારની સાવધાની રાખીને કોરોનાની સામે લડત જારી રાખીને પોતાની સામાન્ય ગતિવિધીને શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. ભારતમાં પમ આ બાબતની દિશામાં તો વધવાની જરૂર પડશે જ. કારણ કે કોરોનાની સામે લડવા માટે અપનાવવામાં આવેલા તરીકાના કારણે ભારે આર્થિક દબાણની સ્થિતી આવી રહી છે. સમાજના એક વર્ગની સામે રોજી રોટીની સમસ્યા સર્જાઈ રહી છે. જો આ સંકટને વહેલી તકે દુર કરવામાં નહીં આવે તો કોરોનાની સામે લડાઈ દિન પ્રતિદિન વધારે કઠોર અને મુશ્કેલરૂપ બની જશેય. એટલે કે ભારતની સામે સંકટ બે ગણુ દેખાઈ રહ્યુ છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના કહેવા મુજબ લોકડાઉનના કારણે ભારતના અસંગઠિત ક્ષેત્રના ૨૦ કરોડ લોકો રસ્તા પર આવી ગયા છે. તેમને તરત એ વખતે જ રાહત આપી શકાય છે જ્યારે નાના ઉદ્યોગો તેમની સેવા શરૂ કરી શકે છે. સરકારે રેશનિંગ અને અન્ય ચીજો આપવાની વાત કરી છે પરંતુ આ તમામ બાબતો મર્યાદિત રહેલી છે. આજે કેટલીક બાબતોને હળવી કરીને સરકારે સ્થિતીને હળવી કરવાની દિશામાં પહેલ કરી દીધી છે. જે સારી બાબત રહેલી છે.

મહામારીની સ્થિતીને ધ્યાનમાં લઈને લોકો પણ હવે લોકડાઉનમાં રહેવા માટે ઈચ્છુક

ફાયદો : તરબુચમાં મોટા ભાગે પાણી હોય છે

ગરમીમાં તરબુચ ખુબ જરૂરી

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે તરબૂચ પ્રી હાઈપર ટેન્શન સામે અસરકારક કુદરતી હથિયાર તરીકે છે. પ્રી હાઈપર ટેન્શન હાર્ટ એટેક અને સ્ટ્રોક માટે સૌથી જોખમી પરિબળો પૈકી એક છે. તરબૂચ ખાવાથી બ્લડ પ્રેશરને ઘટાડવામાં મદદ મળી શકે છે. ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટી ખાતે ખાદ્યાન ચીજવસ્તુ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોનું કહેવું છે કે તરબૂચમાં ઘણા એવા પોષક તત્ત્વો રહેલા છે જેનાથી બ્લડપ્રેશરને ઘટાડવામાં મદદ મળે છે. બ્લડ પ્રેશર તમામ પુખ્તવયના લોકોમાં ઘટે છે તેવી બાબત



અભ્યાસમાં જાણવા મળી ચૂકી છે. નવા અભ્યાસના મુખ્ય સંશોધકનું કહેવું છે કે પ્રથમ વખત અભ્યાસ બાદ આવું જાણવા મળ્યું છે કે પ્રી હાઈપર ટેન્શીન વાળા લોકોને તરબૂચ મદદરૂપ બની શકે છે. તરબૂચના સારા ડોઝથી મધ્યમ વયના પુરુષો અને મહિલાઓ બંનેને રાહત થાય છે. તરબૂચમાં પાણીનું પૂરતું પ્રમાણ હોવાથી આના પણ સીધા ફાયદા રહેલા છે. મોટા પ્રમાણમાં તરબૂચનો ઉપયોગ કરવાથી જે રસાયણ તત્ત્વો મળે છે તે બ્લડ પ્રેશરને સ્વસ્થ રાખે છે. એલ-સ્ત્રીટુલાઈન નામના ઘટક તત્ત્વો બીજા એમીનોએસિડમાં ફેરવાઈ જાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ગરમીની સીઝનમાં તરબૂચનું પ્રમાણ દરરોજ ઉપયોગમાં લેવાથી તમામ લોકોને ફાયદો થાય છે. આમા કોઈ વય મર્યાદા રહેલી નથી. ગરમીમાં એકબાજુ વધારે પ્રમાણમાં પાણી ફાયદાકારક સાબિત થાય છે તેવી જ રીતે તરબૂચ આના કરતા પણ વધુ ફાયદો આપે છે. ટાઈપ-૨ ડાયાબિટીશને રોકવામાં પણ મદદરૂપ બને છે. આમા અન્ય ઘટક તત્ત્વો પણ રહે છે જે શરીરને રાહત આપે છે. અમેરિકન જનરલ ઓફ હાઈપર ટેન્શનમાં અભ્યાસના તારણો પ્રકાશિત કરાયા છે.

નાના ઉદ્યોગોની કમર કોરોના મહામારીના કારણે તુટી ગઈ છે

નાના ઉદ્યોગો અર્થતંત્રને સુધારી શકશે



કારોબાર ફરી શરૂ કરવા માટે તેમની પાસે રકમ બચી નથી : મોટા ઉદ્યોગોને સકંટ વચ્ચે બેંક પાસેથી સરળ રીતે નાણાં મળી જાય છે

નાના ઉદ્યોગોની પાસે સુરક્ષા રકમ હોતી નથી. તેઓ દર મહિને અથવા તો દરેક સપ્તાહ અથવા તો ક્યારેય દરરોજ પોતાના ઉત્પાદિત માલને વેચે છે અને આના કારણે થનાર આવકમાંથી કાચા માલની ખરીદી કરે ચે. જે રીતે શાકભાજીવાળા અને અન્યોની સ્થિતી હોય છે તેવી જ સ્થિતી તેમની પણ રહેલી હોય છે. નાના ઉદ્યોગોની કમર કોરોના વાયરસે તોડી નાંખી છે. વેપાર શરૂ કરવા માટે તેમની પાસે હવે રકમ બચી નથી. કારણ કે આ ગાળા દરમિયાન તેઓ પોતાની રકમને પોતાના પ્રાણોની સુરક્ષા માટે લગાવી ચુક્યા છે. તેમની તુલનામાં મોટા ઉદ્યોગોની પાસે પોતાની બચત હોય છે. જે સંકટ આવી પણ જાય તો તેમને બેંકો દ્વારા જંગી લોન મળી જાય છે. જેથી સંકટ પૂર્ણ થયા બાદ મોટા ઉદ્યોગો તો ટુંક સમયમાં જ પાટા પર આવી જશે. જો કે નાના ઉદ્યોગોની હાલત સુધરી શકશે નહીં. નાના ઉદ્યોગો તો હમેંશા માટે બંધ થઈ જશે. નાના અને મોટા ઉદ્યોગોની અસર અર્થવ્યવસ્થા પર જુદી જુદી રીતે પડે છે. નાના ઉદ્યોગો મોટા પાયે રોજદારની તક ઉભી કરવામાં ભૂમિકા અદા કરે છે. નાગરિકોને નોકરી હોવાના કારણે અર્થવ્યવસ્થા પર ભાર ઓછો પડે છે. જેમ કોઈ વ્યક્તિને રોજગાર મળી જાય છે તો સરકારને તેને મનરેગા હેઠળ રોજગાર આપવાની જરૂર પડતી નથી. અથવા તો ઈન્દિરા આવાસ યોજના હેઠળ ઘર બનાવીને આપવાની જરૂર પડતી નથી. વ્યક્તિ રોજગાર કરે છે તો અપરાધ કરવા માટે તેમની પાસે સમય હોતા નથી. આ ઉપરાંત નાના ઉદ્યોગો અમારા ભાવિ ઉદ્યોગોની પ્રયોગશાળા સમાન છે. જેમ ધીરુભાઈ અંબાણી કોઈ સમય નાના કારોબારી તરીકે હતા. એ વખતે દરેક પ્રકારના નાના ઉદ્યોગોને આરક્ષણ કવચની વ્યવસ્થા હતી. જો આરક્ષણની સ્થિતી ન રહી હોત તો ધીરુભાઈ નાના કારોબારીની જેમ સફળ રહ્યા ન હોત. તેઓ મોટા ઉદ્યોગપતિ ન બની શક્યા હોત. નાના કારોબારીઓના ઉત્પાદન ખર્ચ સામાન્ય રીતે વધારે રહે છે. તેમના મશીનોના કદ પણ નાના રહે છે. તેમના દ્વારા વચેટિયા વૈપારીઓ પાસેથી કાચા માલની ખરીદી કરવામાં આવે છે. નાના કારોબારીઓને તો દરેક કામ પોતાની રીતે જ કરવા પડે છે. જેમ કે કાચા માલની ખરીદી, મસીન ચલાવવાની બાબત, ઉત્પાદનની ગુણવત્તાને નિહાળવાની બાબત, વેચાણ કરવાની બાબત, વસુલી કરવાની બાબત, બેંકમાં જમા કરવાની બાબત આની સાથે જોડાયેલી હોય છે. જેથી નાના કારોબારીઓની ક્ષમતા વિખેરાઈ જાય છે. જેથી તે મોટા વેપારીઓની સામે ટક્કર લઈ શકતા નથીય. આ સ્થિતીમાં અમારી સામે આર્થિક વિકાસના બે મોડલ ઉપલબ્ધ છે. પ્રથમ મોડલ એ છે કે જેમાં અમે નાના ઉદ્યોગોને સંરક્ષણ આપવામાં આવે. તેમના દ્વારા પેદા કરવામાં આવેલા મોંઘા માલની ખરીદી કરવામાં આવે. સાથે સાથે એમ માનીને ચાલવાની જરૂર છે કે આર્થિક વ્યવસ્થાના સ્તર પર આ વધારાના ખર્ચની ભરપાઈ રોજગાર સર્જન, ઉદ્યોગના વિકાસ સાથે સામાજિક અપરાધમાં ઘટાડો થશે. બીજા માળખા તરીકે ઉદ્યોગનુ છે. જેમાં રોજગારીની તક ઓછી સર્જાય છે. બેરોજગારી વધે છે. અપરાધમાં વધારો થાય છે. મોટા ઉદ્યોગ પર વધારે ટેક્સ લાગુ કરીને તેમના જ કારણે બેરોજગાર થયેલા લોકોને મદદ પહોંચાડી દેવામાં આવે છે. નાના કારોબારને બચાવી લેવાની બાબત મોટા ઉદ્યોગો માટે પણ જરૂરી છે. તેમના દ્વારા રોજગારની તક સર્જવવામાં આવે છે. જેથી સામાન્ય વ્યક્તિના હાથમાં ખર્ચ શક્તિ વધી જાય છે. જેના કારણે બજારમાં માંગ ઉભી થાય છે. જેથી મોટા ઉદ્યોગોની ચીજ વેચાવવા લાગી જાય છે. આવી રીતે મોટા ઉદ્યોગો પર નાના પર આધારિત રહે છે. જો કે મોટા ઉદ્યોગો આને સમજતા નથી. જેથી સરકાર દરમિયાનગીરી કરે તે જરૂરી છે. અમને નાના ઉદ્યોગોના મોડલને અપનાવીને આગળ વધવાની જરૂર છે. અમારા દેશમાં મોટી સંખ્યામાં યુવા શ્રમ બજારમાં પ્રવેશ કરી રહ્યા છે. જો તેમને રોજગાર આપવામાં આવશે નહી તો દેશમાં અપરાધમાં વધારો થશે. દેશ પર પોલીસ, ન્યાય વ્યવસ્થા તેમજ અન્ય ભાર વધી જશે. જેથી અમને સસ્તા માલની લાલચમાં પડ્યા વગર નાના કારોબારીઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે. વર્તમાન સંકટ બાદ જો નાના કારોબારીઓને રાહત નહી મળે તો મોટા કારોબારી પાટા પર આવીને નાના કારોબારીઓના અસ્તિત્વન ખતમ કરી દેશે. કોરોનાના કારણે હાલમાં નાના કારોબારીઓની હાલત વધારે ખરાબ થઈ છે.

નાના ઉદ્યોગોની પાસેથી માલ ખરીદવાની જરૂર

નાના ઉદ્યોગોને રાહત જરૂરી

હજુ સુધી સરકારો દ્વારા નાના ઉદ્યોગો માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પુરતા દેખાઈ રહ્યા નથી. પ્રથમ પગલુ એ છે કે જાહેર ક્ષેત્રના એકમો દ્વારા નાના ઉદ્યોગો પાસેથી જ માલની ખરીદી કરવામાં આવે તે જરૂરી છે. મારી જાણકારી મુજબ સામાન્ય રીતે જાહેર ક્ષેત્રના એકમો આ આદેશનુ પાલન કરતા નથી. બીજુ પગલુ એ છે કે નાના ઉદ્યોગો માટે ક્લસ્ટર અથવા તો સમુહ બનાવવાની જરૂર છે. આવુ કરવાના કારણે તેમને કેટલીક સુવિધા સામુહિક રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી શકે છે. જેમ ઉત્સર્જિત ગંદા પાણીની સફાઈ કરવા માટે પ્રદુષણ નિયંત્રણ સાધન એક સાથે મળીને લગાવી શકાય છે. ત્રીજા પગલા તરીકે ઉપયોગી બાબત એ છે કે નાના ઉદ્યોગોની કુશળતા વધારી દેવામાં આવે તે જરૂરી છે. જો કે સ્કિલ ડેવલપમેન્ટના નામ પર મોટા ભાગના એનજીઓની રોટલી જ સેંકવામાં આવે છે. નાના ઉદ્યોગોને ઓછા દર પર લોનની સુવિધા મળે તે પણ તેમના હિતમાં છે. જો કે નાના કારોબારીઓ લોન એ વખતે મેળવે છે જ્યારે તેમની પાસે તેમના માલનો ઉત્પાદન ખર્ચ ઘટી જાય છે. કોરોના સકંટથી દેશની અર્થવ્યવસ્થાને બહાર કાઢવા માટે સરકારને અત્યારતી જ નક્કર અને સર્વગ્રાહી યોજના પર કામ કરવાની જરૂર છે. પસંદગી કરવામાં આવેલા નાના ઉદ્યોગોને સંરક્ષણ આપવાની જરૂર દેખાઈ રહી છે. આવા ક્ષેત્રોમાં મોટા ઉદ્યોગોની એન્ટ્રી પર બ્રેક મુકવાની જરૂર છે. સામાન્ય રીતે જો દેશમાં વણકર કામગીરીને માત્ર નાના ઉદ્યોગો માટે જ અનામત રાખવામાં આવે તો દેશમાં બેરોજગારીની સમસ્યા ખુબ હદ સુધી ઓછી થઈ શકે છે. પ્રજાને વસ્ત્રો ચોક્કસપણે મોંઘા ખરીદવાની ફરજ પડી શકે છે પરંતુ સ્થિતીમાં સુધારો થઈ શકે છે. જો અમે નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપીશુ નહી તો અર્થવ્યવસ્થાને પાટા પર લાવી શકાશે નહીં. છેલ્લા ચાર વર્ષના ગાળામાં અર્થવ્યવસ્થા મંદીના સકંજામાં પહોંચી જવા માટેના કારણો એ જ છે. મોટા ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત માલને ખરીદીવા માટેની માંગ ઓછી છે. જેથી મોટા ઉદ્યોગો સામે પણ સંકટ છે. જેથી સરકારને હવે એક ટાસ્ક ફોર્સ બનાવીને આગળ વધવાની જરૂર છે. આ ટાસ્ક ફોર્સ ટુંકા ગાળામાં આર્થિક ગતિવિધીને વેગ આપવા માટે સુચન કરી શકે છે.

આસામથી લઈને આમદાવાદ સુધી અંધ વિશ્વાસની બોલબાલા

કોરોના સાથે ઘણા અંધવિશ્વાસ આવ્યા

અંધવિશ્વાસ કોરોનાથી બચવા માટેના જતનને નુકસાન કરી રહ્યા છે

જેથી સાવધાન થઈ જવાની જરૂર : ગુજરાતમાં પણ અંધવિશ્વાસ છે

કોરોના વાયરસ પોતાની સાથે વ્યાપક અંધવિશ્વાસના પેકેજ લઈને આવતા તેની પણ હવે ચર્ચા નિષ્ણાંત અને વૈજ્ઞાનિક સમુદાયમાં જોવા મળી રહી છે. ભારતના દરેક હિસ્સામાં હાલમાં કોરોના આતંક વચ્ચે અંધવિશ્વાસની બોલબાલા છે. કોરોનાની હજુ સુધી કોઈ શ્યોર દવા બની નથી. કોઈ વેક્સીન પણ તૈયાર કરાઈ નથી. ફિજિકલ ડિસ્ટેન્સ અને માસ્ક જ કોરોનાની સામે બચવા માટે શ્રેષ્ઠ વિકલ્પ તરીકે છે. વિશ્વ આરોગ્ય સંગઠન અને પોતે ભારત સરકારે પણ આવા જ અભિપ્રાય આપ્યા છે. જો કે લોકો માસ્ક પહેરવાના બદલે સગા સંબંધીના ઘરે પહોંચી જઈને તેમના ડાબા પગના અંગુઠા પરપ હલ્દર અથવા તો મહેદી લગાવી રહ્યા છે. આમાં કહેવામાં આવે છે કે જેમની મહેંદી ઘેરી રહેશે તેને લાગે છે કે કોરોના દેવી માની ગઈ છે અને હવે કોરોના થશે નહીં. પ્રતાપગઢ, સુલ્તાનપુર, અયોધ્યા જેવા ઉત્તરપ્રદેશના વિસ્તારો અને દેશના અન્ય રાજ્યોમાં અન્ય શહેરો પણ આવી ગતિવિધીમાં પડેલા છે. પ્રતાપગઢ, સુલ્તાનપુર અને અયોધ્યામાં તો કેટલાક ગામોમાંથી હેવાલ આવી રહ્યા છે કે લોકો પોતાના દરવાજાથી લઈને પુરૂષના પીઠ પર હલ્દર, મહેંદી અને ગોબર સહિતની ચીજો છાપી રહ્યા છે. કાળીંમાતાના મંદિર પર પહોંચી રહ્યા છે. તેમને લાગે છે કે આવા કામ કરવાથી કોરોના દેવી જતી રહેશે. બીજી બાજુ ગુજરાતમાં તો છેલ્લા એક પખવાડિયામાં જ છ હજાર લીટર ગૌમુત્રનુ વેચાણ કરવામાં આવ્યુ છે. આવી સ્થિતીમાં જો ગૌમુત્ર સફળ છે તો સરકારે જ સૌથી પહેલા માહિતી આપી હોત. ભારત સરકારે ગાય પર વૈજ્ઞાનિક શોધ માટે રાષ્ટ્રીય કામધેનુ પંચની રચના કરેલી છે. કોઈ સમય ગણેશ ભગવાને દુધ પીધા હોવાના હેવાલ આવ્યા હતા. હવે બિહારના સમસ્તીપુરમાં કેટલાક મંદિરોમાં નંદી પી રહ્યા છ. ત્યાં મંદિરોમાં નંદીને દુધ પિવડાવવા માટે લોકોની ભીડ જામી રહી છે. જેથી લોકડાઉનના નિયમો પણ પાળવામાં આવી રહ્યા નથી. તેમને ભગાડી દેવા માટે પોલીસને આક્રમક એક્શનમાં આવવાની જરૂર દેખાઈ રહી છે. લોકો રામચરિતમાનસથી લઈને ગીતા સુધીમાં પહેલા કોઈ સમયમાં પડી ગયેલા જુના વાળને શોધી રહ્યા છે. તેને વાળ મળે છે તે એક ગ્લાસમાં પાણીમાં ડુબાડીને ફેંકી દે છે. પીણી એમ પીવામાં આવે છે. પાણી એમ પીવામાં આવે છે જેમ કે કોઈ કોરોના વિરોધી દવા છે અને તેનાથી ઠીક થઈ જશે. આસામથી લઈને અમદાવાદ સુધીના વિસ્તારમાં અંધવિશ્વાસની બોલબાલા જોવામાં આવે છે. અંધવિશ્વાસ કોરોનાથી બચવા માટેની લડાઈને કમજોર કરે છે. બરેલીમાં તો અંધવિશ્વાસના ભાગરૂપે ગામોમાં મહિલાઓ એકત્રિત થઈને ડોલ ભરી ભરીને પાણી કુવામાં નાંખી રહી છે. પુરૂષો કુવામાં સિક્કા ફેંકી રહ્યા છે. જનતા કરફ્યુના દિવસો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હેલ્થ વર્કસના સન્માનમાં થાળી, તાલી વગાડવા માટે લોકોને અપીલ કરી હતી. જો કે રાજસ્થાન અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તો હજુ સુધી સાંજે દરરોજ થાળી, તાલી જુલુસ કાઢી રહ્યા છે. જયપુરની આસપાસના કેટલાક ગામોમાં તો મહિલાઓ સમુહમાં રહીને સુર્યની પુજા કરીને સાત ઘરથી પૈસા માંગીને ચુડિયાઓ ખરીદી રહી છે. ટુંકમાં ચારેબાજુ અંધવિશ્વાસની બોલબાલા દેખાઈ રહી છે. ફરૂકાબાદથી લઈને બાલોદ સુધી મહિલાઓ જુદા જુદા અંધવિશ્વાસમાં આવીને તોર તરીકા અજમાવી રહી છે. વૈજ્ઞાનિકો આ તમામ ગતિવિધીને જોઈને હાસ્ય અનુભવી શકે છે પરંતુ અંધવિશ્વાસમાં પડેલા લોકોને કોઈની પડી નથી. કોરોનાના કારણે દુનિયાના દેશોમાં હજુ સુધી ૧૨૬૭૭૬ લોકોના મોત થઈ ચુક્યા છે અને કેસોની સંખ્યા તો બે લાખ કરતા વધારે થઈ ગઈ છે. આવી જ રીતે ગંભીર રીતે રહેલા દર્દીઓની સંખ્યા ૫૧૬૦૩ રહી છે. સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. સ્પેન, જર્મની, ઈટાલી સહિતના દેશોમાં હાલત વધારે ખરાબ છે. ૨૧૦ દેશો કોરોનાના સકંજામાં આવી ચુક્યા છે. કેસો અને મોતનો આંકડો સતત વધી રહ્યો છે. આ સ્થિતી હાલ અટકે તેવી શક્યતા ઓછી છે. અમેરિકામાં ૨૬ હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે.

કોરોનાના લક્ષણ બાદ પણ મારા પતિને સ્પેનમાં સારવાર નહોતી મળી: શ્રિયા સરન



નવી દિલ્હી

સમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. જેના કારણે હાલ આશરે ૨૦ લાખ લોકો સંક્રમિત થયા છે. કોરોનાના કહેરમાંથી બોલિવૂડ સેલિબ્રિટી પણ બાકાત રહી નથી. એક્ટ્રેસ શ્રિયા સરને કોરોનાને લઈ એક દર્દભરી સ્ટોરી શેર કરી છે. કોરોનાના લક્ષણ બાદ પણ શ્રિયાના પતિને સ્પેનમાં સારવાર નહોતી મળી, જોકે તેના પતિની હાલતમાં સુધારો થયો છે. એક ઈન્ટરવ્યૂમાં શ્રિયા શરને કહ્યું કે, હું મારા પતિ આંદ્રેઈ કોસ્ચિવ સાથે સ્પેનમાં રહેતી હતી. ત્યારે તેમને શરદી અને તાવ આવ્યો હતો. તેમને કોવિડ-૧૯ જેવા લક્ષણ લાગતા હતા. જે બાદ હું તરત મારા પતિને લઈ બાર્સિલોનાની હોસ્પિટલ પહોંચી હતી, જ્યાં ડોક્ટરોએ તેની સારવાર કરવાની ના પાડી દીધી હતી.

ડોક્ટરોએ કહ્યું કે, જો આંદ્રેઈને કોરોના વાયરસ નહીં પણ થયો હશે તો અહીંયા રહેવાથી થઈ જશે. જેના કારણે તમારે અહીંયાથી જતા રહેવું જોઈએ. જે બાદ હું મારા પતિને ઘરે લઈને આવી ગઈ અને સેલ્ફ આઈસોલેટ કરી દીધી. ઉપરાંત ઘર પર જ તેમની સારવાર શરૂ કરી દીધી. ઘરમાં અમે બંને અલગ-અલગ રૂમમાં ઉંઘતા હતા. હું તેનાથી અંતર જાળવી રાખીને સારવાર કરતી હતી. શ્રિયાના કહેવા મુજબ તેના પતિના સ્વાસ્થ્યમાં સુધારો થઈ રહ્યો છે. લોકડાઉનના કારણે અમે બીજી એનિવર્સરી પણ સેલિબ્રેટ કરી શક્યા નથી. તેણે જણાવ્યું કે, સ્પેનમાં લોકડાઉન દરમિયાન ઘરમાંથી એક જ વ્યક્તિ સામાન લેવા બહાર જઈ શકે છે. એક વખત હું આંદ્રેઈ સાથે બહાર ગઈ હતી. મારો પતિ ગોરો છે, જ્યારે મારો રંગ તેનાથી અલગ પડે છે. તેથી પોલીસવાળા સમજી ન શકયા કે અમે બંને સાથે છીએ અને બંનેને છોડી દીધા. શ્રિયાએ કહ્યું કે, હું વતન ભારત ક્યારે પરત ફરીશ તે નક્કી નથી. મારા માતા-પિતા સાથે હું સતત વીડિયો કોલ દ્વારા સંપર્કમાં રહુ છું. સ્પેન કોરોના વાયરસથી સૌથી પ્રભાવિત થનારા દેશો પૈકીનો એક છે. અહીંયા ૧.૭૦ લાખથી વધારે દર્દી સામે આવી ચુક્યા છે. જ્યારે ૧૮ હજાર લોકોના મોત થયા છે.

લોકોની મદદ માટે શેલ્ટર સાથે હાથ મિલાવ્યો આ એક્ટરે, બોલ્યો- સરકારનું સાંભળો, ઘરમાં રહો ફિટ રહો.....



મુંબઈ

સરકારે દેશભરમાં લૉકડાઉનની જાહેરાત કરી દીધી છે, ફરી એકવાર ગરીબો અને મજૂરોની મદદે બૉલીવુડ સેલિબ્રિટીઓ આવી રહ્યાં છે. હવે સંજય દત્ત પણ આ લિસ્ટમાં જોડાઈ ગયો છે. સંજય દત્ત એક શેલ્ટર હૉમ સાથે જોડાઈને લોકોની મદદ કરી રહ્યો છે. રિપોર્ટ મુજબ, સંજય દત્તે લોકોને કહ્યું કે, આ આપણા દેશ માટે મુશ્કેલીનો સમય છે, દરેક વ્યક્તિ પોતાના હિસાબે મદદ કરી રહ્યો છે. હાલ સોશ્યલ ડિસ્ટેન્સિંગ રાખવાનો સમય છે, દરેકે ઘરમાં રહેવુ જોઈએ, અને ફિટ રહેવુ જોઈએ.

જેક્લીનની ડિજિટલ ડેબ્યુ ફિલ્મ 'મિસિસ સિરિયલ કિલર' નેટફ્લિક્સ પર ૧મે એ થશે રિલીઝ




મુંબઈ

જેક્લીન ફર્નાન્ડિઝની ડિજિટલ ડેબ્યુ ફિલ્મ 'મિસિસ સિરિયલ કિલર'નું પ્રીમિયર ૧ મેએ થવાનું છે. આ નેટફ્લિક્સ ઓરિજિનલ ફિલ્મની સ્ટારકાસ્ટમાં જેક્લીનની સાથે મનોજ બાજપાયી, મોહિત રૈના લીડ રોલમાં છે. ફિલ્મના પ્રીમિયરનું અનાઉન્સમેન્ટ કરવા માટે જેક્લીને એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે જેમાં તે મનોજ બાજપાયી સાથે વીડિયો કોલ પર વાત કરે છે. વીડિયોમાં તે મનોજ બાજપાયીને તેમના ફિલ્મના પ્રીમિયરની વાત કરે છે.

'મિસિસ સિરિયલ કિલર' ફિલ્મથી આમિર ખાનની ભત્રીજી ઝ્યાન મેરી ખાન ડેબ્યુ કરી રહી છે. આ ફિલ્મને ફારાહ ખાને પ્રોડ્યુસ કરી છે અને તેના પતિ શિરિશ કુંદરે ડિરેક્ટ કરી છે. ફિલ્મની સ્ટોરી એક પતિપ્રેમી પત્નીની છે. તે જેલમાં ખોટી રીતે સજા ભોગવી રહેલા પોતાના નિર્દોષ પતિને સિરિયલ મર્ડર્સના આરોપમાંથી બચાવવા સિરિયલ કિલરની જેમ જ મર્ડર કરવા મજબૂર થાય છે. આ ફિલ્મની લંબાઈ ૧ કલાક અને ૪૬ મિનિટ જેટલી રહેશે.

'મિસિસ સિરિયલ કિલર' વીડિયો સ્ટ્રીમિંગ સાઈટ નેટફ્લિક્સ ઈન્ડિયા પર આ વર્ષની પાંચમી ઓરિજિનલ મુવી હશે. આ શુક્રવારથી કોમેડિયન વીર દાસને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી સિરીઝ 'હસમુખ' નેટફ્લિક્સ પર રિલીઝ થશે.

શેઠની શિખામણ જાપા સુધી: લોકડાઉનમાં સાઈકલ ચલાવતો અખ્તર નો વીડિઓ વાયરલ



નવી દિલ્હી

રાવલપિંડી એક્સપ્રેસના નામથી જાણીતા પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર શોએબ અખ્તર પોતાની એક હરકતના કારણે સોશિયલ મીડિયા પર ટીકાને પાત્ર થયો છે. વાત જાણે એમ છે કે શોએબનો એક વીડિયો ખુબજ વાયરલ થયો છે. જેમાં લોકડાઉન દરમિયાન તે સાઈકલ ચલાવી રહ્યો છે. જે રસ્તાઓ પર શોએબ બિન્દાસ સાઈકલ ચલાવે છે તે ઈસ્લામાબાદનો રેડ જોન છે જ્યાં હાલ કોરોનાનો સૌથી વધારે ખતરો છે.

શોએબ પહેલા લોકોને શિખામણ આપી રહ્યો છે કે કોવીડ-૧૯ના ખતરાને કારણે લોકોએ ઘરમાંથી બહાર ન આવવુ. પણ શોએબ પોતે જ ઘરની બહાર કોઈ માસ્ક કે પ્રોટેક્ટિવ વસ્તુઓ કે હેલમેટ વગર જ રસ્તાઓ પર સાઈકલ ફેરવી રહ્યો છે સોશિયલ મીડિયા પર યૂઝર્સ તેમને જોરદાર આડે હાથ લેતા જોવા મળી રહ્યા છે. જે વિસ્તારમાં શોએબ સાઈકલ ચલાવે છે તે એવાન એ સદર છે જ્યાં રાષ્ટ્રપતિ આવાસ, પીએમ હાઉસ, સુપ્રીમ કોર્ટ. પીએમ સચિવાલય, નેશનલ એસેમ્બલી, સીનેટ, વિદેશ વિભાગ અને ડિપ્લોમેટિક એનક્લેવ આવેલા છે.

શોએબની આ હરકતથી નારાજ એક યૂઝરે લખ્યુ કે શોએબ ભાઈ, તમે લોકોને ઘરોમાં રહેવાની શિખામણ આપો અને તમે શું કરો છોમેન રસ્તા પર સાઈકલ ચલાવો છો તમને ભાન છે તમે આ શું કરી રહ્યા છો? એક બીજા યૂઝરે લખ્યુ કે તે સાઈકલ ચલાવે છે તે રોમાંચકારી ઓછુ ભયાનક વધારે લાગે છે. તમે વાયરસનો શિકાર થઈ શકો છો અને કેટલાક નિર્દોષ લોકોને પણ ચેપ ફેલાવી શકો છો. કોરોનાવાયરસને લઈને સમગ્ર દુનિયામાં ભયનો માહોલ છે ત્યારે આ વર્તનથી દર્શકો નારાજ થાય તે સ્વાભાવિક છે.

બ્રાઝિલના પ્રખ્યાત ફૂટબોલર નેમારની માતા ગોક્રાલ્વેસના પ્રેમમાં



નવી દિલ્હી

વિશ્વના ટોચના ફૂટબોલરોમાં સામેલ બ્રાઝિલીયન લેજન્ડ નેમાર આજકાલ સોશિયલ મીડિયામાં ચર્ચાના ચગડોળે ચઢ્યો છે. ૨૮ વર્ષીય નેમારની ૫૨ વર્ષની માતા નાદિન ગોક્રાલ્વેસને એક ૨૨ વર્ષીય છોકરડા ટિયાગો સાથે પ્રેમ થઈ ગયો છે. ૨૨ વર્ષનો ટિયાગો રામોસ મોડલિંગ કરે છે અને કમ્પ્યૂટર ગેમ્સમાં ભારે રસ ધરાવે છે. રસપ્રદ બાબત એ છે કે, નાદિનના પુત્ર નેમાર કરતાં પણ ટિયાગો છ વર્ષ યુવા છે.

નાદિને તેની અને ટિયાગોની તસવીર સોશિયલ મીડિયામાં વહેતી મૂકી હતી. જેમાં તેણે ટિયાગો સાથેના પ્રેમનો એકરાર કર્યો હતો. નેમારે પણ આ સંબંધને સ્વીકારી લેતાં તે તસવીરની નીચે લખ્યું કે, 'બી હેપ્પી મૉમ, લવ યૂ.' હવે જો નાદિન અને ટિયાગો લગ્ન કરે તો નેમારનો સાવકો પિતા તેના કરતાં છ વર્ષ યુવા હશે. જોકે બ્રાઝિલ સહિતના કેટલાક દેશોમાં ઘણા લોકો લગ્ન વિના જ 'લિવઈન રિલેશનશિપ'માં રહેતા હોય છે.

૫૨ વર્ષીય નાદિન ગોક્રાલ્વેએ ૨૫ વર્ષ પહેલા ફૂટબોલ એજન્ટ તરીકે કામક રતાં વાગ્નેર રિબેઈરોની સાથે લગ્ન કર્યા હતા. જે નેમારના પિતા છે. જોકે વર્ષ ૨૦૧૬માં બંનેએ છૂટા પડવાનો નિર્ણય લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી નાદિન અને ટિયાગોના સંબંધો બ્રાઝિલીયન મીડિયામાં ચમકી રહ્યા છે અને જેના કેટલાક કેટલાક વર્ગમાં નારાજગી જોવા મળી રહી છે. ટિયાગો રામોસ મોડલ છે અને બ્રાઝિલની એક ઓનલાઈન ગેમિંગ ટીમનો સભ્ય પણ છે. ફેબ્રુઆરીમાં નેમારનો જન્મદિવસ હતો, ત્યારે પણ ટિયાગોએ તેમાં હાજરી આપી હતી. વર્ષ ૨૦૧૭માં ટિયાગોએ નેમારને તેનો આદર્શ ગણાવ્યો હતો અને એક મેસેજમાં એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે, તે નેમારને મળવા ઈચ્છી રહ્યો છે. તેની આ ઈચ્છા ચાલુ વર્ષે જાન્યુઆરીમાં પુરી થઈ હતી અને તેણે નેમાર સાથેની તસવીર સોશિયલ મીડિયામાં વહેતી મૂકી હતી.

ફરાહ ખાન અલીના ઘરનો સ્ટાફ કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવતા ફફડાટ

મુંબઈ

ભારતમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. બોલિવૂડ સેલેબ્સ પણ આના શિકાર બન્યા છે. અભિનેત્રી શ્રેયા સરન, પૂર્વા કોહલીના પરિવારના પતિ કરીમ કપૂર પછી, એક નવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, તે રીતિક રોશનની એક્સ વાઈફ (સુઝાન ખાન) બહેન ફરાહ ખાન અલીના ઘરનો છે. ફરાહે ટ્વીટ કરીને આ વિશે માહિતી આપી છે. તેમણે ટ્વિટ કર્યું હતું કે તેમના ઘરનો સ્ટાફ કોવિડ -૧૯ ટેસ્ટ પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે, જેના પછી તેનો આખો પરિવાર એવો સેલ્ફ આઈસોલેશનમાં છે.




સુઝાન ખાનની બહેન ફરાહ ખાન અલીએ ટ્વીટ કર્યું કે કોવિડ (કોરોનાવાયરસ) ની માહિતી વાયરસ કરતા ઝડપથી ફેલાય છે. તેમણે વધુમાં કહ્યું કે, તેમને ઘરનો હાઉસ સ્ટાફ પોઝિટિવ મળ્યો છે. સ્ટાફ મેમ્બરને ક્વોરન્ટાઈન સુવિધામાં મોકલવામાં આવ્યો છે. આ મામલો પ્રકાશમાં આવ્યા પછી, તેણે તેના ઘરના બધા લોકો દ્વારા કોરોના વાયરસનો ટેસ્ટ પણ કરાવ્યો છે. ફરાહે ટ્વીટમાં જણાવ્યું છે કે તેણે સાવચેતી તરીકે સેલ્ફ ક્વોરન્ટાઇ કરી લીધું છે. આ પણ પસાર થઇ જશે. ફરાહ ખાન અલી જવેલરી ડિઝાઈનર છે. જેવી તેણે સોશિયલ મીડિયા પર આ વિશે માહિતી આપી. લોકોની ચિંતા વધતી ગઈ અને ફક્ત ટ્વિટર પર જ લોકોએ તેમના અને તેના પરિવારના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના શરૂ કરી.

કોરોના વાયરસ દેશમાં તેની વ્યાપક સ્થિતિ બતાવે છે. એકંદરે લોકડાઉન થવા છતાં, દરરોજ કેસ વધી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયની તાજેતરની માહિતી અનુસાર, દેશમાં હવે ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૧૦,૮૧૫ પર પહોંચી ગઈ છે. જ્યારે ૩૫૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૧૫૬૧ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૫૧ નવા કેસ નોંધાયા હતા, જ્યારે બે લોકોનાં મોત નીપજ્યાં હતાં. દિલ્હીના કોરોનાથી અત્યાર સુધીમાં ૩૦ લોકોનાં મોત નીપજ્યાં છે. કોરોનાથી ચાલી રહેલી મહામારી વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૩ મે સુધી લોકડાઉન વધારવાની જાહેરાત કરી છે.

આફ્રિદી કોરોના સામે લડવા માટે ફીમાં કામ કરવા તૈયાર: એક રિપોર્ટ

ઈસ્લામાબાદ

દુનિયા હાલ કોરોના સંકટ ચાલી રહ્યું છે, લગભગ ૨૦ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે. ચીનથી શરૂ થયેલો આ વાયરસ હવે પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ કેર મચાવી રહ્યો છે. પાકિસ્તાનમાંથી રિપોર્ટ છે કે આફ્રિદી કોરોના સામે લડવા માટે ફીમાં કામ કરવા તૈયાર થયો છે. પૂર્વ ઓલરાઉન્ડર ક્રિકેટર શાહિદ આફ્રિદીએ દેશની મોટી મોટી બ્રાન્ડને અપીલ કરી છે કે, તેઓ હાલ કોરોના કાળમાં લોકોને અનાજની મદદ કરે, તેના બદલે તે ફીમાં કામ કરવા તૈયાર છે. શાહિદ આફ્રિદીએ એક વીડિયો શેર કર્યો છે, વીડિયોમાં તે કહી રહ્યો છે, તે બધી મોટી મોટી બ્રાન્ડની એડ ફીમાં કરશે, બસ તમે લોકો માટે રાશન અનાજ આપો. તેને કહ્યું મારો આ સંદેશ કંઈક અલગ છે, જે બ્રાન્ડ સાથે મે કામ કર્યું છે તેમની પાસેથી મદદની જરૂર છે. હું બની શકે તેટલુ અનાજ લોકો પાસે પહોંચાડવા માગુ છું.



આફ્રિદીએ કહ્યું કે મને તમારી પાસેથી કંઈજ નથી જોઈતુ, હું તમારા માટે ફીમાં કામ કરીશ, સોશ્યલ મીડિયા, ટીવી, જ્યાં કહેશો ત્યાં તમારી બ્રાન્ડનો પ્રચાર કરીશ, મને પૈસા નથી જોઈતા, મને અનાજ જોઈએ છે, લોકો પાસે અનાજ પહોંચાડો. નોંધનીય છે કે કોરોનાથી પાકિસ્તાનની હાલત ખાસ્ત થઈ ગઈ છે. અત્યાર સુધી પાકિસ્તામાં કોરોનાથી ૬૦૦૦થી વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે, અને ૯૬ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.

ભારત-પાકિસ્તાન મેચ વાતાવરણ ગરમાયું, PCBએ કહ્યું- ભરણપોષણ માટે ભારતની જરૂર નથી





નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ચેરિટી ક્રિકેટ સીરિઝ અંગે પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરે પણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે લાહોરમાં બરફવર્ષા થઈ શકે છે, પરંતુ આવી સ્થિતિમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય શ્રેણી ન થઈ શકે. આ સિરીઝની રજૂઆત પહેલા પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તર દ્વારા કરવામાં આવી હતી. તેણે કોરોના સામેની લડાઈમાં ફંડ ભેગું કરવા માટે શ્રેણીની વાત કરી હતી. ૧૯૮૩ ના વર્લ્ડ કપ વિજેતા કપિલ દેવ દ્વારા તેને નકારી કાઢવામાં આવી હતી. તે જ સમયે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ના પ્રમુખ એહસાન મનીએ કહ્યું કે અમને ભરણપોષણ માટે ભારતની જરૂર નથી.

ગાવસ્કરે પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન રમીઝ રાજાની યુટ્યુબ ચેનલ પર વાત કરી હતી. આ દરમિયાન પૂર્વ ભારતીય કેપ્ટને અખ્તરની મજાક ઉડાવતા કહ્યું હતું કે, લાહોરમાં બરફ પડવાની સંભાવના હોઈ શકે છે, પરંતુ ભારત-પાકિસ્તાન દ્વિપક્ષીય શ્રેણી આવા સંજોગોમાં ન થઈ શકે. બંને ટીમો આઈસીસી ટૂર્નામેન્ટ્સ અને વર્લ્ડ કપમાં એકબીજા સામે રમશે, પરંતુ દ્વિપક્ષીય શ્રેણી શક્ય નથી.

અખ્તરે લાહોરમાં બરફવર્ષાનો ફોટો ટ્વીટ કરીને કહ્યું- સનીભાઈ ગયા વર્ષે લાહોરમાં બરફવર્ષા થઈ હતી. કંઈપણ અસંભવ નથી. PCB મનીનો પોડકાસ્ટ વીડિયો રજૂ કર્યો. તેમાં તેણે કહ્યું હતું કે, અમે ખોટમાંથી પસાર થઈ રહ્યા છીએ, પરંતુ તે (ભારત) અમારા વિચાર કે યોજનામાં નથી. તે આકાશમાં વાત કરવા જેવું છે. અમે તેમના વિના જીવી શકીએ છીએ. અમને ભરણપોષણ માટે ભારતની જરૂર નથી. અમે સ્પષ્ટ કહીએ છીએ કે જો ભારત અમારી સાથે રમવા માંગતું નથી, તો અમારી પાસે પણ ઘણા વધુ વિકલ્પો છે. તેણે અમારી સાથે એક-બે વાર રમવાનું વચન આપ્યું હતું, પરંતુ પછી છેલ્લી ક્ષણે તેમણે ના પાડી દીધી હતું.

લૉકડાઉનમાં ગરીબો પરિવારોને ગૌરી ખાને આપી ૯૫૦૦૦ ભોજન કિટ

મુંબઈ

દેશભરમાં લૉકડાઉનના કારણે દેશમાં ગરીબો અને મજૂરો એકદમ ખરાબ સ્થિતિમાં મુકાઇ ગયા છે, ખાવા-પીવાને લઇને મુશ્કેલીમાં મુકાયેલા ગરીબોની વ્હારે હવે ગૌરી ખાન આવી છે. ગૌરી ખાન શાહરૂખ ખાનની પત્ની અને પ્રૉડ્યૂસર છે. ગૌરી ખાને ગરીબો અને મજૂરોને ૯૫૦૦૦ મીલ્સ વહેંચ્યા છે, સોશ્યલ મીડિયા પર આ કામની ખુબ પ્રસંશા થઇ રહી છે. ગૌરી ખાને પોતાના મીર ફાઉન્ડેશનની પૉસ્ટને શેર કરતાં જાણકારી આપી છે,



રોટી બેંક ફાઉન્ડેસને મીર ફાઉન્ડેશનના સહયોગથી મુંબઇના ગરીબ લોકોને ૯૫૦૦૦ મીલ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ એક શરૂઆત છે, હજુ વધુ આવુ કામ કરવાનુ છે. આ પહેલા શાહરૂખ ખાને પણ મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ સરકારમાં દાન આપ્યુ હતુ, સાથે મહારાષ્ટ્રમાં ૨૫૦૦૦ પીપીઇ કિટ આપવાની પણ જાહેરાત કરી હતી. નોંધનીય છે કે, હાલ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦૮૧૫ પર પહોંચી છે, અને ૩૫૩ લોકો મોતને ભેટ્યા ચે. આમાં ૧૧૯૦ લોકો સાજા થઈને ઘરે પણ પહોંચ્યા છે.

કોરોનાવાયરસને કારણે એશિયા કપ રદ્દ નહિ થાયઃ PCB

ઈસ્લામાબાદ

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ના અધ્યક્ષ એહસાન મનીએ કોરોનાવાયરસને કારણે એશિયા કપ રદ્દ કરવાની ના પાડી દીધી છે. આ ટૂર્નામેન્ટ સપ્ટેમ્બરમાં દુબઈમાં યોજાવાની છે. જેનું આયોજન પાકિસ્તાન કરે છે. મનીએ કહ્યું કે, એશિયા કપ ભારત-પાકિસ્તાનનો મુદ્દો નથી. તે આઈપીએલની જગ્યા બનાવવા માટે રદ્દ કરવામાં આવશે નહીં. ૨૯ માર્ચથી શરૂ થનાર આઈપીએલ પહેલા એપ્રિલ ૧૫ અને પછી અનિશ્ચિતકાળ માટે મુલતવી રાખવામાં આવી છે. જો સૂત્રોનું માનવું હોય તો, બીસીસીઆઈ હવે એશિયા કપ રદ્દ કરવામાં આવે તો સપ્ટેમ્બર અથવા નવેમ્બર-ડિસેમ્બરની વચ્ચે આઈપીએલ કરાવવા પર વિચાર કરી રહી છે. PCBએ પોડકાસ્ટનો વીડિયો બહાર પાડ્યો. આમાં એહસાન મનીએ કહ્યું કે, મેં આ બધી અટકળો વિશે સાંભળ્યું છે, પરંતુ એ યાદ



રાખવું જોઈએ કે એશિયા કપ થાય છે કે નહીં તે ભારત-પાકિસ્તાનનો મુદ્દો નથી. આ ટૂર્નામેન્ટ સાથે બીજા ઘણા દેશો સંકળાયેલા છે.

પહેલા એશિયા કપ પાકિસ્તાનમાં યોજાનાર હતો, પરંતુ ભારતના વાંધા બાદ તેને દુબઈ ખસેડવામાં આવ્યો હતો. મનીએ કહ્યું કે, જો ક્રિકેટ ફરીથી શરૂ થાય છે તો એશિયા કપ રમાઈ તે બહુ જરૂરી છે. કારણકે એશિયન ક્રિકેટનો વિકાસ આ ટૂર્નામેન્ટથી મળનાર ફંડ પર નિર્ભર કરે છે. આ ટૂર્નામેન્ટ તે દેશો માટે પણ જરૂરી છે જે તેના સદસ્ય છે. જોકે નક્કી કહી શકાય નહીં કે ટૂર્નામેન્ટ થશે કે નહિ. જો સપ્ટેમ્બર સુધીમાં કોરોના કાબુમાં આવે અને સ્થિતિ બદલાઈ જાય તો એશિયા કપ જરૂર થશે. આ ટૂર્નામેન્ટથી મળનાર ફંડ આગામી બે વર્ષ સુધી સદસ્ય દેશોના વિકાસ માટે પૂરતા છે. મનીએ કહ્યું, જો આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં થનાર T-20 વર્લ્ડ કપ નથી થતો તો ઘણા દેશો માટે વિકટ પરિસ્થિતિ સર્જાય શકે છે. પાકિસ્તાનને જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ICC તરફથી ૭થી ૮ મિલિયન ડોલર (૫૫થી ૬૫ કરોડ રૂપિયા) મળ્યા હતા.

ધોની હજુપણ ક્રિકેટ રમવા માટે ઉત્સુક, હજુ પણ વાપસીની આશા છેઃ રૈના



નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના બેસ્ટ ફિનિસર અને કેપ્ટન તરીકે પોતાની નવી ઈમેજ ઉભી કરી ચૂકેલા ધોનીને હજુ પણ વાપસીની આશા છે. આ વાત ખુદ તેના સાથી ખેલાડી સુરેશ રૈનાએ કહી છે. રૈનાને કહ્યું કે, ધોની હજુપણ ક્રિકેટ રમવા માટે ઉત્સુક છે, અને જ્યારે પણ પ્રેક્ટિસ કરે છે ત્યારે ગગનચુંબી છગ્ગા ફટકારીને પોતાને પુરવાર કરે છે. લૉકડાઉન-૨ના કારણે હવે દેશમાં ૩ મે સુધી કોઈપણ પ્રકારની ક્રિકેટ નહીં રમાય તે નક્કી છે. પણ ધોની હજુ પણ ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી પ્રેક્ટિસ કરી રહ્યો છે. આ વાત ખુદ રૈનાએ કહી હતી.

રૈનાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ધોની એક સારો બેટ્સમેન છે, અને તેનામાં હજુ પણ ક્રિકેટ બાકી છે. તે અલગ પ્રકારના શૉટ રમી રહ્યો છે, જેને મે ક્યારેય નથી જોયા. તે પ્રેક્ટિસ દરમિયાન મોટો મોટા ગગનચુંબી છગ્ગાઓ ફટકારી રહ્યો છે. તે વાપસી માટે પરસેવો વહાવી રહ્યો છે. મને લાગે છે કે ધોની હજુ પણ વાપસી કરી શકે છે.

રૈનાએ કહ્યું કે જો આઈપીએલ અને ટી૨૦ વર્લ્ડકપ રમાવવાનો હોય તો મને આશા છે કે ધોની જરૂર વાપસી કરી શકે છે, ધોનીમાં ઉંમર જેવુ કોઈ દબાણ નથી. નોંધનીય છે કે, સુરેશ રૈના અને ધોની ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમમાં સાથે રમી રહ્યાં છે, વર્ષ ૨૦૧૧ વર્લ્ડકપ અને ૨૦૧૩ની ચેમ્પિયન ટ્રૉફીની ટીમમાં પણ સાથે હતા.

લખનૌમાં એક જ મસ્જિદમાંથી ૧૨ કોરોના પોઝિટિવ મળતા હડકંપ

લખનૌ

કોરોના વાયરસને લઈને ઉત્તર પ્રદેશ માટે ચિંતાજનક સમાચાર છે. અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે લખનૌમાં સદરનો વિસ્તાર દેશનો સૌથી મોટો હોટસ્પોટ બની ગયો છે. આ વિસ્તારથી મંગળવારનાં ૩૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા બાદ કુલ દર્દીઓની સંખ્યા ૫૧ પહોંચી ગઈ છે.

અધિકારીઓનું માનીએ તો દેશનાં કોઈપણ એક વિસ્તારથી આટલી મોટી સંખ્યામાં કોરોના પોઝિટિવ કેસનાં દર્દીઓ મળ્યા નથી. સદર સ્થિત અલી જાન મસ્જિદમાં ૧૨ તબલીગી જમાતનાં લોકો રોકાયા હતા. પોલીસે દરોડા પાડ્યા બાદ તેમને અહીંથી પકડ્યા હતા. તમામ ૧૨ જમાતીઓનાં કોરોના વાયરસની પુષ્ટિ થઈ છે.

જમાતીઓનો રિપોર્ટ આવ્યા બાદ જિલ્લા વહીવટી તંત્રએ સદરનો આખો વિસ્તાર સીલ કરી દીધો હતો. સદરમાં તબલીગી જમાતનાં સંપર્કમાં આવેલા લોકોનાં સેમ્પલિંગ લેવાનું શરુ કરવામાં આવ્યું, ત્યારબાદ એક પછી એક દર્દીઓ સામે આવ્યા. મંગળવારનાં આવેલા રિપોર્ટે સૌને ચોંકાવી દીધા.

લખનૌમાં કુલ ૩૧ લોકોનાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. ખાસ વાત એ છે કે આ તમામ ૩૧ લોકો સદર વિસ્તારનાં જ છે. અધિકારીઓએ જણાવ્યું કે, પોઝિટિવ લોકોમાં ૫ સગીર, ૪ મહિલાઓ અને ૨૨ પુરૂષો સામેલ છે. પોઝિટિવ આવેલા તમામ દર્દી કોઈને કોઈ રીતે જમાતીઓની ચેન ઑફ ટ્રાન્સમિશનથી જોડાયેલા છે.

બાઈડેન ઓબામા શાસનકાળમાં ઉપરાષ્ટ્રપતિ હતા

જો બાઈડેન અમેરિકાને મુશ્કેલ સમયમાંથી બહાર કાઢી શકે છેઃ બરાક ઓબામા

વોશિંગ્ટન

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ જો બાઈડેનની રાષ્ટ્રપતિ પદ માટેની દાવેદારીને સમર્થન આપતા કહ્યુ કે, બાઈડેન અમેરિકાને મુશ્કેલ સમયમાંથી બહાર કાઢી શકે છે. બાઈડેન ઓબાના શાસનકાળમાં લાંબા સમય સુધી ઉપરાષ્ટ્રપતિ રહ્યા હતા.

ઓબામાએ કહ્યુ કે, જો બાઈડેનની પાસે લાંબો સમયનો અનુભવ છે. તેઓ આ મુશ્કેલ સમયમાં આપણુ માર્ગદર્શન કરી શકે છે. તેઓ દેશ માટે સંકટમોચક બની શકે છે. તેમણે કહ્યું કે, મને વિશ્વાસ છે કે એક રાષ્ટ્રપતિમાં જે ગુણ હોવા જોઈએ એ તમામ ગુણ તેમનામાં છે. ઓબામાએ કહ્યુ કે તેમને ઉપરાષ્ટ્રપતિ તરીકે પસંદ કરવા મારા સારા નિર્ણયોમાંનો એક હતો. તે મારા એક નજીકના મિત્ર બની ગયા છે. મારુ માનવું છે કે તેમનામાં એ તમામ ગુણ છે જે આપણા રાષ્ટ્રપતિ માટે જરૂરી છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ મંગળવારે જો બાઈડેનની રાષ્ટ્રપતિ પદ માટે દાવેદારીનું સમર્થન કરતા કહ્યું કે, બિડને અમેરિકાના મુશ્કેલ સમયમાં સંકટમોચક બની શકે છે. બિડેન ઓબામા શાસનકાળમાં લાંબા સમય સુધી ઉપરાષ્ટ્રપતિ રહ્યા હતા. વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના સંભવિત રાષ્ટ્રપતિ ઉમેદવાર બિડેને અલાસ્કા પ્રાઈમરી ચૂંટણી જીતી લીધી છે.

સરકારની ગાઈડલાઈન બાદ દેશની ૫૦ ટકા અર્થવ્યવસ્થા કાર્યરત થવાનો આશાવાદ

ન્યુ દિલ્હી

જે સેક્ટરોને સરકારે નવી ગાઈડલાઈનમાં છુટ છાટ આપી છે તેને જોતા એવુ લાગે છે કે, ૫૦ ટકા ઈકોનોમીને લોકડાઉનમાંથી મુક્તિ મળશે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની ઈકોનોમી ફરી પાટા પર ચઢી શકશે.

નવી ગાઈડલાઈનમાં ખેતી માટે મોટી રાહત અપાઈ છે. ખેડૂતો ખેતી પણ કરી શકશે, તેમના માટે જંતુનાશક દવાઓ અને બિયારણ તથા બીજી મશિનરી ઉપલબ્ધ રહેશે. ઉપરાંત પશુપાલન, મત્સય ઉદ્યોગને રાહત અપાઈ છે.

ઈકોનોમીમાં ખેતીનુ યોગદાન ૧૫ ટકા છે.જેના પર કરોડો લોકો નભે છે. સરકારે કન્સ્ટ્રક્શન ઉદ્યોગને પણ છુટ આપી છે.જે પ્રોજેક્ટ શહેરથી દુર છે ત્યાં કામ કરી શકાશે અને રસ્તા પણ બનાવી શકાશે.આ વિસ્તારમાં ઈંટોના ભઠઠા પણ ચાલી શકશે.કન્સ્ટ્રક્શન સેક્ટરનો દેશની ઈકોનોમીમાં ૨૭ ટકા જેટલો હિસ્સો છે.

આ જ રીતે ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગોને ચલાવી શકાશે.શહેરથી દુર હોય તો આઈટી સેક્ટર પણ ૫૦ ટકા કર્મચારીઓ સાથે કામ કરી શકશે.નાણાકીય સેક્ટરને પણ વધારે છુટછાટ અપાઈ છે.વીમા ક્ષેત્રને ગાઈડલાઈનમાં રાહતો મળી છે.

માલ સપ્લાય કરવા માટેના વેયર હાઉસ, કોલ્ડ સ્ટોરેજ, કન્ટેનર ડેપો પણ ખોલવાની મંજુરી અપાઈ છે. આયાત નિકાસ માટે કસ્ટમ ક્લિયરિંગ એજન્ટોની સેવા પણ મળશે.

લોકડાઉન દરમિયાન હવે ઈલેક્ટ્રિશિયન, પ્લમબર, કારપેન્ટરને ઘરે બોલાવીને સમારકામ કરાવી શકાશે.આ તમામ સર્વિસ સેક્ટર સાથે જોડાયેલા લોકો છે. હાલમાં દેશમાં ૧૨ કરોડ મનરેગા મજૂરો છે. જેમને પણ કામ કરવાની કેટલીક શરતો સાથે મંજુરી અપાઈ છે.

કોરોનાની મહામારી ની પ્રભાવિત રમત-ગમત પર ટ્રમ્પ બોલ્યા

બધી રમતોને ટ્રેક પર લાવી પડશે, જૂની બેસબોલ મેચ જોઈને થાકી ગયો



વોશિંગટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દુનિયાભરમાં રમતોને ફરી શરૂ કરવા માંગે છે. અત્યારે કોરોનાવાયરસના કારણે તમામ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ જુલાઈ-ઓગસ્ટ સુધી રદ્દ અથવા સ્થગિત કરવામાં આવી છે. ટ્રમ્પે કહ્યું- "આપણે બધાએ રમતોને ફરીથી ટ્રેક પર લાવી પડશે. હું ૧૪ વર્ષ જૂની બેસબોલ મેચ જોઈને થાકી ગયો છું." અમેરિકાના પ્રમુખ બેસબોલ, ફૂટબોલ, ૨૦બી અને હોકી લીગના પ્રમુખ કોરોનાને લઈને ચિંતિત છે.

નેશનલ બાસ્કેટબોલ એસોસિયેશન (NBA)ની યુટા જૈજ ટીમના ખેલાડી રુડી ગોબેર્ટનો ૧૧ માર્ચે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારથી અમેરિકામાં ફ્રમ્છ, નેશનલ હોકી લીગ, ફૂટબોલ લીગ અને બેસબોલ લીગ સહિત તમામ ટૂર્નામેન્ટ્સ સ્થગિત કરવામાં આવી છે.

વિશ્વની વાત કરીએ તો જાપાનમાં થનાર ટોક્યો ઓલિમ્પિક ૧ વર્ષ માટે અને ભારતમાં થનાર ઈન્ડિયન પ્રીમિયર લીગ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવ્યા છે. બેસબોલની ૩૦ ટીમોને એરિજોનો અથવા અરિજોના અને ફ્લોરિડામાં ભેગી કરવાનો વિચાર થઈ રહ્યો છે. સીઝનની બાકીની મેચો ખાલી સ્ટેડિયમમાં રમાઈ શકે છે.

અમેરિકામાં પહેલા પાનાથી ચાલુ

હવે અમેરિકાએ સાચે જ ફન્ડિંગ રોકવાની જાહેરાત કરી દીધી છે. મંગળવારે આ અંગે કરવામાં આવેલી જાહેરાતમાં ડોનાલ્ડ ટ્રમ્પે એવો આક્ષેપ લગાવ્યો કે ડબલ્યુએચઓ તરફથી કોરોના અંગે ત્યાં સુધી માહિતી છૂપાવવામાં આવી જ્યાં સુધી તે આખી દુનિયામાં ફેલાઈ ન ગયો. પત્રકારો સાથે વાતચીત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે કોરોના અંગેની માહિતી છૂપાવવા અને અયોગ્ય વ્યવસ્થા મામલે ડબલ્યુએચઓની ભૂમિકા અંગે અમેરિકા સમીક્ષા કરી રહ્યું છે. આ પહેલા મંગળવારે ટ્રમ્પે દાવો કર્યો હતો કે દેશમાં લૉકડાઉન હટાવવા અને અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા સાથે જોડાયેલા નિર્ણયને લેવામાં કોઈ પ્રકારની સલાહની જરૂર નથી અને તેઓ જાતે નિર્ણય લેવામાં સક્ષમ છે.

દેશમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

હરિયાણામાં ૧૯૯ કેસ (૩ના મોત), હિમાચલ પ્રદેશમાં ૩૩ (૧નું મોત), જમ્મુ-કાશ્મીરમાં ૨૭૮ કેસ (૪ના મોત), ઝારખંડમાં ૨૭ કેસ (૨ના મોત), કર્ણાટકમાં ૨૬૦ (૧૦ના મોત) કેરળમાં ૩૮૭ (૩ના મોત) સામે આવ્યા છે.

કૂવામાં હોય તો હવાડામાં આવે, સરકાર જ માસ્ક ના પહેરે તો લોકો ક્યાંથી અમલ કરે...?

તંત્રની ઘોરબેદરકારીઃ સ્વર્ણિમ સંકુલમાં આવનારા માટે ગન ટેમ્પરેચરનો ઉપયોગ કેમ નથી કરાતો.?

કોંગ્રેસના અમદાવાદના જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા કોરોના વાઈરસની ચપેટમાં આવી ગયા છે. તેમની સાથે સીએમને મળવા ગયેલા અન્ય ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ વગેરે.ના કોરોના ટેસ્ટીંગ થયા છે. કોંગ્રેસના એક અન્ય નેતા બદરૂદ્દીન શેખ પણ પોઝીટીવ માલુમ પડ્યા છે. બીજી બાજુ ખેડાવાલા ગઈકાલે મંગળવારે ગાંધીનગરમાં સીએમ વિજય રૂપાણી અને નાયબ સીએમ નિતિન પટેલ તથા ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાને મળ્યા બાદ આ નેતાઓની તબીબી તપાસ હાથ ધરાઈ. જેમાં રૂપાણીને સ્વસ્થ જાહેર કરવાની સાથે તેમણે જાતે એક સપ્તાહ સુધી કોઈને નહીં ણલવાનો નિર્ણય જાહેર કર્યો છે. પરંતુ આ સમગ્ર ઘટનામાં ખેડાવાલા પ્રકરણે સરકારની પોલ ખોલી નાંખી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

સૂત્રોએ કહ્યું કે છેલ્લા બે મહિનાથી ગુજરાતમાં કોરોનાએ સરકારની ઉંઘ ઉડાડી છે. પરંતુ સરકાર સચિવાલય કે સ્વર્ણિમ સંકૂલમાં સીએમ કે મંત્રીઓને તથા સીએમ હાઉસમાં મળવા આવતા લોકોને તાવ વગેરે. છે કે નહીં તેની તબીબી તપાસ માટે ગન ટેમ્પરેચરનો ઉપયોગ કર્યો નથી. જો આ તાવ માપવાના સાધનનો ઉપયોગ કરાયો હોત તો ખેડાવાલા કે જે સીએમને મળ્યા પહેલા તાવ વગેરેથી પિડાતા હતા તે જાણી શકાયું હોત અને સીએમને કે કોઈ અન્યને મળવા માટે રોકી શકાયા હોત.

કોરોના મહામારીને કારણે એરપોર્ટ પર તથા અન્ય સ્થળોએ તાવ માપવા માટે ગનનો ઉપયોગ થાય છે. જેમાં ગનનું નાળચુ સામેની વ્યક્તિના કપાળે તાકીને તેના શરીરનું તાપમાન માપી શકાય છે. આવી જો ખાસ પ્રકારની ગનનો ઉપયોગ સરકારે સચિવાલય કે સીએમ હાઉસ વગેરે. સ્થળે કરાયો હોત તો ખેડાવાલા કે પછી જે કોઈ મુલાકાતી બિમાર હોવાનું જાણી શકાય અને વર્તમાન પરિસ્થિતિમાં તેની એન્ટ્રી રોકી શકાય.

સૂત્રોએ કહ્યું કે સરકાર માસ્ક માટે પ્રજાને ડંડા મારીને અમલ કરાવે છે જ્યારે ખેડાવાલા અને કોંગ્રેસના અન્ય ધારાસભ્યો સીએમ વગેરે.ને મળ્યા ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોએ તો માસ્ક પહેર્યા હતા પણ સરકારના મહાનુભાવો માસ્ક વગરના હતા...!! સરકારે એવો બચાવ કર્યો કે ખેડાવાલા સીએમથી ૩૦ મીટર દૂર બેઠા હતા.તેથી સીએમને કોઈ ભય નથી. પુરંતુ જો નેતાઓ જ માસ્ક ના પહેરે તો પ્રજા ક્યાંથી અમલ કરશે..? કૂવામાં હોય તો હવાડામાં આવે. સરકાર પાલન કરે તો લોકો પણ પાલન કરે. સીએમ કક્ષાની વ્યક્તિ માસ્ક વગર બેઠા અને હવે એક સપ્તાહ સુધી સેલ્ફ આઈસોલેશનમાં રહેવાની જરૂર પડી છે. સીએમને કોરોના વાઈરસ લાગ્યો નથી. તે એક સારી બાબત કહી શકાય. તો પછી એક સપ્તાહ સુધી અલગ રહેવાની કેમ જાહેરાત કરવી પડી...? વાસ્તવમાં તે એક કોરોના પ્રોટોકોલ છે. ચેપ લાગેલી વ્યક્તિના સંપર્કમાં આવનારને પોતાની જાતને બીજાથી અલગ રાખવી પડે. જેને હોમ ક્વોરેન્ટાઈન જ કહેવાય છે. જો કે લોકોમાં કોઈ ખોટો મેસેજ ના જાય એટલે સીએમને આઈસોલેશનમાં રાખવામાં આવ્યાં એમ કહેવાને બદલે સીએમ દ્વારા જાતે એક સપ્તાહ સુથી કોઈને નહીં મળવાનો નિર્ણય લેવાયો...ની જાહેરાત કરવામાં આવી છે.. જે સીધા નહીં પણ ઉંધા હાથે કાન પકડવા સમાન છે.

સરકારે ખેડાવાલા મામલા બાદ મુલાકાતીઓની સામાન્ય તબીબી ચકાસણી ખાસ કરીને તાવ માપવા માટે ગન ટેમ્પરેચરનો ઉપયોગ કરવો જોઈએ. અને તમામ મંત્રીઓ અધિકારીઓ વગેરે. ફરજિયાત માસ્ક પહેરે તેવો પરિપત્ર પણ કરવો જોઈએ.

મહારાષ્ટ્ર મંત્રી જીતેન્દ્ર અવ્હાડના સંપર્કમાં આવેલ પૂર્વ સાંસદ કોરોના પોઝિટિવ

મુંબઈ

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી જીતેન્દ્ર અવ્હાડના સંપ્રકમાં આવેલા વધુ એક નેતામાં કોરોના પોઝીટીવ આવ્યા છે. થાણેના પૂર્વ સાંસદ આનંદ પરાંજપેનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હવે જીતેન્દ્ર અવ્હાડના સંપર્કમાં આવેલા ૧૬ લોકોમાં કોરોનાની પુષ્ટી થઈ છે. એમાં ૫ બોડીગાર્ડ અને બાવર્ચી સ્ટાફ સામેલ છે. જણવાઈ રહ્યું છે કે, જિતેન્દ્ર અવ્હાડના સ્ટાફ મુંબ્રા પોલિસ સ્ટેશનમાં ફરજયુક્ત એક પોલિસના સંપર્કમાં આવ્યો હતો. બાદમાં જીતેન્દ્ર અવ્હાડના ૧૫ સ્ટાફ મેમ્બરોમાં કોરોનાની પુષ્ટી થઈ છે. જેમાં ૫ પોલિસ કોન્સ્ટેબલ, ઘરનો સ્ટાફ, ઘરના નોકરો અને પાર્ટી કાર્યકર્તા સામેલ છે.

જીતેન્દ્ર અવ્હાડે સોમવારે એક મેસેજ કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસથી એક પોલિસ અધિકારીના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદથી કોરોના પોઝીટીવ આવ્યા હતા. તેઓ પ્રથમ તપાસમાં કોરોના પોઝીટીવ આવ્યા ન હતા,, પરંતુ એક સજાગતાના ભાગરૂપે તેમણે ૧૪ દિવસ ક્વોરેન્ટાઈનમાં રહેવાનો નિર્ણય કર્યો છે.

કોરોનાના દર્દીએ મહિલા ડોક્ટર પર કરી અશ્લિલ ટિપ્પણી કરતાં હોસ્પિટલમાં હંગામો

ન્યુ દિલ્હી

હોસ્પિટલોમાં મેડિકલ સ્ટાફ સાથે ગેરવર્તનની ઘટનાઓ હજી પણ બની રહી છે. દિલ્હીની લોકનાયક જયપ્રકાશ નારાયણ હોસ્પિટલમાં ૨૫ વર્ષના તબલિગી જમાતના દર્દી પર મહિલા ડોક્ટર સાથે બેહુદુ વર્તન કરવાનો આરોપ લાગ્યો છે. તેણે મહિલા ડોક્ટર પર અશ્લિલ ટિપ્પણીઓ કરી હતી.

જયારે પુરુષ સ્ટાફ બચાવમાં ઉતર્યો ત્યારે દર્દીના સમર્થનમાં ટોળુ ઉગ્ર બની ગયુ હતુ. ડોક્ટરોએ પોતાની ઓફિસમાં છુપાઈ જવુ પડ્યુ હતુ.ટોળાએ આ ઓફિસનો દરવાજો તોડવાની પણ કોશિશ કરી હતી.

મીડિયા રિપોર્ટ પ્રમાણે ડોક્ટરોએ હોસ્પિટલના ડાયરેક્ટરને ફરિયાદ કરી છે. જે પ્રમાણે દર્દીએ મહિલા ડોક્ટરને ગાળોઆપવાનુ અને અભદ્ર ટિપ્પણી કરવાનુ શરુ કર્યુ હતુ.હોસ્પિટલ સિક્યુરિટી પણ મદદે આવી નહોતી.

દરમિયાન દિલ્હી સરકારનુ કહેવુ છે કે, આ હુમલાનો નહી પણ અભદ્ર વ્યવહારનો મામલો છે. પોલીસ ફરિયાદ કરવામાં આવી રહી છે અને દર્દીને પોલીસને હવાલે કરી દેવાશે.

રૂપાણી સેલ્ફ આઈસોલેટ થયા

મુખ્યમંત્રી રૂપાણી સંપૂર્ણ સ્વસ્થ: એક અઠવાડિયા સુધી કોઈ મળી નહિ શકે



ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો ત્યાર બાદ મુખ્યમંત્રીનું તબીબોએ પરિક્ષણ કર્યું

ગાંધીનગર

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ મચ્યો છે. ગઈકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે તેમણે મુલાકાત કરી હતી અને આ બેઠકમાં ખેડાવાલાએ માસ્ક પહેર્યુ નહોતું. દરમિયાન ગઈકાલથી જ સીએમ રૂપાણી સહિતના તમામ લોકોએ હોમ ક્વોરન્ટાઈન થવું એવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું ત્યારે આજે મુખ્યમંત્રીના સ્વાસ્થ્ય અંગે તેમના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છે કે મુખ્યમંત્રી રૂપાણી સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમના તબીબોએ તેમનું પરિક્ષણ કર્યુ છે.

અશ્વિની કુમારે જણાવ્યું કે વિજય રૂપાણીના સ્વાસ્થ્યનું આજે સવારે ગુજરાતના અગ્રણી તબીબો ડૉ. આર. કે. પટેલ અને ડૉ. અતુલ પટેલ દ્વારા પરિક્ષણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમના તમામ પેરામિટર્સ નોર્મલ છે. મુખ્યમંત્રી હાલ તેઓના નિવાસસ્થાનેથી રાજય સરકારની તમામ કામગીરીનું સંચાલન અને માર્ગદર્શન, ટેકનોલોજીના ઉપયોગથી વિડીયો કોન્ફરન્સ, વિડીયો કૉલીંગ અને ટેલિફોન સંવાદ દ્વારા કરી રહ્યા છે.

અશ્વિની કુમારે વધુમાં જણાવ્યું કે મુખ્યમંત્રીના નિવાસસ્થાને આવતા એક સપ્તાહ સુધી કોઈપણ મુલાકાતીને પ્રવેશ આપવામાં નહી આવે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સરકારની તમામ કામગીરીનું સંચાલન અને માર્ગદર્શન ટેકનોલોજીના ઉપયોગથી મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી રાબેતા મુજબ કરશે તેમ મુખ્ય મંત્રીના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું છે.આ પણ વાંચો : લૉકડાઉન પાર્ટ-૨માં ખેડૂતોને મળી મોટી રાહત, હવે આ કામોને મળી છૂટ

દરમિયાન કોંગ્રેસના જે ત્રણ ધારાસભ્યો સીએમ રૂપાણી સાથે બેઠકમાં જઈ આવ્યા હતા તેમાં શૈલેષ પરમાર અને ગ્યાસુદ્દીન શેખનો પણ સમાવેશ થાય છે. આ બંને ધારાસભ્યોના પણ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા કોરોના રિપોર્ટ કરવામાં આવ્યો છે. કોરોના વાયરસની આ મહામારીમાં અમદાવાદના જનપ્રતિનિધિઓ પણ સપડાતા તંત્ર દોડતું થઈ ગયું છે.

ભાવનગરમાં હોટસ્પોટ વિસ્તારોમાં પોલીસ માટે સેનેટાઈઝ મશીન મુકાયું

ભાવનગર

ભાવનગરના હોસ સ્પોટ વિસ્તારોમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓ તેમજ અન્ય સરકારી સ્ટાફને કોરોના વાઈરસના ચેપથી રક્ષણ મળે તે માટે સેનેટાઈઝ મશીન મુકવામાં આવ્યું છે. ભાવનગરના સાંઢીયાવાડ સહિતના હોટસ્પોટ વિસ્તારમાં પોલીસ, આરોગ્ય વિભાગ સહિત અનેક અધિકારીઓ કર્મચારીઓ ફરજ બજાવે છે.

તેઓના મનમાં સતત કોરોનાનો ભય છવાયેલો હોય છે. ત્યારે રેડ ક્રોસ દ્વારા કોરોના વાઇરસની ચિંતાને હળવી કરવાના હેતુ સાથે દિવાનપરા સાંઢીયાવાડના નાકે સેનેટાઈઝ મશીન મુકવામાં આવ્યું છે. જેમાં ફરજ પરના કર્મચારીઓ તેમજ આમ નાગરિકો ઉપયોગ કરી રહ્યાં છે. શાક માર્કેટમાં આ જ પ્રકારનું બીજું સેનેટાઈઝ મશીન મુકવામાં આવ્યું છે. રાજકોટની એસપી કચેરીમા પણ સેનેટાઈઝ મશીન મુકવામાં આવ્યું છે.

જૂનાગઢમાં સગર્ભા મહિલા કોન્સ્ટેબલને કોરોના કરતા ખરાબ રસ્તાનો વધારે ડર

જુનાગઢ

સોમનાથ કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નયનાબેન વાઘ હાલ પ્રેગનન્ટ છે. તેઓને ૭ મહિનાનો ગર્ભ હોવા છતાં કોરોનાની મહામારીમાં પોતાની ફરજ નથી ચૂક્યા. તેઓ રોજ પોલીસ સ્ટેશન પોતાની ફરજ બજાવવા પહોંચી જાય છે. નયનાબેન સુત્રાપાડા રહે છે અને પોતાના પતિ તેને રોજ સ્કૂટર પર પોલીસ સ્ટેશન મુકી અને લઇ જાય છે. કોરોનાનો ડર નથી પરંતુ ખરાબ રસ્તાનો ડર નયનાબેનને સતાવી રહ્યો છે. નયનાબેનની ફરજની લોકો પ્રશંસા કરી રહ્યા છે.

હું ૭ મહિના ગર્ભવતી છું. તેમ છતાં પણ કટોકટીના સમયમાં ફરજ પર આવું છે. સુત્રાપાડા રહેતી હોવાથી રોજ મારા પતિ મને સ્કૂટર પર મૂકી જાય અને લઈ જાય છે. ખરાબ રસ્તાને કારણે ડર તો લાગે છે. પણ મારે મારી ફરજ પહેલા નિભાવવાની છે. મને પોલીસ સ્ટેશનમાં વાયરલેસમાં રાખી છે અને પીઆઇ સાહેબે ત્યાં પંખાની પણ સુવિધા કરી દીધી છે. આવી કપરી પરિસ્થિતિમાં લોકો ઘરની બહાર ન નીકળે તે સારું છે.

લોકડાઉનમાં ઉત્તરવહી અવલોકનના આદેશથી રાજકોટ શૈક્ષણિક સંઘ નારાજ

રાજકોટ

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની ઉત્તરવહી અવલોકનની કામગીરી આવતીકાલ તારીખ ૧૬થી શરૂ કરવા સામે રાજ્યભરના શિક્ષક સંઘ દ્વારા વિરોધની લાગણી દર્શાવવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં પણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શિક્ષકોને જુદા જુદા વિસ્તારોમાં તારીખ ૧૬ અને ગુરુવારથી ઉત્તરવહીના અવલોકન માટેના જે ઓર્ડર કરવામાં આવ્યા છે. તેની સામે ગુજરાત રાજ્ય શૈક્ષણિક કર્મચારી સંગે વિરોધ નોંધાવી લોકડાઉનના સમયગાળાને ધ્યાને લઇને આ પ્રકારની કામગીરી તારીખ ૩ મે પછી શરૂ કરવાની રજૂઆત કરી છે. કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈને રાજ્યભરમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા બાત ઉત્તરવહી અવલોકન અટકાવી દેવામાં આવ્યું હતું. ગઈકાલે દેશભરમાં તારીખ ૩ મે સુધી લોકડાઉન લંબાવવાના નિર્ણય બાદ ઉત્તરવહી અવલોકનની કામગીરી તારીખ ૩ મે પછી જ શરૂ કરવી જોઈએ. તેવી રજૂઆત ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ દ્વારા કરવામાં આવી છે. શૈક્ષણિક સંઘના આગેવાનોએ હા રજૂઆતના સંદર્ભે જણાવ્યું છે કે રાજ્યભરમાં જ્યાં કરો નાના દર્દીઓનું પ્રમાણ વધુ છે. તેવા હોટસ્પોટ એરિયાને રેડ ઝોનમાં મૂકવામાં આવ્યા છે. તેમજ અલગ અલગ વિસ્તારોમાં લોકડાઉનના કારણે પરિવહનની સેવા સંપૂર્ણ ઠપ થઈ ગઈ છે ત્યારે મધ્યસ્થ મૂલ્યાંકન અને કામગીરી શરૂ કરવી હિતાવહ જણાતી નથી. મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં એક કરતાં વધુ શિક્ષકોને ભેગા કરવામાં આવતા હોવાથી ત્યાં પણ રોગચાળો વધે તેવી સંભાવના છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આગામી તારીખ ૩ મે પછી લોકડાઉન સંપૂર્ણપણે ઉઠી જાય ત્યારબાદ ઉત્તરવહી અવલોકનની કામગીરી શરૂ કરવી જોઈએ. બીજી બાજુ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના આદેશ બાદ રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, અમરેલી સહિતના તમામ જિલ્લાના શિક્ષણ અધિકારીઓએ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં શિક્ષકોને ઉત્તરવહીના અવલોકન માટે તારીખ ૧૬થી હાજર થવાના આદેશ કર્યા છે. જે શિક્ષકો ઉત્તરવહી અવલોકનની કામગીરીમાં સામેલ થશે. તેને આવવા જવા માટેના પાસની વ્યવસ્થા પણ કરી દેવાની સૂચના આપવામાં આવી છે પરંતુ આજે રાજકોટ સહિતના અનેક વિસ્તારોના શિક્ષકોએ જણાવ્યું હતું કે લોકડાઉનના સમયમાં ઘરની બહાર નીકળવું મુશ્કેલ છે ત્યારે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રની કામગીરી તારીખ ૩ મે સુધી મુલતવી રાખવી જોઈએ.

કોરોના: વડોદરા આવેલી અને ગયેલી જમાતની વિગતોનો ક્રાઇમ બ્રાંચ-એસઓજીએ કર્યો ખુલાસો

વડોદરા

કોરોનાના લઈને ગઈકાલે વડોદરામાંથી મોટા સમાચાર આવ્યાં હતા. જેમાં શહેરમાં દિલ્હીની જેમ જમાત મળી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. જેમાં પોલીસ દ્વારા શહેરમાં પણ તબલિગી મરકઝ મળ્યા હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો. આમ હવે વડોદરામાં જમાતીઓના આવવાના મામલે ક્રાઇમ બ્રાંચ-એસઓજીએ વડોદરા આવેલી અને ગયેલી જમાતની વિગતો શોધી કાઢી છે. એક અહેવાલ મુજબ શહેરમાંથી ૭ તબલીગી જમાત અન્ય જિલ્લામાં ગઇ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર વડોદરા શહેરમાં ૨ જમાત આવી હતી. જેમાં ભાવનગરનો જમાતી નાગરવાડાથી કોરોના ચેપ લઇ ગયો હતો. ભાવનગરથી આવેલા જમાતે વડોદરાની ૬ મસ્જિદોની મુલાકાત લીધી હતી. જો કે પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આ ભાવનગર જમાતે ૧ ફ્લેટની મુલાકાત પણ લીધી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર વડોદરા શહેરમાં ૧૪ થી ૨૦ માર્ચ સુધી મરકઝ મળી હતી. શહેરના નાગરવાડા અને સૈયદપુરામાં જમાત મળી હોવાનો પોલીસ તપાસમાં ખુલાસો કરવામાં આવ્યો હતો. આ મરકઝમાં મુંબઈ જોગેશ્વરી, આંધ્ર પ્રદેશ અને ભાવનગરની જમાત આવી હતી. વડોદરા શહેરમાં મળેલી મરકઝમાં આ ૩ જમાતમાં ૨૨ લોકો આવ્યાં હતા. જેમાંથી આંધ્ર પ્રદેશની જમાતના ૭ લોકો પણ હજી આજે શહેરમાં છે. જ્યારે વડોદરા શહેરની ૬ જમાત શહેરની બહાર ગઇ હતી. ૬ જમાતના ૭૭ લોકો મરકઝ માટે બહાર ગયા હતા. દેશમાં કોરોના વાયરસના સંકટ વચ્ચે દિલ્લીના હજરત નિઝામુદ્દીન મરકજમાં મુસ્લિમો મળ્યા હતા. ૧થી ૧૫ માર્ચ સુધી તબલીગી એ જમાતની બેઠકમાં મુસ્લિમોએ ભાગ લીધો હતો. જેમાં દેશના અલગ અલગ રાજ્ય અને વિદેશમાંથી મળીને કુલ ૧૮૩૦ લોકોએ ભાગ લીધો હતો. દિલ્લીના તબલીગી જમાત કાર્યક્રમમાં કોરોના વાયરસનાં સંક્રમણના સૌથી વધારે કેસ સામે આવ્યા હતા. .એકથી વધુ લોકોને એકઠા થવા પર પ્રતિબંધ હોવા છતા સરકારના આદેશનું ઉલ્લંઘન કરી લોકો એકઠા થયાં હતા. જેથી સરકારે લાલ આંખ કરી હતી, સરકારના આદેશના ઉલ્લંઘન બદલ ફરિયાદ નોંધાઇ હતી.

બદરુદ્દીન શેખ અને તેમની પત્નીને તથા ઓઢવ કોંગ્રેસના મહામંત્રીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાઈરસનો પ્રકોપ સતત વધી રહ્યો છે, ત્યારે કોરોના વાઈરસની અસર હવે ગાંધીનગર સચિવાલય સુધી પહોંચી ગઈ છે. ગઈકાલે અમદાવાદના કોટ વિસ્તારના એક ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો, ત્યારે આજે વધુ એક નેતાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, ગઈકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે બેઠકમાં હાજર રહેલા કોંગ્રેસના ધારાસભ્યો ઈમરાન ખેડાવાલાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. બદરૂદ્દીન શેખને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. બદરૂદ્દીન શેખનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ખેડાવાલા બાદ બદરૂદ્દીન શેખને કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. સાથે સાથે તેની પત્નીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઘટના બાદ બદરૂદ્દીન શેખને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. છસ્ઝના પૂર્વ વિપક્ષના નેતા કોરોનાની ઝપેટમાં આવી જતા હવે ગુજરાતમાં કોરોના વાયરસ નેતાઓને ભરડામાં લઈ રહ્યો છે.

બદરૂદ્દીન શેખ પોતાના વિસ્તારમાં સેવા કાર્ય કરતા હતા. આ સિવાય ઓઢવ કોંગ્રેસના મહામંત્રીને કોરોનાનો ચેપ લાગ્યો છે, એક સન્છ અને હવે કોર્પોરેટરને કોરોનાએ પોતાના ભરડામાં લીધા છે. રાજયમાં સીએમ સહિતના નેતાઓની ચિંતા વધી ગઈ હતી. પરંતુ હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજ્યા મુખ્યમંત્રી વિજય રૂપાણી સંપૂર્ણ સ્વસ્થ હોવાની માહિતી મળી રહી છે. આ ઉપરાંત કોરોના પોઝિટિવ મળી આવેલા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના સંપર્કમાં આવેલા દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને દાણીલીમડાના ધારાસભ્ય શૈલેશ પરમારનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે.

ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ ઈમરાન ખેડવાલા પર આક્ષેપ, કહ્યું

શંકાસ્પદ કોરોના વખતે લોકોની વચ્ચે જઈને "સેવા" કરવીએ "કુસેવા" છે

અમદાવાદ

ભરત પંડ્યાએ ઈમરાન ખેડાવાલા પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, જયારે પોતે બિમાર હોય, કોરોના માટે ટેસ્ટ કરાવ્યો હોય અને માસ્ક નીચે રાખીને લોકોની વચ્ચે ફરવુંએ ગંભીર બેદરકારી જ ગણાય. ઈમરાનના પરિવારનું શું ? તેમનાં પાડોશીનું શું? તેઓ જેને જેને મળ્યાં હશે તેમનું શું? જે મીડિયાના મિત્રો કોરોના સામેની લડાઈમાં જનજાગૃતિ કરવાનું મહત્વનું કામ કરે છે, તેમને મળ્યાં હશે, તે મીડિયાના મિત્રો અને તેમના પરિવારનું શું? જે મુખ્યપ્રધાને અમદાવાદના કોટ વિસ્તારની ચિંતા કરીને મળવા બોલાવ્યા તેવા ગુજરાતના મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન, ગૃહ પ્રધાન, જેઓ ગુજરાતની ૬ કરોડ જનતાની ચિંતા કરીને રાત-દિવસ કામ કરે છે. તેમનું શું? કોઈપણ વ્યક્તિ પોતે જો બિમાર હોય, કોરોના ટેસ્ટ કરાવ્યો હોય, એટલે કે શંકાસ્પદ કોરોના વખતે લોકોની વચ્ચે જઈને "સેવા" કરવીએ "કુસેવા" છે. અને તે કહેવાતી સેવાએ માનવજાત માટે "જોખમ" છે. આ વાત સહુએ યાદ રાખવી પડશે.

પોઝિટિવ કેસોનો આંકડો ૨૧એ પહોંચ્યો

રાજકોટમાં કોરોનાનો તાંડવ, ૧૧ દિવસની બાળકી સહિત ૩ પોઝિટીવ કેસ નોંધાયા

રાજકોટ

રાજયમાં કોરોના વાયરસનો તાંડવ મચેલો છે. ત્યાં રાજકોટમાં આજે ૧૧ દિવસની બાળકી સહિત વધુ ૩ કોરોના વાયરસના પોઝિટીવ કેસ સામે આવ્યા છે. આ સાથે જ હવે રાજકોટમાં કુલ આંકડો ૨૧એ પહોંચ્યો છે. તમને જણાવીએ કે છેલ્લા ત્રણ દિવસથી કોરોના વાયરસનો એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નહોતો. ત્યારે આજે વહેલી સવાર રાજકોટમાં ૩ લોકોનો રિપોર્ટ પોઝિટીવ આવતા હડકંપ મચેલો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, રાજકોટમાં જે ત્રણ વ્યક્તિઓના કેસ પોઝિટિવ નોંધાયા છે તેમાંથી એક ૧૧ દિવસની બાળકી હોવાનું પણ સામે આવ્યું છે. જ્યારે અન્ય બે કેસમાં ૪૭ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે, જ્યારે કે ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જો કે બાળકી ના માતા પિતા ના રિપોર્ટ નેગેટીવ હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટ શહેરમાં આજે વહેલી સવારે આવેલ રિપોર્ટમાં એક સાથે ત્રણ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

રાજકોટમાં ત્રણેય કોરોના પોઝિટિવ કેસ એક જ જગ્યા ના હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે આ જગ્યા એ બીજો કોઇ જ નહિ પરંતુ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલ હોટસ્પોટ વિસ્તાર એવો જંગલેશ્વર વિસ્તારમાંથી જ ત્રણેય કેસ નોંધાયા છે.

વડોદરાના ડભોઈમાં કોરોનાનો પ્રથમ કેસ, પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૭ ઉપર પહોંચી

વડોદરા

વડોદરા જિલ્લાના ડભોઈમાં કોરોના વાઈરસનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો છે. ડભોઈના મહુડી ભાગોળ વિસ્તારના ૫૨ વર્ષીય ઐયુબ તાઈનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ગોત્રી હોસ્પિટલમાં બોડેલીના ૯ મહિનાના બાળકનું શંકાસ્પદ કોરોના વાઈરસથી મોત થયું છે. જોકે તેનો રિપોર્ટ હજી પેન્ડિંગ છે. વડોદરામાં કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યા વધીને ૧૧૭ ઉપર પહોંચી ગઈ છે. કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સારવાર લઈ રહેલા નાગરવાડા એક ૫૮ વર્ષીય આધેડનું મંગળવારે સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે પ્રતાપનગરની ૧૩ વર્ષીય કિશોરીનું પણ કોરોનાના કારણે મોત થયું હતું. વડોદરા શહેરમાં મંગળવારે કોરોનાના વધુ ૮ પોઝિટિવ કેસો જાહેર થયા હતા.

નાગરવાડાના પટણી પરિવારમાં પહેલા બે ભાઈ અરવિંદભાઈ અને અશોકભાઈનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ પરિવારના ૨૭ વર્ષીય ભાર્ગવ પટણીનું કોરોના પોઝિટિવ આવ્યા બાદ મોત નિપજ્યું હતું. હવે અશોકભાઈ-અરવિંદભાઈના પિતા ફકીરભાઈ પટણીનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત રેખાબેન પટણીનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. બીજી તરફ આનંદનગરમા સત્યમ એપાર્ટમેન્ટમાં પાયલબેન પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટવ આવ્યા બાદ મંગળવારે તેમની ૧૫ વર્ષીય પુત્રી અને સસરા બીપીનભાઇ પટેલનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

ગોત્રી કોરોના હોસ્પિટલમાં ૧૬૦ જેટલા શંકાસ્પદ અને પોઝિટિવ દર્દીઓ રાખવામાં આવ્યા હતા. આ દર્દીઓને આજવા રોડની એક ફેસિલિટી ખાતે ખસેડવાનો નિર્ણય કરાયો હતો. તે અંતર્ગત ૮૧ દર્દીઓને સોમવારે રાત્રે ૪ બસોમાં ખસેડ્યા હતા. મંગળવારે વધુ ૭૯ દર્દીઓને ઈબ્રાહિમ બાવાની ટ્રસ્ટની ફેસિલિટી ખાતે ખસેડવામાં આવ્યાં હતા. તે પૈકીના ઘણા ખરાના રિપોર્ટ પોઝિટિવ છે પણ તેઓ આરામથી હરીફરી શકે છે.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ માસ્ક ફરજિયાત કરવાની તૈયારી

ગાંધીનગર

રાજ્યમાં કોરોનાનો પ્રકોપ વધતા રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં માસ્ક ફરજીયાત પહેરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરમાં પણ માસ્ક ફરજિયાત પહેરવા માટે ટુંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ ગાંધીનગર શહેરમાં માસ્ક ફરજીયાત કરવાનો નિર્ણય લીધો છે. હવે આ અંગે મહાનગરપાલિકાના કમિશનર ટુંક સમયમાં જાહેરાત કરે તેવી શક્યતા છે. રાજ્યમાં કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યા ૬૫૦ પર પહોચી છે. અમદાવાદ શહેરમાં કોરોના પોઝિટિવના સૌથી વધુ કેસ થયા છે ત્યારે અમદાવાદ અને ગાંધીનગર ટ્વિન સિટી હોવાને કારણે કોરોનાનો ચેપ ગાંધીનગરમાં ના પસરે તે માટે માસ્ક ફરજીયાત પહેરવાની વિચારણા ચાલી રહી છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાની અધ્યક્ષતામાં બેઠક મળી હતી જેમાં ગાંધીનગરમાં માસ્ક ફરજીયાત પહેરવાનો નિર્ણય લેવાયો હતો. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના જણાવ્યા અનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકામાં ૫૦ ટકા કરતા વધુ કર્મચારીઓ અમદાવાદથી અપડાઉન કરે છે. આ ઉપરાંત સચિવાલય અને અન્ય કચેરીઓમાં પણ અમદાવાદથી કર્મચારીઓ અપડાઉન કરે છે. કોરોનાનો ચેપ ગાંધીનગરમાં ના ઘુસે તે માટે આ નિર્ણય લેવાયો છે. આ અંગે મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશરને પણ સુચના આપવામાં આવી છે. ગાંધીનગરમાં પણ માસ્ક ફરજીયાત કરવાનો નિર્ણય હવે મ્યુનિશિપલ કમિશનર કરશે. ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પોઝિટિવના ૧૬ કેસ થયા છે ત્યારે ગાંધીનગર શહેરની મહત્વની જગ્યાઓ ઉપર સેનેટાઈઝ ટનલ બનાવવાની માંગ કરવામાં આવી છે.

હે ઈશ્વર ફરીથી મન ભરીને જીવવાના દિવસો આવ્યા,
દોડધામભરી જિંદગીને શાંતિ નો સહારો મળ્યો.
ઘણા સમયથી ઊંઘ પણ રિસામણે હતી,
પણ હવે તે મૂડમાં રહે છે.
ઘણા સમયથી પેટની પણ ફરિયાદ હતી,
હવે એ પણ ખુશ ખુશ રહે છે.
ઘણા સમયથી લાગણીઓ પણ સૂની હતી,
હવે તેને પણ કોઈક સાંભળે છે.
ઘણા સમયથી ફક્ત દિવાલો સાથે જોડાણ હતું,
હવે પોતાના લોકો પણ સાથે છે.
ઘણા સમયથી હવાનો શ્વાસ રુંધાતો હતો,
હવે તે પણ મુક્ત મને લહેરાય છે.
ઘણા સમયથી ઈશ્વર એક ખૂણામાં હતા,
હવે ઈશ્વર દરેકના હોઠ પર છે.
ઘણા સમયથી ઘણા કાર્યમાં રાજનીતિ હતી,
હવે સર્વત્ર બસ એકતા ની ગાથા ગવાય છે.
ઘણા સમયથી પોતાની જાત સિવાય કોઈ શક્તિશાળી ન હતું,
હવે જોઈ ન શકાય તેવા વિષાણુનો પણ ડર છે.
ઘણા સમયથી એક ધારી જિંદગી ચાલતી હતી,
હવે મિત્ર તેમાં પણ નવીનતા છે.

- સુચિતા ભટ્ટ, અમદાવાદ

•

મારા સુના હૃદયે શ્યામ ઝાંકવાની તને છૂટ છે,
દિલે મારા વસે છે કોણ તે જોવાની તને છુટ છે.
ગોરી ગોવાલણ જેવું જ છે ભોળું મનડું મારું,
વધતી જતી વૃત્તિઓ ને ડામવાની તને છુટ છે.
વૃંદાવન ની રાધિકા જેવું રૂપાળું છે તનડુ મારું,
નાકે નથડી ને પગે પાયલ બાંધવાની તને છુટ છે.
ચિતડું મારું ચિત્તોડ ગઢ જેવું જ સદાય દિસતું,
મેવાડી મીરા જેવી પરીક્ષા કરવાની તને છુટ છે.
ભક્તિ મારી ભોળા ભગત જેવી પૂર્ણ વૈશ્નવી,
સત્યવ્રત માટે આ મનખો વાપરવાની તને છુટ છે.
શ્યામ પ્રેમ આપણો છે અમર, માંગે મોટા બલિદાન,
ક્ષણે ક્ષણે જાગૃતિ માટે ટકોરવાની તને છુટ છે.
દીધા છે વચન જન્મોજન્મની પ્રીતના અમેતો,
ગમે ત્યારે શ્યામ અજમાવવાની તને છુટ છે.

- ફાલ્ગુની વસાવડા ભાવનગર

•

જેટલી વાર જોઉ એટલીવાર પ્રેમમા પડી છું.
અંધારે ઓરડે કોડીયું બની રોજ ચાહતમાં બળી છું
અમને તો લીલેરા છાંયડામાં મોત મળ્યું છે.
ને ધોમધખતા બળબળતા તાપમાં અવતરી છું.
હું તો સીમના બાવળમાંય યાદો શોધી લઉં છું.
તોય જોને દર્પણમાંય હું મુજને ક્યાં જડી છું?



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

મેઘધનુષના સાતેય રંગો મારા સ્વેત થઈ ગયા.
કેટલીયે વાર લમણેહાથ દઈ બાળક જેમ રડી છું.
જવાબદારી મજબુરી બની ગઈ છે મારી.
દીવસે અડીખમ બનું છું, રાતે રાતે રોજ ઢળી છું.
હા....હું પ્રેમમાં પડી છું

- શ્વેતા ઠક્કર, પાટણ

•

મરણની પહેલાં મરી જવું સહેલું નથી હોતું.
દેશને કાજ માથું ધરી જવું સહેલું નથી હોતુ.
સાત દરિયા પાર કરી શકો નાવ લઈને તમે.
ડૂબે નાવ પછી તરી જવું સહેલું નથી હોતું.
થોડી વાર ચમકીને તેજ ફેલાવી શકો તમે.
સિતારા જેમ ખરી જવું સહેલું નથી હોતુ.
બે-ચાર ઉપવાસ ખેંચી શકાય છે આરામથી.
ભૂખથી તડપીને મરી જવું સહેલું નથી હોતું.
જીવનભર સત્ય બોલી શકો યુધિષ્ઠિર જેમ.
ધર્મસંકટમાં વાતથી ફરી જવું સહેલું નથી હોતુ.

- કુસુમ કુંડારિયા. જૂનાગઢ

•

જીવનની અંધારી રાતમાં પ્રકાશ થઈને આવજે,
પગલાં માંડતી નિરાશાની એક આશ થઈને આવજે.
સદીઓથી ભટકી રહી છે આગ પણ ઠર્યા વગર,
એવી ઉઘાડી આગનો આવાસ થઈને આવજે.
વેદનાઓ એવી હતી કે આખું હૃદય ફાટી ગયું,
તિરાડો મય હૃદય ધરાનું આકાશ થઈને આવજે.
પીડા બધી સહેવા છતાં ક્યાં જશ મને મળ્યો કદી?
સતત સળગતી ધડકનો માં હાશ થઈ ને આવજે
થાકી ગયા છે પગ હવે ને મૌન થઈ સમજણ બધી
અટકી ચૂકેલી જિંદગીમાં શ્વાસ થઈને આવજે

- દિવ્યા એમ.પુરોહિત "બંસરી"

•

તને જોયા પછી પ્રેમ પણ ગજબનો થાય છે
મનને સમજાવા છતા વારંવાર ત્યાં જાઈ છે.
પ્રથમ મુલાકાત તો આંખની આંખથી થાય છે
શબ્દોની આપ-લે માં તો હજુ ઘણીયે વાર છે.
આંખનું નૂર તે ચહેરો ઘણું બધું કહી જાઈ છે
સતત રહેતું મૌન મને મજબૂર કરી જાઈ છે.
એકતરફી પ્રેમની તો મજા જ અલગ હોઈ છે
એની હા કે ના સાંભળવાની જ રાહ હોઈ છે.
આપણું મિલન કે વિરહ ઈશ્વરના હાથમાં છે
એવું તો કંઈક બતાવ કે મનોમન તારી હા છે.
હૃદયના કુરુક્ષેત્રમાં આ યુદ્ધ હર ઘડી થાય છે
અંતે 'અરજ' સત્તા સમયની ખેલ કરી જાઈ છે.

- અર્જુન એમ ઠાકર "અરજ" ભાવનગર

•

કોરોના કોરોના થી કેમ ત્રાહિમામ છે?
એક વાયરસ ની આટલી તાકાત છે.
સિનેમાહોલ, રેસ્ટોરાં કેમ બંધ છે?
ઓફિસો ને કચેરીઓ પણ લોક છે.
શાળા કોલેજ તો બંધ છે ઠીક છે
પણ મંદિરો ને કેમ વાગ્યા લોક છે?
જેણે કેદ કરી આખી એ સૃષ્ટિ છે.
કેમ એ માણસ જ ઘર મહી કેદ છે?
દુનિયા પર રાજ કરવાના સપના છે.
આજ ઘરેથી નીકળવાના ફાંફાં છે?
હું જીતી લઈશ ના અહંકાર હેઠળ
કાલ સવાર થવાના ફાંફાં છે?
સર્વોપરી હું છું માનનાર આજે,
એક વાયરસ ના ડરથી શ્વાસ લેવાને મોહતાજ છે?
કહુ છું "કાન" આ સમય મળ્યો છે, સુધરી જવાનો.
આપણી સંસ્કૃતિ આપણા સંસ્કાર ને અપનાવવાનો.
માતા આપણી ધરતી પણ પાછી આવશે,
જ્યારે તારાં માં એ મમતા પાછી આવશે.
કાપ નહી તુ વૃક્ષ ને,
તાજી હવા પાછી લહેરાશે.
જીવન પણ લહેરાશે,
જ્યારે હરિયાળી પાછી આવશે.
સમજી જા માણસ સમય છે,
ઘર એ જ બીજુ સ્વર્ગ છે.
ને ઘર ના મા-બાપ જ ઈશ્વર છે.

- કનિષા પંડ્યા "કાન" અમદાવાદ

•

આપણે વિચારીએ એટલું કોઈ આપણું નથી હોતું !
ને છોડી મૂકવું છોડી મૂકવા જેટલું સહેલું નથી હોતું.
આંગળી પકડી અને એકલા ચાલવામાં ફર્ક હોય છે,
આમેય, ખભે હાથ રાખનાર દરેક અંગત નથી હોતું.
નસીબદાર છે કે એ રાજા છે આ કહેવું કેટલું યોગ્ય ?
યાદ રાખજો, સર્કસમાં નાચે એ શિયાળ નથી હોતું !
જોડાયેલી દરેક વસ્તુ છૂટી પડતા તકલીફ આપે છે !
લાગણીવશ થઈને રડી લેવું એટલું સહેલું નથી હોતું.
લખતો આવ્યો છું પીડા હરહંમેશ હું મારા હૃદયની !
આમ કાગળે ઉતરવા શબ્દોને કોઈ બહાનું નથી હોતું.

- મિલન લાડ " મન "

કોરોનાનો કેરઃ ભાવનગર કોરોનામાં ૧૧.૫૪ %ના મૃત્યુદર સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે

ભાવનગર

ભાવનગરમાં કોરોનાનો અત્યાર સુધીનો અહેવાલ જોઈએ તો કુલ ૨૬ દર્દી પોઝિટિવ નોંધાયા છે તેમાં ૭ દર્દી સજા થઈ જતાં ટકાવારી ૨૬.૯૨ ટકા છે. તો મૃત્યુદર જોઈએ તો ૨૬ પૈકી ૩ના મોત થતાં મોત થતાં ટકાવારી ૧૧.૫૪ ટકા છે. જે સમગ્ર રાજ્યમાં સૌથી વધારે છે. ભાવનગર શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવમાં કેસની સંખ્યા વધી રહે છે ત્યારે સમગ્ર ગુજરાતમાં પોઝિટિવ કેસમાં સાજા થવાનો દરમાં ભાવનગર ચોથા ક્રમે છે.

જ્યારે પ્રથમ ક્રમે ગાંધીનગર છે. ભાવનગરમાં અત્યાર સુધીમાં જે ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા છે તેમાં ૭ કેસમાં બે વખત રિપોર્ટ નેગેટિવ આવતા ભાવનગરમાં દર્દીઓના સાજા થવાનો દર ૨૬.૯૨ ટકા છે. જ્યારે ગાંધીનગર પ્રથમ ક્રમે છે જ્યાં પોઝિટિવ દર્દીનો સાજા થવાનો દર ૪૬.૬૭ ટકા છે. ત્યાં ૧૫ પૈકી ૭ દર્દી સાજા થઈ ગયા છે.

તો બીજા ક્રમે રાજકોટ છે જ્યાં ૧૮ પૈકી ૮ દર્દી સાજા થઈ જતાં ટકાવારી ૪૪.૪૪ છે. તો ત્રીજા ક્રમે પાટણ છે જ્યાં સાજા થવાનો દર ૨૮.૫૭ ટકા છે. ચોથા ક્રમે ભાવનગર છે. ભાવનગરમાં મૃત્યુદર ઉંચો છે. ભાવનગરમાં ૨૬ દર્દીમાં ૩ના મોત થતાં ટકાવારી ૧૧.૫૪ ટકા થઈ છે. સુરતમાં મૃત્યુદર ૪૦ દર્દીમાં ૪ના મોત થતા ટકાવારી ૧૦ ટકા છે. આમ રાજયમાં ભાવનગર પ્રથમ અને સુરત બીજા ક્રમે છે.

રાજકોટ જંગલેશ્વરમાં વધુ ત્રણ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ

રાજકોટ

રાજકોટમાં કોરોના માટે સૌથી વધુ સેન્સિટિવ બની ગયેલા જંગલેશ્વર વિસ્તારમાં આજે વધુ ત્રણ કેસ પોઝિટિવ જાહેર થતા તંત્રમાં દોડધામ થઈ છે. સમગ્ર રાજકોટ શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૨૧ કેસ કોરોના નોંધાયા છે. તેમાં શહેરના સ્લમ વિસ્તાર એવા માત્ર જંગલેશ્વર વિસ્તારમાં ૧૨ કેસ નોંધાયા છે. જે પૈકી ૧૧ કેસ એપ્રિલના બે સપ્તાહમાં નોંધાયા છે જ્યારે પંદર દિવસથી શહેરના અન્ય વિસ્તારમાં કેસ નોંધાયા નથી. આજે ત્રણ કેસો નોંધાયા તેમાં એક તો ૧૧ દિવસની બાળકીનો સમાવેશ થાય છે

મુખ્યમંત્રી સચિવ અશ્વિનીકુમારનો ખુલાસો

મુખ્યમંત્રી અને ખેડાવાલા વચ્ચે જળવાયું હતું સોશિયલ ડિસ્ટન્સ, સંપર્કમાં નથી આવ્યા

ગાંધીનગર

ઈમરાન ખેડાવાલા સાથે ગઈકાલે થયેલી મિટિંગ અને તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારે ઝસ વિજય રૂપાણી પોતાના ગાંધીનગર સ્થિતિ મુખ્યમંત્રી આવાસ બંગલા નંબર ૨૬માં હોમ ક્વોરન્ટીન થયા છે. દરમિયાન મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી અને ધારાસભ્ય ખેડાવાલા વચ્ચે ૧પથી૨૦ ફૂટનું અંતર હતું, નજીકના સંપર્કમાં નથી આવ્યા. સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવ્યું હતું. આજે ૪ વાગ્યે કેબિનેટની મિટિંગ બાદ ગાઈડલાઈન બહાર આપવામાં આવશે.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે,મીટિંગોમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થાય છે. સંક્રમણ ના થાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. સીએમ અને ખેડાવાલા વચ્ચે મીટિંગમાં ૧પથી ૨૦ ફૂટનું અંતર હતુ. મીટિંગ પણ લાબી ચાલી નથી. એક્સપોઝર થયું નથી. અમદાવાદના કોટ વિસ્તારમાં સંખ્યા ન વધે તે માટે નિર્ણય લેવા બોલાવાયા હતાં. આજે ડો. આર કે પટેલ અને ડો અતુલ પટેલે આરોગ્યનું પરીક્ષણ કર્યું છે.

આણંદના MP મિતેષ પટેલની આગેવાનીમાં ચરોત્તર વિદ્યામંડળના સભ્યોએ પણ તાજેતરમાં મુખ્યમંત્રીને હાથોહાથ વડાપ્રધાન રાહત ભંડોળમાં રૂ. ૨૫ લાખ અને મુખ્યમંત્રી રાહત ભંડોળમાં રૂ. ૫૦ લાખના બે ચેક આપ્યા હતા. ત્યારબાદ MP મિતેષ પટેલ સેલ્ફ આઈસોલેટ થયા હતા. આજે ગુજરાતમાં કોરોના પોઝિટિવના દર્દીઓમાં ૫૬ નોંધાયા હતા. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૪૨ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં પોઝિટિવ કેસોનો આંકડો ૬૯૫ કેસ થયા છે. આજે કોરોનાના કારણે બે દર્દીના મોત થયા છે. જેમાં વડોદરામાં ૧૪ વર્ષીય બાળકી અને સુરતમાં ૪૫ વર્ષીય મહિલાનું મોત નિપજ્યું હતું.

કોરોનાઃ વડોદરા કોર્પોરેશ દ્વારા જંતુનાશક પાવડર, માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝની ખરીદી

વડોદરા

વડોદરા શહેરમાં કોરોના મહામારીના કારણે ઉભી થયેલી સ્થિતિમાં ખાસ તો સ્વચ્છતા સફાઈ માટે જંતુનાશક પાઉડર કોર્પોરેશનના કર્મચારીઓ માટે માસ્ક અને હાથ મોજાની જરૂરિયાતને પહોંચી વળવા માટે તાત્કાલિક ખરીદી કરવી પડી હતી.

કોર્પોરેશને રૂપિયા ૫૧ લાખ ૨૪ હજારનો ખર્ચ આ ખરીદી પાછળ કર્યો છે. કોરોનાની સ્થિતિમાં કામ કરતા કર્મચારીઓ માટે એક લાખ ૩૨ હજાર માસ્ક તથા ચાર હજાર હાથ મોજા રૂપિયા ૧૩ લાખ ૬૦ હજારના ખર્ચે ખરીદ્યા છે. રોગચાળામાં સફાઈ બાદ જંતુનાશક પાઉડર છાંટવામાં આવે છે. આ પાઉડર સાથે ચુનાનો પાઉડર મિક્સ કરવામાં આવે છે.

શહેરના તમામ વોર્ડની માંગણીના આધારે ચૂનાના પાઉડરની ૫૦૦૦૦ બેગની જરૂર હતી. એક બેગમાં ૨૦ કિલો પાવડર હોય છે. આ પાઉડર રૂપિયા ૧૭.૯૪ લાખના ખર્ચે ખરીદ્યો હતો. આ સિવાય જંતુનાશક મીલેથી ઓનની પણ જરૂર પડી હતી. ૨૫ કિલો વજન ધરાવતી આ પાઉડરની ૪૭૦૦ બેગ રૂપિયા ૧૯ લાખ ૬૪ હજારના ખર્ચે ખરીદી હતી. સ્ટેન્ડિંગ કમિટીમાં આ માટે મંજૂરી અર્થે દરખાસ્તો રજૂ થઈ છે.

અમદાવાદમાં કોરોનાના કેસોમાં સતત વધારો, નવા ૪૨ સાથે સંખ્યા ૪૦૪ થઈ, ૧૪ના મોત

અમદાવાદ

અમદાવાદમાં કોરોના પોઝિટિવની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે વધુ ૪૨ કેસો સામે આવ્યા છે. આ સાથે અમદાવાદમાં અત્યાર સુધીમાં કુલ ૪૦૪ પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમા ૧૪ લોકોના મોત નિપજયા છે અને ૧૪ લોકો સાજા થઈને ઘરે પરત ગયા છે. આજના ૪૨ કેસોમાં ૨૪ પુરુષ તેમજ ૧૮ મહિલાઓ છે.

કોટ વિસ્તારમાં જવાના તમામ રસ્તા પર બેરીકેડ લગાવી બ્લોક કરી દેવામાં આવ્યાં

રાજયમાં કોરોના કેસો સૌથી વધુ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. કોટ વિસ્તાર અને દાણીલીમડામાં કેસોની સંખ્યા વધુ હોવાથી આજથી કોટ વિસ્તાર અને દાણીલીમડા સહિત ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરફ્યુ લગાવવામાં આવ્યો છે. વહેલી સવારથી સ્થાનિક પોલીસ અમે આરએએફ, બીએસેફની ટીમોએ પેટ્રોલિંગ શરૂ કર્યું છે. મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. કોટ વિસ્તારમાં જવાના તમામ રસ્તા પર બેરીકેડ લગાવી બ્લોક કરી દેવામાં આવ્યા છે. કોટ વિસ્તારમાં અંદરના ભાગમાં પોલીસ ચુસ્ત પેટ્રોલિંગ કરી રહી છે. સવારથી કોઈ વ્યક્તિ બહાર જોવા મળી નથી.

અમદાવાદામાં ૧૫ કલાકમાં કોરોનાના ૪૨ કેસ,લોકો લોકડાઉન મુદ્દે ગંભીર નથીઃ નેહરા

અમદાવાદ

અમદાવાદમાં એક પછી એક પોઝિટવ કેસ સામે આવતા તંત્રની ઉઘ હરામ થઈ ગઈ છે ત્યારે અમદાવાદ મ્યનિસિપલ કમિશનરે આ અંગે કેટલીક મહત્વની માહિતી આપી હતી. અમદાવાદમાં કોરોનાના કહેરને પગલે તેમણે સાવચેતી જ બચાવ હોવાનું કહીને નવા કેસ અંગે માહિતી આપી હતી. અમદાવાદમાં હાલ ૪૦૪ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૧૫ લોકોના કોરોનાથી મોત થઈ ચુક્યા છે.

મનપા કમિશનર વિજય નેહરાએ ઘટસ્ફોટ કર્યો હતો કે, માત્ર ઈમરાન ખેડાવાલા જ નહીં પરંતુ કોંગ્રેસના કોર્પોરેટર બદરૂદ્દીન શેખ અને ઓઢવના કોંગ્રેસના મહામંત્રી પણ કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યુ છે.તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, કોટ વિસ્તારમાં કોંગ્રેસના નેતાઓ પણ પોઝિટિવ હોવાનું સામે આવી રહ્યુ છે. ઈમરાન ખેડાવાલાની તબિયત હાલ સ્થિર છે. કોંગ્રેસના નેતા બદરૂદ્દીનને પણ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. બદરૂદ્દીન શેખ કોર્પોરેશના વિપક્ષના નેતા છે. અમદાવાદામાં ૧૫ કલાકમાં ૪૨ કેસ કોરોના પોઝિટિવ નોંધાયા છે. લોકડાઉનનુ હજુ પણ કેટલાક લોકો સહકાર નથી આપી રહ્યા.

કોટ વિસ્તારમાં ૬ વાગ્યાથી કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. આજે ૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામા આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમા એક દર્દીનુ મોત થયુ છે. દરરોજ ૭૦૦થી ૮૦૦ સેમ્પલ લેવામાં આવે છે. અત્યાર સુધી અમદાવાદમાં ૭૬૦૦ સેમ્પલ લેવાયા છે. ૧ લાખથી વધુ ઘરોમા સર્વે કરવામાં આવ્યો. તંત્રની ૫૦ વધુ ટીમો કર્ફ્યુ વિસ્તારમાં એલર્ટ છે. દરરોજ એક હજાર લોકોનો ટેસ્ટ કરવાનો ટાર્ગેટ છે. કાલુપૂરમાં એક પરિવારના તમામ ૮ સભ્યોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઓઢવના ઉમિયાધામમાં ૫ કેસ પોઝિટિવ આવ્યા છે. જમાલપુરમા ૫ કેસ પોઝિટિવ સામે આવ્યા છે. ઓઢવમા કોંગ્રેસ મહામંત્રીનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

લોકડાઉનઃ શાપર, હડમતાળા, બીલ્ડર એસો.દ્વારા, હજારો શ્રમિકોને આશ્રય ભોજન

રાજકોટ

ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક લાખ શ્રામિકોને આશ્રયપ જયાં મજુરોને કારખાનાની બહાર નીકળવાનું નથી-સોશ્યલ ડીસ્ટન્સ જળવાય છે એવા એકમોને મંજુરી.. શાપરમાં ૫૦૦૦૦ બાંધકામ ક્ષેત્ર, હડમતાળામાં ૩૦ હજાર, મેટોડામાં ૮ હજાર શ્રામિકો.. રાજકોટ, મુંબઈ, સુરતમાં પરપ્રાંતીય શ્રામિકોના વિરોધ પ્રદર્શન સામે રાજકોટમાં લોકડાઉનમાં એક લાખથી વધુ શ્રામિકો આશ્રાય લઈ રહ્યા છે. જેમને વતન જવાની ઈચ્છા તો ખુબજ છે પરંતુ રાશન અને પગારની વ્યવસ્થા થઈ જતાં અહી સ્થિતિ શાંતિપૂર્ણ છે.

હવે શ્રામિકોને સાચવીને બેઠેલા ઉદ્યોગગૃહોને આદર્શ માપદંડો મુજબ મંજુરી પણ અપાઈ રહી છે. જિલ્લા ઉદ્યોગકેન્દ્રના જનરલ મેનેજર મોરી કહે છે કે જયા કારખાનાની અંદર જ મજુરોનો વસવાટ હોય, સોશ્યલ ડીસ્ટન્સ સહિતની માર્ગદર્શિકાનું પાલન થતુ હોય તેને મંજુરી અપાઈ રહી છે. રાજકોટમાં શ્રમિકોના વ્યવસ્થાપન માટે નિયુકત અધિકારી મોણપરા કહે છે કે રાજકોટમાં વિવિધ ઔદ્યોગિક સંગઠનો જેવા કે શાપરમાં ૬૦.૦૦૦ , હડમતાળા ૧૫૦૦૦, બીલ્ડર એસો.દ્વારા ૧૨૦૦૦ , મેટોડામાં ૬ હજાર શ્રમિકોને આશ્રય ભોજન અપાઈ રહ્યા છે. અહી હવે શ્રમિકોને રાશન પાણીની ફરિયાદ નથી. આ સંગઠનોની વ્યવસ્થાના કારણે રાજકોટમાં શ્રામિકો માટે શેલ્ટર હોમની જરૂર જ પડી નથી. રાજકોટમાં જીવન જરૂરી ચીજો અને તબીબી ચીજવસ્તુઓ માટેના કારખાનાને મંજુરી મળી હતી. હવે જે કારખાનામાં આદર્શ વ્યવસ્થા છે તેમને મળી કુલ ૫૦૦ થી વધુ એકમોને મંજુરી અપાઈ છે.

કચ્છમાં ઉદ્યોગો શરૂ કરવા મુખ્યમંત્રી રૂપાણીને કરાઈ રજૂઆત

કચ્છ

લોકડાઉન વધુ ૧૯ દિવસ લંબાવાયું છે ત્યારે કચ્છમાં ૧૫મી એપ્રિલથી ઉદ્યોગો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવે તેવી માગણી કચ્છના ઔદ્યોગિક સંગઠન ફોકીઆ દ્વારા કરવામાં આવી છે. લોકડાઉનના નિયમોના પાલન સાથે ઉદ્યોગ ગૃહોમાં ઉત્પાદન શરૂ કરવામાં આવે એ જરૂરી હોવાનું જણાવાયું છે. કારણ કે, કચ્છમાં કુલ ૩ લાખ કામદારો ઉદ્યોગો થકી રોજગારી મેળવી રહ્યા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીને કરેલી રજૂઆત અંગે ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન્સ – ફોકીઆના મેનેજિંગ ડિરેક્ટર નિમિષ ફડકેએ જણાવ્યું હતું કે, કચ્છમાં રૂપિયા ૧,૫૦,૦૦૦ કરોડના ઉદ્યોગો શટડાઉનની સ્થિતિમાં છે. સામાન્ય સંજોગોમાં વાર્ષિક રૂપિયા પાંચ લાખ કરોડનું ઉત્પાદન કરવામાં આવે છે.

હાલના લોકડાઉનમાં રૂપિયા ૪૦ હજાર કરોડનું ઉત્પાદન ઠપ થઈ પડયું છે. રેલ નૂર અને કસ્ટમને પણ વાર્ષિક રૂપિયા ૪ હજાર કરોડથી ૨૯ હજાર કરોડની આવક થઈ રહી છે. કંડલા અને મુન્દ્રા થઈને દેશનો ૩૫ ટકા કાર્ગો હેન્ડલ કરવામાં આવે છે. તો ઉદ્યોગોના કારણે ૧.૨૦ લાખ લોકોને સીધી રોજગારી અને પરોક્ષ કુલ ૩ લાખ લોકોને રોજગારી મળે છે. આવા સંજોગોમાં એક્સપોર્ટ સહિતના તમામ ઉદ્યોગો માટે પ્રોડક્શન ચાલુ કરવાની મંજૂરી આપવી જોઈએ.

એક જ દિવસમાં ૧૬ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૬૩ થયો, ૪૫ વર્ષીય મહિલાનું કોરોનાથી મોત

ક્લસ્ટર જાહેર કરાયેલા વિસ્તારમાં સઘન કામગીરી : સુરત જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૬૩ પર પહોંચ્યો : લોકલ ટ્રાન્સમિશનમાં સુરત શહેર સપડાઈ ગયું છે : ૬૮ ટીમ દ્વારા ક્લસ્ટર વિસ્તારમાં સઘન કામગીરી કરાઈ



સુરત

શહેરમાં આજે એક જ દિવસમાં ૧૬ કેસ નોંધાતા સુરત જિલ્લાનો પોઝિટિવનો આંકડો ૬૩ પર પહોંચી ગયો છે. જ્યારે એક પોઝિટિવ ૪૫ વર્ષીય મહિલાનું મોત થયું છે. જેથી મોતનો આંક પાંચ થયો છે. પાલિકા દ્વારા માસ સેમ્પલિંગ દ્વારા મળતા પોઝિટિવને લઈને ૧૦ નવા ક્લસ્ટર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ૬૮ ટીમ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

વધુ એક મોતથી આંક ૫ થયો : રાંદેર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષીય યાશ્મીન કાપડિયાને કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા ૫ એપ્રિલના રોજ દાખલ કરવામાં આવી હતી. દરમિયાન ૬ એપ્રિલના રોજ તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે આજે તેનું મોત નીપજ્યું છે. મહિલાને શ્વાસની તકલીફ હતી. સાથે સાથે ન્યુમોનિયા, હાયપરટેન્શન અને ડિસલિપિડેમિયા હોવાનું મોતનું કારણ દર્શાવવામાં આવ્યું છે.

વધુ ૧૬ કેસ નોંધાયા : (૧) મકસૂદા ફાહિમ અંસારી (ઉ.વ.આ.૪૫) સૈયદપુરા, (૨) મુમતાઝ ઈકબાલ પટેલ (ઉ.વ.આ.૫૩) સોદાગરવાડ (૩) અખતર શેખ (ઉ.વ.આ.૩૧) બેગમપુરા, નવસારી બજાર (૪) અફસાના ફારૂક મન્સુરી (ઉ.વ.૬૭) રાંદેર (૫) કૌસર એ. ખત્રી (ઉ.વ.૫૧) રાંદેર (૬) અલ્પેશ સી. શેઠ (ઉ.વ.૩૧) તાપી નગર સોસાયટી, કતારગામ (૭) જેનિશ હરીચંદ્ર રાણા (ઉ.વ.૨૨) માનદરવાજા ટેનામેન્ટ (૮) મેહમુદ એલી સૌયદ (ઉ.વ.૩૧) મીઠીખાડી, માનદરવાજા (૯) ખત્રી એમ. પાટીલ (ઉ.વ.૬૨) સંજયનગર, લિંબાયત (૧૦) ચંદ્રીકા પ્રવિણ (ઉ.વ.૭૦) માનદરવાજા (૧૧) નવનીતભાઈ કિશીરામ (ઉ.વ.૬૪) ઉમરવાડા ટેનામેન્ટ (૧૨) પિંકી અશોક રાણા (ઉ.વ.૩૭) માનદરવાજા ટેનામેન્ટ (૧૩) રમિલાબેન કિશન (ઉ.વ.૬૦) ઉમરવાડા ટેનામેન્ટ (૧૪) નંદા ગાડીનાર (ઉ.વ.૬૫) ઉમરવાડા ટેનામેન્ટ (૧૫) ધર્મેન્દ્ર (ઉ.વ.૩૫) માનદરવાજા ઉમરવાડા (૧૬) ૨૯ વર્ષીય યુવક, માનદરવાજા

૨.૯૧ લાખ લોકો હોમ ક્વોરન્ટીન : ૪૨૭ સેમ્પલમાંથી ૩૬૩ નેગેટિવ અને ૬૧ પોઝિટિવ આવ્યા છે, જ્યારે ૩ રિપોર્ટ પેન્ડિંગ છે. શહેરના ૬૧ અને જિલ્લાના બે મળી કુલ ૬૩ કેસ થયા છે. કોમ્યુનિટી સેમ્પલમાં વધુ સાત કેસ સામે આવ્યા છે. હાલ સુધીમાં રાંદેર, બેગમપુરા-ઝાંપાબજારના વિસ્તારો ક્લસ્ટર કોરોન્ટાઈન હતાં. હવે પાલિકા કમિશનરે પાંચ ઝોન અને તેમજ અગાઉનો છઠ્ઠો ઝોન રાંદેર મળી કુલ ૬૧,૯૮૨ ઘરોમાં રહેતાં કુલ ૨,૯૧,૯૪૨ લોકોને હોમ ક્વોરન્ટીનમાં રહેવા આદેશ કર્યો છે.

માસ સેમ્પલિંગથી દ્વારા સઘન કામગીરી : છેલ્લા પાંચ દિવસથી માસ સેમ્પલિંગની કામગીરી ચાલી રહી છે. જેમાં આઠ સેન્ટર બનાવાયા છે. ગત રોજ એક જ દિવસમાં ૫૯૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ પેન્ડિંગ છે. હાલ ટેસ્ટ મારફતે ક્યા વિસ્તારમાં અને તેનો સોર્સ શું છે તે જાણવા પ્રયાસ કરાઈ રહ્યો છે.

સુરત જિલ્લાની APMC ૧૭મીથી અનાજ માર્કેટ યાર્ડ શરૂ કરાશે : સુરત જિલ્લાના માંડવી, મહુવા, બારડોલી, કોસંબા (માંગરોળ), ઉમરપાડા એ.પી.એમ.સી. ૧૭ મી થી અનાજ માર્કેટ યાર્ડ શરૂ કરાશે. ૧૬મી થી નોંધણી કામગીરીનો પ્રારંભ થશે. અનાજ માર્કેટ યાર્ડમાં પોતાનું ખેત ઉત્પાદન વેચવા ઈચ્છતા ખેડુતે ફરજિયાતપણે રજિસ્ટ્રેશન કરાવીને કૃષિ ઉત્પાદન બજારમાં લાવવાનું રહેશે.



લોક ડાઉનના બીજા તબક્કાનો આજથી કડક અમલ શરૂ થયો છે. ઉધના દરવાજા જંકશન પાસેના માર્ગો પોલીસ દ્વારા બંધ કરી દેવાયા છે. અને બિન જરૂરી રીતે બહાર નિકળતા લોકો સામે પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે.

દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ડાંગ, નવસારી અને તાપીમાં કોરોનાની "નો એન્ટ્રી"

સુરત

૨૧ દિવસનું લોકડાઉન પૂર્ણ થાય તે પહેલા લંબાવીને ૩ મે સુધી કરી દેવામાં આવ્યું છે. પીએમ મોદીએ ૨૦ એપ્રિલ સુધીમાં કેસ ન નોંધાય તેવા જિલ્લાને શરતી છૂટછાટ આપવાનું કહ્યું છે. ત્યારે દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ, ડાંગ, તાપી જિલ્લામાં હજુ સુધી એક પણ કેસ નોંધાયો નથી. જ્યારે દક્ષિણ ગુજરાતમાં માત્ર સુરત જિલ્લામાં જ ૪૭ કેસ નોંધાયા છે. જેથી તેને રેડ ઝોનમાં મૂકવામાં આવ્યું છે.

તાપી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાવાયરસને અટકાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આરોગ્ય વિભાગના અધિકારી ડો. હર્ષદભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા તાપી જિલ્લામાં ડોર ટુ ડોર સર્વે કરવાનો હોય કે પછી આરોગ્ય બાબતે અન્ય કામગીરી કરવાની હોય ટીમ દ્વારા સતત કામગીરી ચાલુ રાખી હતી. તાપી જિલ્લા ખાતે આજ દિન સુધી એક પણ કોરોનાવાયરસનો એક પણ કેસ નોંધાયો ન હતો. બીજી તરફ આરોગ્ય વિભાગ આ બાબતે કોઈ કસર છોડવા માંગતી નથી કોરોનાવાયરસ લઈને તાપી જિલ્લા ખાતે અલગ અલગ તાલુકા માટે કુલ ૯૬ વ્યક્તિઓના સેમ્પલ લેવાયા છે અને તેને કોરોના ટેસ્ટ માટે મોકલી આપ્યા હતા જે પેકી ૩૫ વ્યક્તિઓ સેમ્પલ નેગેટિવ આવી ગયા હતા, જેને લઈને જિલ્લામાં હાશકારો થયો હતો

રાજ્ય સરકારના આદેશ મુજબ નવરી આરોગ્ય વિભાગ દ્વારા આજ સુધી ૨૪૩ સેમ્પલો લેવામાં આવ્યા છે, જે પૈકી ૧૭૭ જેટલા વ્યક્તિના સેમ્પલ નેગેટિવ આવ્યા છે અને ૬૬ જેટલા લોકોના સેમ્પલના રિઝલ્ટ હજુ બાકી છે. નવસારી જિલ્લામાં કુલ ૨૯૩ સેમ્પલો આ સાથે નેગેટિવ આવ્યા છે તેમજ સોમવારે ૨૬ વ્યક્તિના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં નવસારી શહેરમાં ૫૩, જલાલપોર ૬૫, ગણદેવીમાં ૬૦, ચીખલીમાં ૪૨, ખેરગામમાં ૧૫, વાંસદામાં ૫૬ તેમજ અન્ય ૨ સેમ્પલ મળી કુલ ૨૯૩ જેટલા સેમ્પલો લેવામાં આવ્યા છે. નવસારી સિવિલના ઈન્ડોર વિભાગમાં ૧૦૦ બેડની સુવિધા ઉભી કરાઈ છે.

હે કળિયુગ! પિતાએ જ શંકામાં ૨૦ દિવસના પુત્રની કરી કુહાડી મારી હત્યા

બોટાદ

બોટાદ જિલ્લાના ગઢડા(સ્વામિના) તાલુકાના વિકળીયા ગામની સીમમા રહેતા અને ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતા પંચ મહાલ જિલ્લાના પરિવારમાં પિતાએ જ શંકાના કારણે ૨૦ દિવસના પુત્રની કુહાડી મારી હત્યા કરી નાખતા ભારે અરેરાટી ફેલાય છે. આ બાબતે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વિકળીયા ગામની સીમમાં બાબુભાઈ અસોદરીયાની વાડીમાં રહેતા ખેત મજૂર પરિવારના કાળુ મોહનભાઈ નાયક (રહે મૂળ કરાડા-દુધવા તાલુકો કલોલ જીલ્લો પંચમહાલ) ને તેની પત્ની સાથે ગત તા.૧૩ ના રોજ સાંજ ૭:૩૦ કલાકે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ દરમિયાન પોતાની પત્નીને ૨૦ દિવસ પહેલા પ્રસૂતિ થતા પુત્રનો જન્મ થયો હતો. આ બાબતે જન્મેલુ સંતાન પોતાનું નહીં હોવાની શંકાએ પત્ની સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડા દરમિયાન આવેશમાં આવી જઈ ૨૦ દિવસના બાળકને કુહાડીનો ઘા મારી દેતા મોત નિપજ્યું હતુ. આ અરેરાટીજનક ઘટના દરમિયાન ત્યાં હાજર ઈસમના કૌટુંબિક ભાઈ અર્જુન છનાભાઈ નાયકને પણ કુહાડી વડે વાંસાના ભાગે ઈજા કરી હતી.

આ દરમિયાન રંધોળા ૧૦૮ને જાણ કરતા બાળક અને ઈજા ગ્રસ્તને દામનગર હોસ્પિટલ લય જવામાં આવ્યા હતા. આ ઘટના અનુસંધાને મૃતક બાળકની માતા મંજુલાબેન (ઉં.વ. ૩૨) દ્વારા ઢસા પોલીસ મથકે ધોરણસરની ફીયાદ નોંધાવતા પી.એસ.આઈ. બી.એલ. રાવલ દ્વારા ધોરણસરની ફીયાદ લઈ આરોપી વિરુદ્ધ આઈ.પી.સી. ૩૦૨, ૩૨૪ સહીતની કલમ મુજબ ધરપકડ કરી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૭ દિવસમાં કપાસિયામાં ૭૦નો અને સિંગતેલમાં રૂપિયા ૪૦નો ભાવ વધારો

અમદાવાદ

રાજ્યમાં એકબાજુ કોરોના વાયરસ પોતાનો તાંડવ કરી રહ્યો છે. તો બીજી બાજુ ગૃહિણીઓને મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી સિંગતેલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ફરી એક વખત સિંગતેલના ભાવમાં છેલ્લા ૭ દિવસમાં રૂપિયા ૪૦નો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં સિંગતેલના ભાવામાં ડબ્બે ૪૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે કપાસિયા તેલના ભાવમાં છેલ્લા ૭ દિવસમાં ૭૦ રૂપિયાનો વધારો થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં સીંગતેલના ભાવમાં ડબ્બે ૭૦ રૂપિયાનો વધારો થયો છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, રાજકોટ સિંગતેલ-કપસિયા તેલમાં સતત વધતો ભાવ ગૃહિણીઓને દઝાડી રહ્યો છે. કપાસિયા તેલમાં ૭ દિવસમાં રૂપિયા ૭૦નો ભાવ વધારો કરવામાં આવ્યો છે, જ્યારે સિંગતેલમાં ૭ દિવસમાં રૂપિયા ૪૦નો ભાવ વધારો થયો છે. આ સાથે જ સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૨૮૦થી ૨૩૫૦ની આસપાસ પહોંચી ગયો છે. કપસિયા તેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૧૪૭૦થી ૧૫૦૦ રૂપિયા થયો છે.

હેલ્પ લાઈન સેવા ૨૪ કલાક રાઉન્ડ ધી કલોક સેવા આપશે

નિષ્ણાંત તબીબો આવશ્યક સલાહ આપશે

સુરત

પ્રવર્તમાન નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીનાં કારણે રાજ્યમાં કોરોના વાયરસનાં ચેપગ્રસ્ત દરદીઓ અને તેના કુટુંબીજનો તેમજ તેમના સંપર્કમાં આવેલી વ્યક્તિઓને આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હોઈ તેવા સંજોગોમાં આવા વ્યક્તિઓને શારિરીક તેમજ માનસિક સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓનાં નિવારણ માટે રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન સેવા જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ કઠવાડા-અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવેલ લાભાર્થી દરદીઓને સતત ૨૪ કલાક માટે એમ. બી. બી. એસ, એમ. ડી. ફિઝિશિયન, ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાંત તબીબ દ્વારા ટેલી મેડીસીન, ટેલી કાઉન્સેલિંગ (પરામર્શ) અને ટેલી એડવાઈઝ (સલાહ) આપવામાં આવે છે. તેમ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.

લોકડાઉન ૨.૦ બાદ ગુજરાતની એસટી બસો પણ ૩ મે સુધી બંધ રાખવા નિર્ણય

અમદાવાદ

પશ્ચિમ રેલવે દ્વારા તારીખ ૩ મે સુધી તમામ પ્રકારની પેસેન્જર ટ્રેન રદ જાહેર કરવામાં આવ્યા બાદ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ દ્વારા તારીખ ત્રણ મહિના સુધી કોઈપણ પ્રકારની બસનું સંચાલન શરૂ કરવામાં નહીં આવે તેવો નિર્દેશ આપવામાં આવ્યો છે. રેલવે દ્વારા ચીજવસ્તુઓના પરિવહન માટે માલગાડી તેમજ પાર્સલ સર્વિસ માટે રેલ શરૂ થઈ છે જ્યારે એસટી નિગમ દ્વારા પાર્સલની સેવા પણ બંધ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

દેશભરમાં તારીખ ૩ મે સુધી લોકડાઉન લંબાવ્યા બાદ તુરત જ રેલવે તંત્ર દ્વારા તારીખ ૩ મે સુધી પેસેન્જર ટ્રેન નહીં દોડાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો ત્યારબાદ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ દ્વારા રાજ્યની તમામ બસોનું સંચાલન તારીખ ૩ મે સુધી સ્થગિત કરી દેવાનું જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટથી ઉપડતી મુંબઈ, દિલ્હી સહિતની વિમાની સેવાના બુકિંગ પણ ત્રણ વર્ષ સુધી કરવામાં નહીં આવે તેવો નિર્દેશ એર ઈન્ડિયા સહિતની ખાનગી હવાઈ ઉડ્ડયન કંપની દ્વારા આપવામાં આવ્યો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં લોકડાઉનની સ્થિતિના કારણે ખાનગી ટ્રાવેલ્સની ખાનગી વાહનોનું સંચાલન પણ બંધ છે. તેવી સ્થિતિમાં પરિવહન સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. એ જ રીતે ટ્રક ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પણ છેલ્લા ૨૧ દિવસથી બંધ છે. જેના કારણે બહારથી કાચોમાલ સૌરાષ્ટ્રમાં આવતો નથી તેમ જ સૌરાષ્ટ્રમાંથી તૈયાર થઈને જે વસ્તુ બહાર બીજા રાજ્યોમાં મોકલવાની છે તે પણ અટકી ગઈ છે. જેના કારણે સ્થાનિક વેપાર ઉદ્યોગને પણ બહુ મોટો ફટકો પડયો હોવાનું જાણવા મળે છે. ટ્રક ટ્રાન્સપોર્ટની સેવા આંશિક રીતે ચાલુ થાય તો પણ વેપાર-ઉદ્યોગમાં પ્રાણ ફુંકાશે તેવી લાગણી સૌરાષ્ટ્રના જુદા જુદા ઔદ્યોગિક વિસ્તારોના આગેવાનો દ્વારા કરવામાં આવી છે.

ગુજરાતના વડોદરાના પિતા-પુત્રનું અમેરિકામાં કોરોનાને કારણે મોત

અમદાવાદ

વિશ્વની મહાસત્તા અમેરિકા પણ કોરોના સામે ઘૂંટણીએ પડી ગયું છે, અત્યાર સુધી આ વૈશ્વિક મહામારીથી અમેરિકામાં સૌથી વધુ મોત લોકોના થઈ રહ્યા છે, અને દરરોજના હજારો લોકો કોરોના પોઝિટીવ આવી રહ્યા છે. અમેરિકામાં મોટલના વ્યવસાય સાથે સંકળાયેલા મૂળ ગુજરાતીઓ પણ કોરોના વાયરસની ઝપેટમાં આવી રહ્યા છે. વડોદરાના વધુ બે ગુજરાતીઓના કોરોના વાયરસના કારણે અમેરિકામાં મોત થયા છે. વડોદરાના સાવલી તાલુકાના વસંતપુરા ગામના મૂળ વતની અને હાલમાં અમેરિકામાં સ્થાયી થયેલા પિતા-પુત્રને કોરોના પોઝિટિવ આવ્યો હતો. જેમાં બંનેના અમેરિકામાં મૃત્યુ થયા હતા. વસંતપુરા ગામના પિતા-પુત્રના અમેરિકામાં કોરોના વાયરસથી મોત થતા ગામમાં શોકની લાગણી પ્રસરી હતી. સાવલીના વસનપુરા ગામે ગમગીન માહોલ બની ગયો છે. સાવલી તાલુકાના વસંતપુરા ગામના મૂળ વતની અને અમેરિકામાં સ્થાયી થયેલા મયુરભાઈ જયંતિભાઈ રાય અને જયંતિભાઈ ગોવર્ધનભાઈ રાયને કોરોના વાયરસ પોઝિટિવ આવ્યો હતો. અમેરિકામાં રહેતા પિતા-પુત્ર બંનેને કોરોના પોઝિટિવા આવ્યો, જેમાં મયુરભાઈ અઠવાડિયા પહેલા મૃત્યુ પામ્યા હતાં જ્યારે જયંતિભાઈ ગોવર્ધનભાઈ રાયનું બે દિવસ પહેલા મોત નીપજ્યું હતું.

નવસારીમાં ૩૦૫ શંકાસ્પદ કેસો પૈકી ૨૬૭ લોકોના રિપોર્ટ નેગેટિવ

જાહેરમાં થુંકવા અંગે ૧૫૬ લોકોને દંડ કરાયો

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજ દિન સુધી નવસારી જિલ્લામાં ૩૦૫ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૨૬૭ નમુના નેગેટીવ આવ્યા છે.બાકીના રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં નવસારી તાલુકામાં ૫૭ સેમ્પલ, જલાલપોર તાલુકામાંથી ૬૭ સેમ્પલ, ગણદેવી તાલુકામાંથી ૬૩ સેમ્પલ, ચીખલી તાલુકામાંથી ૪૫ સેમ્પલ, ખેરગામ તાલુકામાંથી ૧૫ સેમ્પલ, વાંસદા તાલુકામાંથી ૫૬ સેમ્પલ તેમજ બીજા જિલ્લા (સુરત)માંથી બે સેમ્પલ લેવામાં આવ્યા છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ૧૩,૯૭,૬૦૧ ઘરોનો સર્વે કરાયો છે.જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૫૬ કેસ કરીને રૂપિયા ૬૪,૯૦૦ વસુલ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહ્યુ છે જેને ધ્યાને લઈને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઈ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઈન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહ્યા છે.

રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઈ છે.આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ લોકોને ૨૪ કલાક માટે એમ. બી. બી. એસ. એમ. ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીગ સહિત ટેલી એડવાઈઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઈ છે. સવારે ૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૦૨૦૮ ઉપર સંપર્ક સાધી શકાશે



કોરોના વાયરસની મહામારી વચ્ચે નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ઈન્ટર્ન ડોકટરો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરી બિન ઉપયોગી જગ્યાઓને સ્વચ્છ કરવા શ્રમદાન કરવામાં આવ્યું હોવાનું આ તસ્વીરમાં જણાય છે.

સુરત લોકડાઉનમાં સિવિલ હોસ્પિટલના તબીબની માનવતા

ગરીબ વર્ગના લોકોને સ્વખર્ચે ઘરે મોકલ્યાં

સુરત

હાલ લોકડાઉનના કારણે સૌથી વધુ મુશ્કેલી મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને થઈ રહી છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈને ઘરે જતા દર્દીઓને તેમના ઘરે જવા માટે હાલ કોઈ જ વાહન ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓની હાલત ફકોડી બને છે. વળી દર્દીઓ એમ્બ્યુલન્સનો ચાર્જ પણ ચૂકવી શકવા સમર્થ નથી હોતા આવા સમયે સિવિલ હોસ્પિટલના ડો. ઓમકાર ચૌધરી માનવતા દાખવી રહ્યાં છે. ઓમકાર ચૌધરી દ્વારા દર્દીઓને તેમના ઘરે મોકલવાની જવાબદારી નિભાવીને સેવાનું કામ કરી



રહ્યાં છે.

સુરત સિવિલ હોસ્પિટલના ડૉક્ટર ની સરાહનીય કામગીરી સામે આવી છે.લોક ડાઉન દરમિયાન ૧૪૩ દર્દીઓને સિવિલ અને ખાનગી એમ્બ્યુલન્સ દ્વારા ઘરે મોકલ્યા છે.૧૮ દર્દીઓ મહારાષ્ટ્રના હતાં.જે તમામ ના પેટ્રોલ ડીઝલ ખર્ચ મેડિકલ ઓફિસર ડો. ઓમકાર ચૌધરીએ આપ્યો છે.એક ફેરા ના લગભગ ૩ હજાર લેખે ગણાય તો પણ ૫૬ હજાર નો ખર્ચ ઉપાડી માનવતાનું ઉદાહરણ બન્યા છે.જરીયાતમંદ લોકોના ફોન આવ્યા બાદ કીટ વિતરણ આપવા જાતે જાય છે.

સુરત પાલિકા કમિશનરનો ધડાકો

પાલિકાની કામગીરીને વધુ આક્રમક કરવા ૧૦ ક્લસ્ટર વિસ્તારોનો વધારો કરાયો

સુરત

સુરત જિલ્લામાં પોઝિટિવ કેસનો આંકડો ૫૦ પર પહોંચી ગયો છે. ત્યારે પાલિક કમિશનર બંછાનિધીએ જણાવ્યું હતું કે, પાલિકાની કામગીરીને વધારે આક્રમક કરવા માટે બીજા દસ ક્લસ્ટર વિસ્તારોનો વધારો કરવામાં આવ્યો છે. અમને પેનલ્ટીમાં રસ નથી પરંતુ ઘણું કહેવા છતાં લોકો સોશિયલ ડીસ્ટંન્સીંગ-માસ્કનો નિયમ પાળતાં નથી.

પાલિકા કમિશનરે જણાવ્યું હતું કે, સોશિયલ ડીસ્ટંન્સીંગના નિયમના પાલન નહી કરનારનો મોટો દંડ કરવાનું નક્કી કર્યું છે. અત્યાર સુધી ૧૪૯૧ પાસેથી ૨,૯૮,૭૦૦ દંડ કરાયો છે. માસ્ક નહી પહેરનારા ૧૧૨૯ વ્યક્તિઓ પાસેથી કુલ ૨,૯૨,૪૦૦ રકમનો દંડ વસુલવામાં આવ્યો છે. અમને પેનલ્ટીમાં રસ નથી પરંતુ ઘણું કહેવા છતાં લોકો ડીસ્ટંન્સીંગ-માસ્કનો નિયમ પાળતાં નથી. શહેરીજનોને કહું છું કે,



આપના વિસ્તારમાં જો કોઈ પણ માસ્ક વગર દેખાઈ જાય તો અચૂક રીતે તેમને મદદ પણ કરવી અને તેની જાણ પણ પાલિકાને કાયદાકીય રીતે પગલાં ભરવા કરવી જોઈએ.

વડાપ્રધાને બીજા તબક્કાના લોકડાઉનની જાહેરાત કરી ઉજી મે સુધી લંબાવ્યું છે. કોરોનાના સંક્રમણને અટકાવવા જે ક્લસ્ટર કરાયું છે તેમાં મોટા પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો છે ક્લસ્ટરને પાલિકા હોટ સ્પોટ તરીકે ગણે છે. પાલિકાની કામગીરીને વધારે આક્રમક કરવા માટે બીજા દશ ક્લસ્ટર વિસ્તારોનો વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી રાંદેર, બેગમપુરા-ઝાંપાબજાર, લોખાત હોસ્પિટલ વિસ્તાર એમ ત્રણ વિસ્તારો મુખ્ય ક્લસ્ટર તરીકે ગણતા હતાં. તેમાં વધારો કરીને વરાછા ઝોનમાં નવા બે વિસ્તારો, લિંબાયત ઝોનમાં નવા બે ક્લસ્ટર ખાસ કરીને માનદરવાજા સહિતનો વિસ્તાર અને સેન્ટ્રલ ઝોનમાં બેગમપુરા-લોખાત સિવાય બીજા બે ક્લસ્ટર કુલ ચાર, અઠવા ઝોનમાં ઈડબલ્યુએસ આવાસ મળીને કુલ ૧૦ હોટ સ્પોટ જાહેર કર્યા છે.


અંજલી ઈન્ડસ્ટ્રીમાંથી મળેલી લાશ અંગે ખૂનનો ગુનો દાખલ

કારીગરના માથામાં પથ્થર ઝીંકી હત્યા કરાઈ હતી

સુરત

અમરોલી અંજલી ત્રણ રસ્તા નહેર પાસેથી ૩૫ વર્ષીય બિજય આરકશીત મલિકની લાશ મળી આવી હતી. આ મૃતકની પોસ્ટમાર્ટમ રિપોર્ટમાં ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયું હોવાનું ખુલવા પામતા અમરોલી પોલીસે હત્યાનો ગુનો દર્જ કર્યો હતો. ગત તા. ૮મીના રોજ કારીગર બિજય આરકશીત મલિકની લાશ મળી આવી હતી. આ કારીગરની અજાણ્યા વ્યક્તિઓએ અગમ્ય કારણસર પત્થર વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. માથામાં પત્થરના ઘા વાગવાથી આ કારીગરનું બ્રેઈન હેમરેજના કારણે મૃત્યુ થયુ હતું. અમરોલી પોલીસે તપાસ હાથ ધરી છે.

હેર કટિંગ સલૂનમાં નેપકીન એક વાર વાપર્યા પછી નહીં વાપરવા આદેશ જાહેર કરવા રજુઆત : ચેપનું જોખમ વધારે હોવાથી સાવધ રહેવું જરૂરી



રાજ્યમાં લોકડાઉન ખૂલ્યા પછી, હેર કટિંગ સલૂનમાં ચેપનું જોખમ સૌથી વધુ છે. કારણ કે, ઘણા વાળંદ એવા છે, જેઓ ઘણાં ગ્રાહકોના ચહેરાને એક જ કપડાથી સાફ કરે છે. વહીવટીતંત્ર દરેક સલૂનના માલિકને આદેશ આપે કે બધા વાળંદે કાં તો ટિસ્યુ પેપરનો ઉપયોગ કરવો અથવા દરેક ગ્રાહક માટે જુદા જુદા નેપકીન નો ઉપયોગ કરવો અને ઉપયોગ કર્યા પછી, ફરીથી તેને ધોયા વિના વાપરવો નહીં. આ પ્રકાર ની રજુઆત જિલ્લા કલેકટર ને કરવામાં આવી છે.

સર્વેલન્સ કે ટેસ્ટિંગની જરૂર જણાય તો પાલિકાની હેલ્પ લાઈન મદદ કરશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગણ કાલે સાંજે તા.૧૪મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોનાના ૩૮૬ શંકાસ્પદ કેસો છે, જે પૈકી ૩૩૯ નેગેટિવ રિપોર્ટ નોંધાયા છે. ૪૫ પોઝીટિવ અને ૦૨ રિપોર્ટ પેન્ડીંગ છે. આજે સુરતમાં ૩૩ શંકાસ્પદ કેસો ઉમેરાયા છે, જેમાંથી ૧૪ નવા કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાને ફેલાતો અટકાવવાં માટે સાત નવા ક્લસ્ટર નિર્ધારિત કરવામાં આવ્યાં છે. રાંદેર, ઝાંપાબજાર, લોખાત હોસ્પિટલ સહિત ૧૦ ક્લસ્ટરમાં ૬૮ કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમોના ૧૧૮ કર્મચારીઓ દ્વારા ક્લસ્ટર હોટસ્પોટમાં સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રેડ, યેલો અને ગ્રીન ઝોનમાં એક્ટિવ સર્વેલન્સ થાય તે માટે ૫૮૧ ટીમોની રચના કરવામાં આવી છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ કુલ ૩૦૮૦ લોકો હોમ ક્વોરેન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૭૦ સરકારી અને ૧૩ વ્યક્તિઓ પ્રાઈવેટ ક્વોરેન્ટાઈનમાં છે. આમ કુલ ૩૩૬૩ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે. શહેરના કોઈ વિસ્તારમાં સર્વેલન્સ કે ટ્રેસિંગની જરૂર જણાય તો શહેરીજનો પાલિકાના હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૧૨૩ ૮૦૦ પર સંપર્ક કરીને જણાવી શકે છે. પાલિકાના ૧૧ રિલીફ સેન્ટરોમાં ૮૦૦ વ્યક્તિઓ આશ્રયમાં છે. પ્રતિદિન ૫.૫૦ લાખ લોકોને વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભોજન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે. ૧૨૩૯ દિવ્યાંગ અને વૃદ્ધ ઘર બેઠાં ભોજન આપવામાં આવે છે.

આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રજોગ સંબોધન અંતર્ગત લોકડાઉન વધારવામાં આવ્યું છે, જેને સહકાર આપવાનો અનુરોધ કરતાં મ્યુ. કમિશનરશ્રીએ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી

ડો. આંબેડકર જન્મ જયંતી નિમિત્તે

સાંસદ અહેમદ પટેલ તથા કદીર પીરઝાદા દ્વારા કોરોના માટે સહાય

ખાસ વહીવટી અધિકારી મહેન્દ્ર પટેલને ચેક અર્પણ કરાયા

સુરત

ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિના રોજ અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ખજાનચી અને રાજયસભાસાંસદ અહેમદ પટેલ અને સુરત શહેર માજી મેયર કદીર પીરઝાદા તરફથી કોરોના વાયરસની સામેની લડાઈને મજબૂત કરવા સરકારના સ્પે. અધિકારી મહેન્દ્ર પટેલ ને છાયડો સંસ્થા જે હાલ લોકડાઉનમાં રોજ ૩૩૦૦૦થી વધુ ફુડ પેકેટ બનાવે છે તે માટે અને અનાજ કરિયાણા વિતરણમાં મદદરૂપ થવા રૂપિયા ૨૦૦૦૦૦, સિવિલ હોસ્પિટલના ચોથા વર્ગના કર્મચારીઓ માટે રૂ. ૧૦૦૦૦૦, ડોકટરો અને નર્સિંગ સ્ટાફ માટે અથ્યંગ આવશ્યક એવી પીપીઈ કીટ માટે રૂપિયા ૫૦૦૦૦ તેમજ આ પ્રસંગે સુરત માનવસેવા સંઘ છાંયડો તરફથી પણ પીપીઈ કીટ માટે રૂપિયા ૫૦ હજારનો ચેક આપવામાં આવ્યો હતો. આ મદદ બદલ સ્પે. અધિકારી મહેન્દ્ર પટેલે આભાર વ્યક્ત કર્યો હતો અને છાંયડો સંસ્થાના પ્રમુખ અને સિવિલ હોસ્પિટલના સ્ટાફ તરફથી સહાયનો સ્વીકાર કરાયો હતો.

લોકડાઉન સર્જનાત્મકતા: સુરતના વેપારીએ કોરોના વાયરસને લઈ બનાવી કવિતા

'માથા ફરેલા માનવીએ, ભર્યા પટારા પાપના.. કુદરત કોપાયમાન થઈ, કેર વર્તાવે કોરોના'

સુરત

કોરોનાએ સૌ કોઈનું જીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. વૈશ્વિક આ મહામારીને નાથવા લોકડાઉનનું કડકાઈથી પાલન સિવાય કોઈ છૂટકો નથી. જેને કારણે લોકો ફરજિયાત ઘરમાં બંધ થવા મજબૂર બન્યા છે. કપરા આ સમયમાં લોકો ઘરમાં અવનવી રીતે ટાઈમપાસ કરી રહ્યા છે તો કેટલાક લોકો આફતને અવસરમાં પલટી મળેલી આ તકનો લાભ ઉઠાવી પોતાનામાં રહેલી છૂપી પ્રતિભા કહો કે સર્જનાત્મકતાને બહાર લાવવાના પણ પ્રયાસો કરી રહ્યા છે.

જે અંતર્ગત કટોકટીની આ સ્થિતિમાં કોરોના અને લોકડાઉન અંગે અલગ-અલગ લોકોએ સોંગ-રેપ સોંગ ક્રિએટ કર્યા છે. જનજાગૃતિ તેમજ તકેદારીના ભાગરૂપે તૈયાર થયેલા આ સોંગ સોશિયલ મીડિયા પર ધૂમ પણ મચાવી રહ્યા છે ત્યારે શહેરના એક સિનિયર સિટીઝને પણ લોકડાઉનમાં ઘરે બેઠા બેઠા કોરોના પર કવિતાની રચના કરી છે.

અડાજણમાં જે.કે.પાર્ક ખાતે રહેતા ૭૨ વર્ષીય રતિલાલ વોરા હાલ નિવૃત્ત જીવન ગુજારે છે. અગાઉ તેઓ કાપડનો બિઝનેસ કરતા હતા. ધર્મ સંબંધિત લેખો-કવિતા લખવામાં તેમની રુચિ છે. લોકડાઉનના આ સમયમાં તેમણે મહામારી કોરોના અંગે રચેલી કવિતાની સમાજ તથા મિત્રવર્તુળ દ્વારા સરાહના પણ થઈ રહી છે.

કવિતાના અંશો આ પ્રમાણે છે..

"વિશ્વમાં મહામારી વ્યાપી, કેર વર્તાવે કોરોના
મહામારીના વાઇરસનું, નામકરણ છે કોરોના
બંધ છે દરવાજા ઘરના, સ્નેહી નથી કોઈ આવવાના
લોકડાઉનના દિવસો, ધ્યાન રાખીને ગણવાના
ટીવી સામે બેસીને, ન્યૂઝ ટીવીમાં જોવાના
વાઇરસના વ્યાપના, આંકડા સતત ગણવાના
દિવસો આવ્યા છે મજાના, કુટુંબ સાથે રહેવાના
દુઃખ ભરેલા આ દિવસો, મન ભરીને માણવાના
મહામારીથી બચશે એને, દિવસો યાદ રહેવાના
નવી પેઢીને વાત કરશે, કેવો હતો કોરોના
દેરાસરના દ્વાર બંધ છે, દર્શન થાય નહિ પ્રતિમાના
ઘરમાં ફોટા આગળ, ભાવથી દર્શન કરવાના
રસ્તો બંધ છે ઉપાશ્રયનો, સાર્વિમક નથી કોઈ આવવાના
ઉપાશ્રયની ચાર દીવાલો વચ્ચે, સાધુ સુખથી રહેવાના
સાધુ જીવનની ક્રિયા કરતા, જાપ પ્રભુના જપવાના
મહામારીથી મુક્તિ પામવા, પ્રાર્થના પ્રભુને કરવાના
ગામડાનું જીવન થંભ્યું, બુરા હાલ શહેરવાળાના
થંભી છે રફતાર જીવનની, બ્રેક લાગી છે કોરોના
દુનિયા સારી જોઈ રહી છે, ખેલ કુદરતની તાકાતના
થંભી છે રફતાર દુનિયાની, કેર વર્તાવે કોરોના
વ્યાપ વધે છે વાઇરસનો, નથી મચક આપતો કોરોના
સહુએ ધીરજ રાખીને, જાપ પ્રભુના જપવાના
માથા ફરેલા માનવીએ, ભર્યા (છે) પટારા પાપના
કુદરત કોપાયમાન થઈ, કેર વર્તાવે કોરોના
પુણ્ય પરવાર્યું દુનિયાનું, ભર્યા ખજાના પાપના
કુદરતે સબક શીખવવા, મોકલ્યો વાઇરસ કોરોના
સમજશો નહી સાનમાં, તો દિવસ ખરાબ આવવાના
હાથ જોડીને ક્ષમા માગો, હવે ખમૈયા કરોના
નત મસ્તકે હાથ જોડીને, કરીએ કુદરતને પ્રાર્થના
સૂકા સાથે લીલું બળશે, હવે ખમૈયા કરોના
સમગ્ર વોરા ફેમિલીની, છે પ્રભુને પ્રાર્થના
મહામારીથી બચાવો, પ્રભુ નાબૂદ કરો આ કોરોના."

સુરત સેન્ટ્રલ ઝોનમાં પોઝિટિવ કેસનો આંકડો વધતા સેનિટાઈઝની કામગીરી હાથ ધરાઈ



સુરત

શહેરના સેન્ટ્રલ ઝોનમાં પોઝિટિવ કેસનો વધારો થતા આજે ફરી ફાયર વિભાગ દ્વારા સેનિટાઈઝની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં મસ્કતિ હોસ્પિટલને પણ સેનિટાઈઝ કરવામાં આવી હતી. આ સાથે દવાના છંટકાવ માટે નાના વાહનોની મોબાઈલ વાન પણ બનાવવામાં આવી છે. જેથી ખૂણે ખૂણામાં દવાનો છંટકાવ કરી શકાય છે.

લોકડાઉન દરમિયાન ફાયર વિભાગની કામગીરી મહત્વપૂર્ણ સાબિત થઈ છે. છેલ્લા ૨૧ દિવસથી સુરત ફાયર વિભાગ દ્વારા પાણી સાથે હાઈપોક્લોરાઈડ મિક્ષકરી સેનિટાઈઝની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ સુરત ફાયર વિભાગના ૬૪૦ જેટલા કર્મચારીઓ દ્વારા મુસિબતના સમયમાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. ફાયર વિભાગ દ્વારા સુરત શહેરના આઠ ઝોનમાં ૫૦ હજારથી વધુ જગ્યાઓને સેનિટાઈઝ કરવામાં આવી ચૂકી છે. પોઝિટિવ કેસ નોંધાતાની સાથે જ ફાયર વિભાગ દ્વારા તે વિસ્તારમાં સેનિટાઈઝની કામગીરી હાથ ધરવામાં આવે છે.



સુરત શહેરના લિંબાયત ઝોનના આઝાદ ચોક વિસ્તારમાં કોરોના વાયરસનો કેસ પોઝિટિવ આવતા સુરત મહાનગર પાલિકા દ્વારા સમગ્ર વિસ્તાર કોરોન્ટાઈન જાહેર કરવા સામે સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરવાની કામગીરી સુરત ફાયર બ્રિગેડના જવાનો દ્વારા કરવામાં આવી રહી છે.

નર્મદા જિલ્લામાં ૧૦૮ ની ટિમ કોરોના વેરિયર્સ તરીકે આપી રહી છે અવિરત સેવાઓ

મહિલા EMT સગા મામાના મૃત્યુમાં પણ ન જઈ પોતાની સેવાને પ્રાધાન્ય આપ્યું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના ની વૈશ્વિક મહામારી વચ્ચે ભારત દેશ માં પણ કોરોના ના પોઝિટિવ કેસ ની સંખ્યા વધી રહી છે દેશના ખૂણે ખૂણા માં કોરોના સામે આરોગ્ય લક્ષી સેવાઓ સાથે જોડાયેલ ડોકટર્સ, નર્સ, સફાઈ કર્મીઓ,પોલીસ તેમજ સામાજિક સંસ્થાઓ પોતાના જીવ જોખમમાં મૂકી સેવા આપી રહ્યા છે.

ત્યારે આરોગ્ય સેવા સાથે મજબૂત સંબંધ ધરાવતી GVK ૧૦૮ ટિમ પણ કોરોના સામે ફ્રન્ટ લાઈન વેરીયસ તરીકે સમગ્ર ગુજરાત સહિત નર્મદા જિલ્લામાં અવિરતરત સેવાઓ આપી રહી છે ૧૦૮ ની ટિમ પોતાના જીવ ની પરવાહ કર્યા વિના ૨૪ કલાક દર્દીઓ ને લાવવા લઈ જવાની સેવા કરી રહી હોય ત્યારે નર્મદા જિલ્લા માં ૧૦૮ માં ફરજ બજાવતા મહિલા EMT સરોજબેન રાવલ છેલ્લા એક મહિના થી પોતાના ઘરે ગયા નથી અને સતત કોરોના મહામારી માં સેવા આપી રહ્યા છે ઉપરાંત તેમના સગા મામાનું મૃત્યુ થયું છતાં પોતાના કામ ને પ્રાથમિકતા આપી સરોજબેને મરણ માં જવાનું ટાળ્યું હતું.ત્યારે સલામ છે આવા કોરોના યોદ્ધાઓને જે પોતાના પરિવાર અને પોતાના જીવની ચિંતા કર્યા વિના લોક સેવા બજાવી રહ્યા છે

આ બાબતે પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકરે જનવાયું કે નર્મદા જિલ્લામાં લોકડાઉન માં ૧૦૮ નો સ્ટાફ ખડે પગે સેવામાં છે જિલ્લામાં કુલ ૧૧ ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે જેમાં ૫૦ જેટલા કર્મચારીઓ સેવા આપી રહ્યા છે તમામ એમ્બ્યુલન્સ માટે PPE કીટ આપી છે તેમજ કોરોના પેશન્ટ ને હેન્ડલ કરવા તથા પાસેની આઈસોલેશન હોસ્પિટલમાં લઇ જવા તત્પર છે નર્મદા જિલ્લાના લોકોને અભિષેક ઠાકરે ઘરમાં રહી સુરક્ષિત રહેવાની અપીલ પણ કરી હતી અને કોઈપણ કોરોના ને લગતી ઈમરજન્સી સમયે ૧૦૪ નમ્બર ઉપર ફોન કરો અને અન્ય ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સ માટે ૧૦૮ ને ફોન કરી સેવાઓનો લાભ લેવા જણાવ્યું હતું.

સુરતના ગણદેવીમાં ગાયે બે મોઢાંવાળા વાછરડાને જન્મ આપ્યો, પલભરમાં મોત



સુરત

ગણદેવી કેનિંગ ફેક્ટરી સામે સવારે અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો હતો. રખડતી ગાયે બે મોઢા, ચાર કાન, ચાર આંખ અને ચાર પગ ધરાવતા દુર્લભ વાછરડાને જન્મ આપ્યો હતો. જો કે ખરાબ સ્વાસ્થ્યને કારણે નવજાત વાછરડાનું પલભરમાં મોત નીપજયું હતું. ગણદેવી ભવાની ગ્રૂપના યુવાનો ગૌસેવા માટે જાણીતા છે. જેમને સવારે સાતેક વાગ્યાના અરસામાં પ્રસૂતિ પીડાતી ગાય અંગે જાણ કરાઇ હતી. જે સાથે કોરોના કાળમાં યુવાનો કેનિંગ ફેક્ટરી ગાયત્રી સોસાયટી પાસે ધસી ગયા હતા, જયાં ગાયની મદદ કરી રહ્યા હતા ત્યારે કુદરતના કરિશ્મા સમાન બે મોઢાંવાળા વાછરડાને જોઈ તેઓ ચોંકી ઊઠયા હતાં.

બંને મોઢાં ગળાના ભાગેથી જોડાયેલા હતા અને ચાર કાન, ચાર આંખો, ચાર પગ, લાલ રંગ ધરાવતું દુર્લભ વાછરડું હતું. જો કે, ખરાબ સ્વાસ્થ્યને કારણે વાછરડાનું મોત નીપજયું હતું. ભવાની ગ્રૂપના યુવાનોની ભારે જહેમતને કારણે ગાયનો જીવ બચી જવા પામ્યો હતો. જયારે મૃત વાછરડાના ગણદેવી ધનોરી નાકા તળાવ પાળે અંતિમસંસ્કાર કરાયા હતા. આ દુર્લભ ઘટના ચમત્કારથી ઓછી નથી. ભવાની ગ્રૂપના યુવાનો સામાજિક સાથે ગૌસેવાનું કાર્ય પણ કરે છે. તેઓ તાલુકામાં અનેક ગાયોને રેસ્ક્યુ ઓપરેશન અને સેવા થકી જીવનદાન આપી ચૂક્યા છે.

સુરતમાં મહિલાઓ કરતાં પુરૂષ કોરોના દર્દીઓની સંખ્યા વધુ

સુરત

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવતાં કોરોના વાઈરસથી ભારત અને ગુજરાત થરથરી રહ્યું છે ત્યારે સુરતમાં પણ રોજે રોજ પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધતી જાય છે. સમગ્ર વિશ્વમાં કોરોનાની જે પેટર્ન જોવા મળે છે એ જ પેટર્ન પ્રમાણે સુરતમાં પણ મહિલાઓ કરતાં પુરૂષ દર્દીઓની સંખ્યા વધુ છે. સુરતમાં પ્રથમ કેસ ૧૯મી માર્ચના રોજ નોંધાયો હતો. સુરત શહેર અને જિલ્લામાં માત્ર ૨૭ દિવસમાં જ ૫૦ કેસ નોંધાયા છે. જેમાં ૧૬ મહિલાઓ અને ૩૪ પુરૂષોનો સમાવેશ થાય છે.

સુરત શહેર અને જિલ્લામાં નોંધાયેલા ૫૦ કેસની વાત કરીએ તો ઉડિને આંખે વળગે તેવી બાબત સામે આવી રહી છે. જેમાં ૩૨ ટકા મહિલાઓમાં કોરોના પોઝિટિવ આવ્યો છે. જયારે ૬૮ ટકા પુરૂષોમાં કોરોના પોઝિટિવ આવ્યો છે. મહિલાઓ કરતાં પુરૂષોની સરખામણી ડબલ આવી રહી છે. જે સ્ત્રી કરતાં ડબલ કરતાં પણ વધુ હોવાનું સામે આવી રહ્યું છે.

સુરત શહેરમાં ૧૯મી માર્ચના રોજ સૌ પ્રથમ ૨૧ વર્ષિય રીટા બચકાનીવાલામાં કોરોના પોઝિટિવ સામે આવ્યો હતો. ત્યારબાદ મહિલાઓની સંખ્યા વધવાની જગ્યાએ પુરૂષોમાં સંક્રમણ વધુ ફેલાયું અને સૌ પ્રથમ મૃત્યુ પણ એક આધેડ પુરૂષનું જ થયું હતું. મહિલાઓની સરખામણીએ પુરૂષો વધુ પ્રમાણમાં બહાર નીકળતા હોવાથી પુરૂષોમાં સંક્રમણ વધુ ફેલાતું હોવાનું પણ એક કારણ હોવાનું તબીબો કહી રહ્યાં છે.

સુરત સિવિલ હોસ્પિટલના ડો.શક્તિ આંબલિયાએ જણાવ્યું હતું કે, વિજ્ઞાનીઓ કહે છે કે તેમને એ ખબર પડતી નથી કે મહિલાઓમાં મૃત્યુ કેમ ઓછું છે ? પરંતુ એ અંગે તેઓ સૂચન કરે છે કે મહિલાઓની રોગ પ્રતિકારશક્તિ કુદરતી રીતે જ બળવત્તર હોય છે અને લાંબા સમય સુધી તેમનામાં સંક્રમણ ન ફેલાતું હોય તેવું બની શકે છે. આ સંજોગોમાં પુરુષોએ મહિલા કરતાં વધુ સાવચેત રહેવાની જરૂર છે, એમ નિષ્ણાતો કહે છે.

બીજા તબક્કાના લોક ડાઉનના પ્રથમ દિવસથીજ કડક અમલ

સુરત

આજે લોકડાઉન પાર્ટ-૨નો પ્રથમ દિવસ છે. ગઇ કાલે પ્રથમ તબક્કાના લોકડાઉનના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા. ૩જી મે સુધી લોકડાઉનનો અમલ ચાલુ રહેશેની જાહેરાત કરી હતી. જેને પગલે સુરત શહેરમાં પણ બીજા રાઉન્ડના લોકડાઉનનો સખ્તાઈ પૂર્વકનો અમલ શરૂ કરી દીધો છે. સવારે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ ખરીદવા માટે નીકળનારા લોકોની ઓન રોડ પણ હાજરી ઓછી નજરે પડી હતી. સુરત શહેરમાં કોરોના વાયરસની વકરતી જતી પરિસ્થિતિની ચેઈનને તોડવા માટે સુરત મહાનગર પાલિકા અને પોલીસ તંત્ર ૨૪ કલાક સતત ફરજ બજાવી રહી છે. પરંતુ કોરોના વાયરસ હવે લોકલ ટ્રાન્સમિશનમાં પરિણમ્યુ હોય તેમ રોજ બરોજ કોરોના વાયરસના દર્દીઓમાં વધારો નોંધાતો જાય છે. પોલીસ અને સરકારી પ્રશાસન તમામ લોકોને ઘરમાં જ રહેવા માટે વિનંતી કરી રહી છે. સામાજિક સંસ્થા, રાજકીય પક્ષો અને મનપા તંત્ર દ્વારા સતત રસોડા ચાલુ રખાયા છે. લોકડાઉનના બીજો રાઉન્ડના આજે પ્રથમ દિવસે ઈમરજન્સી કામ વગર આટો મારવા નીકળેલાને પોલીસે કાં તો ઘરે પરત મોકલી દીધા અથવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

MARKET 4U™ ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

પ્રોજેક્ટ નિર્ભયા મંગલમ અંતર્ગત માનવતા મેહેકાવતી નર્મદા પોલીસ ની "નિર્ભયા સ્કોર્ડ"









● કોરોના લોકડાઉન વચ્ચે બંદોબસ્તમાં વ્યસ્ત હોવા છતાં નિર્ભયા પોલીસે અલગ અલગગામોમાં જરૂરિયાતમંદોની મદદ કરી

● રાજપીપળા, કેવડિયા, ડેડીયાપાડા સહિતની નિર્ભયા ટીમે પેટ્રોલિંગ દરમિયાન સેવાકાર્ય કરી માનવતા મહેકાવી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના આફત સમયે નર્મદા પોલીસની નિર્ભયા સ્કોવર્ડ એ નર્મદા જિલ્લાના અનેક ગામોમાં પ્રોજેક્ટ નિર્ભયા મંગલમ અંતર્ગત પોલીસે બંદોબસ્ત માં વ્યસ્ત હોવા છતાં જરૂરિયાતમંદો ની મદદ કરવા બીડું ઝડપી માનવતા ના દર્શન કરાવ્યા હતા.

જેમાં રાજપીપળા ટાઉનમાં પેટ્રોલિંગ દરમિયાન રાજપીપળા આમલેથા પોલીસે ઓરી ગામની એક વૃદ્ધ મહિલાનો ફોન આવતા તેમની જરૂરિયાતનો સામાન પહોંચાડ્યો હતો.સાથે સાથે અન્ય એક મહિલાનો ફોન આવતા તેમને પણ જરૂરી સામાન પહોંચાડી સેવાકીય કાર્ય કર્યું હતું.

ત્યારબાદ કેવડિયા વિસ્તારના ભુમલીયા તથા ડેડીયાપાડા નિવાલ્દા વિસ્તારમા પેટ્રોલિંગ દરમિયાન નિર્ભયા ટીમે સિનિયર સીટીઝન, વિધવા, વૃદ્ધાને કોઈ પણ જરૂરી ચીજવસ્તુ મંગાવવી હોય તો પોલીસ કન્ટ્રોલ ના ૧૦૦ નંબર પર આ બાબતે ની જાણ કરી આ સેવાનો લાભ લેવા સમજ આપવામાં આવી હતી.

અંતે ખોખરાઉમર ગામે નિર્ભયા પોલીસ ટિમ પેટ્રોલિંગ મા હતી ત્યારે દિતુબેન નામની એક બેન ચાલતા જતા હોય પૂછપરછ કરતા તે મોસીટ ગામે જવાનુ જણાવતા તેમનુ ગામ ૮ કિ.મી અંતરે હોય તેમજ પોતે એકલા હતા માટે નિર્ભયા પોલીસ પાસે મદદ માંગતા તેમને ઘર સુધી પહોંચાડ્યા હતા.આમ પ્રોજેક્ટ નિર્ભયા મંગલમ અંતર્ગત નર્મદા પોલીસની "નીર્ભયા ક્વોર્ડની ટીમે માનવતા મેહેકાવી હતી.

આ અંગે નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે જણાવ્યું હતું કે અમારા નાયબ પોલીસ અધિક્ષક ચેતના એન ચૌધરી ની આગેવાનીમાં નર્મદા પોલીસ અને ખાસ કરીને નિર્ભયા ટીમની બહેનો પણ સમાજલક્ષી પોલીસ કાર્ય સારી રીતે કરી રહી છે, કે જેઓ કોઈનો મદદ માટે ફોન આવે કે ના આવે તેઓ જાતે અંતરીયાળ ગામડા ઓ માં જઈને એકલવાયું જીવન જીવતા વ્યક્તિ ઓને મદદ કરી રહી છે.હાલના સમયમાં પણ પોલીસ પ્રજાનો મિત્ર છે તે પ્રમાણે લોકડાઉનાં સમયમાં પ્રજાજનો ને કોઈ તકલીફ ન પડે તે જોવાની જવાબદારી પણ પોલીસ દ્વારા ઉઠાવવા માં આવી રહી છે અને તેને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક તરફથી પોલીસ તથા તેમના પરિવારોને COVID-19 થી રક્ષણ થવા રોગ પ્રતિકારક શક્તિ વધારે તેવા ઈમ્યુનીટી બુસ્ટરો ફાળવાયા

ભરૂચ જીલ્લામાં પોલીસ જવાનો, એસ, આર, પી., પુર્વ સૈનીકો, તાલીમાર્થીઓ, હોમગાર્ડ, જી. આર. ડી, વનવિભાગના કર્મચારીઓ વગરે મળી કુલ ૪૦૦૦/- જેટલા જવાનો COVID-19 નો ફેલાવો થતો અટકાવવા તથા સરકારના લોકડાઉનના નિયમોનું પાલન કરાવવા શહેર, તાલુકા, ગામડાઓ અને નેશનલ હાઈવે પોલીસ પોઈન્ટો પર કુટુંબ પરિવારથી દુર રહી ભર ઉનાળાના તડકામાં,સતત રાત-દિવસ ખડે પગે ઉભા રહી પોલીસ બંદોબસ્ત જાળવી રહ્યા છે. આવા સમયે ભરૂચ ખાતે છેલ્લા ૯૦ વર્ષથી કાર્યરત પ્રિત હોમીયોપેથી ક્લિનીકના ડૉ.દંપતિના સહયોગથી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા તમામ જવાનો તથા તેમના કુટુંબ પરિવાર મળી આશરે ૧૦, ૦૦૦ (દશ હજાર) વ્યક્તિઓ ના સ્વાસ્થ હિતાર્થે COVID-19 થી રક્ષણ થવા આયુષની ગાઈડ લાઈન મુજબના ૨૭૦૦ જેટલા ઈમ્યુનીટી બુસ્ટર પોલીસ જવાનો અને તેમના પરિવારજનોની રોગ પ્રતિકારક શક્તિ વધારો કરવાના પ્રયત્ન રૂપે ફાળવવામાં આવ્યા છે.

અસામાજિક પ્રવૃત્તિ વાદ-વિવાદ કે લુખ્ખા તત્ત્વોની રંજાડ સામે

હવે જનતા પોલીસની મદદ માટે ડાયરેક્ટ જિલ્લા પોલીસવડાને પણ ફોન કરી શકે છે


ગુજરાતની જનતા આપત્તિ સમયે એટલે કે સામાજિક પ્રવૃત્તિ દારૂ-જુગાર કે અન્ય કોઈ પ્રશ્ને વાદ-વિવાદ અથવા તો કોઈ રંજાડ થતી હોય તો લોકો ડાયરેક્ટ જિલ્લા પોલીસ વડાને કોલ કરી અને માહિતી આપી શકશે અને જરૂરી સુરક્ષા પણ પ્રાપ્ત કરી શકશે. તેમ જાણવા મળે છે. આ અંગે મળતી માહિતી અનુસાર ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સૂચનાથી ગુજરાતના તમામ જિલ્લાના જિલ્લા પોલીસ વડાના મોબાઈલ નંબર જાહેર જનતા માટે આપવામાં આવેલ છે અને આ નંબર ઉપર તમે ફોન પણ કરી શકો છો અને પોલીસની મદદ પણ મેળવી શકો છો.

નામ	મોબાઈલ નંબર
રાજ્યના મુખ્ય પોલીસવડા (ડીજીપી)	૯૯૭૮૪ ૦૬૨૮૭
અમદાવાદ રૂરલ એસ.પી.	૯૯૭૮૪ ૦૬૩૪૨
ખેડા એસ.પી.	૯૯૭૮૪ ૦૫૦૭૨
ગાંધીનગર એસ.પી.	૯૯૭૮૪ ૦૫૦૭૦
આણંદ એસ.પી.	૯૯૭૮૪ ૦૫૦૬૪
સાબરકાંઠા એસ.પી.	૯૯૭૮૪ ૦૫૦૮૧
અરવલ્લી મોડાસા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૯૭૮
મહેસાણા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૭૪
વડોદરા રૂરલ એસ. પી.	૯૯૭૮૪ ૦૬૦૯૪
છોટાઉદેપુર એસ. પી.	૯૯૭૮૪ ૦૫૯૭૭
ભરુચ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૬૬
નર્મદા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૭૬
ગોધરા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૭૭
મહિસાગર એસ. પી.	૯૯૭૮૪ ૦૫૯૮૦
દાહોદ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૬૮
સુરત રૂરલ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૮૨
વલસાડ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૮૫
નવસારી એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૭૫
આહવા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૨૧
તાપી એસ. પી.	૯૯૭૮૪ ૦૫૪૮૮
રાજકોટ રૂરલ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૮૦
મોરબી એસ. પી.	૯૯૭૮૪ ૦૫૯૭૫
જામનગર એસ. પી.	૯૯૭૮૪ ૦૫૬૩૯
દેવભૂમિ દ્વારકા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૯૭૬
સુરેન્દ્રનગર એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૮૩
જુનાગઢ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૨૫૦
ગીર - સોમનાથ એસ.પી.	૯૯૭૮૪ ૦૫૯૭૪
પોરબંદર એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૭૯
ભાવનગર એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૬૭
બોટાદ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૯૮૮
કચ્છભૂજ એસ. પી.	૯૯૭૮૪૦૫૦૭૩
ગાંધીધામ કચ્છ પૂર્વ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૬૯૦
બનાસકાંઠા એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૫૬
પાટણ એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૭૮
બરોડા વેસ્ટર્ન રેલવે એસ. પી.	૯૯૭૮૪ ૦૫૦૪૭
અમદાવાદ વેસ્ટર્ન રેલવે એસ. પી.	૯૯૭૮૪ ૦૫૬૫૯

નર્મદા જિલ્લામાં કોરોનાના ૨ કેસ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું: માસ્ક પહેરવું ફરજીયાત:એક







ડેડીયાપાડા ના ડુમખલ ગામની એક આધેડ મહિલા અને ગરુડેશ્વર તાલુકાના ખડગડા ગામના એક યુવાન ના રિપોર્ટ પોઝિટિવ આવતા જિલ્લામાં ભારે પૂછતાછ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

બુધવારે નર્મદા જિલ્લા માં કોરોનાના ૨ કેસ પીઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી છે.નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ના ડુમખલ ગામની એક મહિલા અને ગરુડેશ્વર તાલુકાના ખડગડા ગામના એક યુવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાનું સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થાય છે.નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકા ના ડુમખલ ના ૬૦ વર્ષીય મહિલા તથા ગરુડેશ્વર તાલુકાના ખડગડા ગામનો ૨૬ વર્ષીય યુવાન મળી કુલ ૨ કોરોના કેસ પોઝિટિવ આવતા હવે દરેકને ફરજીયાત માસ્ક પહેરવાનો તંત્રએ પરિપત્ર જાહેર કર્યો છે, જો મોઢે માસ્ક પહેર્યા વગર કોઈ પકડાયુ તો એને દંડની જોગવાઈ કરાઈ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નર્મદા જિલ્લાના કોરોના કેસની હિસ્ટ્રી જોઈએ તો ખડગડા ગામના યુવાનનો પરિવાર રોજગારી અર્થે સુરત સ્થાયી થયો હતો.ગુજરાતમાં કોરોનાના કેસને લઈને ૨૦ દિવસ પેહલા જ ખડગડા આવ્યો હતો.તેને શરદી ખાંસીની ફરિયાદને લીધે ખડગડા ગામના યુવાન ને CHC ગરુડેશ્વરમાં અને ડેડીયાપાડાના ડુમખલના મહિલાને SDH ડેડીયાપાડા ખાતે કોરોન્ટાઈન કરાયા હતા.દરમિયાન બુધવાર ૧૫ મી એપ્રિલે એમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા એમને રાજપીપળા આયુર્વેદિક કોલેજ COVID:19 હોસ્પિટલ ખાતે લવાયા છે.

કેવડીયામાં પરણિત મહિલાને એક ફૂલ દો માલી કહી બદનામ કરી પથ્થર મારી ઈજા કરતા:ત્રણ સામે ફરિયાદ

મહિલા પોતાના ઘરે જતી હતી ત્યારે ફળિયાની યુવતીએ એક ફૂલ દો માલી તેમ કહેતા બોલાચાલી થઈ જેમાં આ મહિલાને માથામાં પથ્થર મારી ઈજા કરી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ નર્મદામાં કોરોના મહામારી વચ્ચે પોલીસ બંદોબસ્ત માં વ્યસ્ત છે ત્યારે કેટલાક તત્વો લડવા માંથી બાકાત નથી રહેતા તેમ કેવડિયા ની એક મહિલાને ગમેતેમ બોલી બદનામ કરતા ઝપાઝપી બાદ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર કેવડિયા માં રહેતી ફરિયાદી મહિલા રહિશાબાનુ અબ્દુલ રહેમાન પઠાણ (ઉ.વ.૩૭) પોતાના ઘરે જતા હતા તે વખતે નજીકમાં જ રહેતી પાયલ ફુલસિંગ તડવી એ " એક ફુલ ઓર દો માલી" તેમ કહેતા રહીશાબાનું એ મને શા માટે બદનામ કરે છે તેમ જણાવી હુ તારા ઘરમા ખાવા આવતી નથી તેમ કહેતા પાયલ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગી તે વખતે તેની માતા જયોત્સનાબેન તડવી અને પિતા ફુલસિંગ તડવી ઘરમાથી દોડી આવી મહિલા સાથે ઝપાઝપી કરી જયોત્સના એ પથ્થર છુટો મારી આ મહિલા ને માથામાં ઈજા કરી જણાવ્યુ કે તુ અમારા વીરુદ્ધમા પોલીસ ફરીયાદ કેમ નથી આપતી અને પોલીસ અમને કેમ પકડવા આવતી નથી ? આજે તુ બચી ગયેલ છે બીજી વખત એકલી મળીશ તો તારા હાથ પગ તોડી જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપતા રહીશા બાનું એ આ ત્રણેય વિરુદ્ધ કેવડિયા પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી હતી.

લોકડાઉન : જીએમડીસી ગ્રાઉન્ડમાં પાનમસાલા વેચનાર શખ્સ ઝડપાયો

અમદાવાદ

કોરોના વાઈરસને કારણે લોકડાઉન હોવા છતાં વસ્ત્રાપુરમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે લેબર કોલોનીમાં પાન મસાલાનું વેચાણ કરતા ભુરાલાલ પટેલની પોલીસે ધરપકડ કરી હતી. તે સિવાય વસ્ત્રાપુરમાં અલગ-અલગ વિસ્તારમાં લોકડાઉન દરમિયાન કામ વગર બહાર નીકળેલી મહિલા સહિત પાંચ શખ્સોની પોલીસે ધરપકડ કરી હતી.

કહ્યું- ડોક્ટર કહે એમ કરો એટલે કોરોના જતો રહે

સુરતમાં મહિલા અને ડી-માર્ટ કર્મચારી સાજા થતા અપાઈ રજા



સુરત

શહેરમાં એક તરફ પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે ત્યારે સામે પક્ષે પોઝિટિવ દર્દીઓ સાજા પણ થઈ રહ્યા છે. સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ વધુ ૨ દર્દી સજા થઈ ગયા હતા. ફાઈનલ રિપોર્ટ નેગેટિવ આવતા આજે રજા આપવામાં આવી છે. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ગત ૩૧ માર્ચે દાખલ ૨૨ વર્ષીય ડી-માર્ટનો કર્મચારી યુવક અને ૩૬ વર્ષીય મહિલાનો ફાઈનલ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. બંનેએ સિવિલ હોસ્પિટલના તબીબોનો આભારમાની કહ્યું હતું કે,

ડોક્ટર કહે એમ કરો એટલે કોરોના જતો રહે છે. પાંડેસરા ડી-માર્ટના કર્મચારી મંગેશ વિકલ વનારે (ઉ.વ.આ.૨૨, રહે. હરિધામ સોસાયટી, ૧૨૦ ફૂટ બમરોલી રોડનો ૧ એપ્રિલના રોજ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેને ૧૪ દિવસની સારવાર આપીને સિવિલ હોસ્પિટલના દર્દી રિકવર કરવામાં સફળ થયા છે. જ્યારે સુરત જિલ્લાના સુડા આવાસમાં રહેતી નિલમ શર્મા (ઉ.વ. ૩૬, રહે. સચિન સુડા આવાસ)નો પણ ૩૧ માર્ચના રોજ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની પણ ૧૪ દિવસ સારવાર ચાલી હતી. દરમિયાન બંનેના ફાઈનલ રિપોર્ટ નેગેટિવ આવતા આજે બંનેને રજા આપવામાં આવી છે. આ સાથે જ સુરત જિલ્લામાં કુલ રિકવર થનાર પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૦ પર પહોંચી ગઈ છે.

મંગેશ અને નિલમે જણાવ્યું હતું કે, ૧૪ દિવસ સુધી અમે સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી છે. તબીબો અને સ્ટાફ દ્વારા ખૂબ સારી સેવા કરવામાં આવી છે. અમને ડોક્ટર કહેતા તે પ્રમાણે વર્તન કરતાં હતાં. પોઝિટિવ થિંકીંગ ખૂબ જરૂરી છે. તમારે એ રોગને હરાવવા માટે અને શરીરમાં શક્તિ સ્ફૂર્તિ જળવાઈ રહે તે માટે જમવું ખૂબ જરૂરી હોય છે. તબીબોની સલાહ પ્રમાણે દવાઓ લેતા આજે સારૂં થતાં રજા લઈન ઘરે જઈ રહ્યાં છે.